
શ્રી જૈન પાઠશાળા
વાયા - તળાજા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)

૨૯/૪૭૨


ઘેટી પાદુકા

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની ઘેટી પાગ.

કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા

8

વર્ષ ૯ ઓકટોબર ૧૯૫૨ અંક ૮

# કલ્યાણ

સંસ્કાર વાંછુઓનું

# પ્રકાશન:

T.B.

વર્ષ ૯ : ઓકટોબર આસો
અંક ૮ : ૧૯૫૨ ૨૦૦૮

# વિષય દર્શન


| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| જીવનમાં સાદાઇ | શ્રી | ૩૬૫ |
| સંપત્તિ કે આપત્તિ | મુનિરાજશ્રી ભાનુચંદ્રવિજયજી મ. | ૩૬૭ |
| વિવેકનું મહત્વ | મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. | ૩૬૮ |
| દિપોત્સવી પર્વ | શ્રી મનુભાઇ લાલભાઈ શેઠ | ૩૭૦ |
| શ્રી આબુગિરિરાજ | શ્રી શાંતિલાલ ફુલચંદ શાહ | ૩૭૨ |
| જેશીંગ ખોસો | શ્રી પન્નાલાલ જ. મશાલીઆ | ૩૭૫ |
| તહોમતનામું | પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મ. | ૩૭૬ |
| આત્મગૌરવનાં તેજ | શ્રી અનામી | ૩૭૯ |
| આપણું ધ્યેય | શ્રી દલીચંદ ભુદરભાઇ ગાંધી | ૩૮૧ |
| રાષ્ટ્રિય–આંતરરાષ્ટ્રિય | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૩૮૩ |
| મધપુડો | શ્રી મધુકર | ૩૮૫ |
| શંકા–સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૩૮૮ |
| સમયને પ્રમાદ ન કર ! | મુનિરાજશ્રી રોહિતવિજયજી મ. | ૩૯૦ |
| અમે અને તમે | શ્રી સંપાદકીય | ૩૯૧ |
| જીવનના ભોગે | શ્રી કાંતિલાલ ભુદરદાસ શાહ | ૩૯૩ |
| કચરો | મુનિરાજ શ્રી લલિતવિજયજી મ. | ૩૯૫ |
| હું કોણુ ? | ડૉ. વલ્લભદાસ નેણુસીભાઇ | ૩૯૬ |
| સત્ત્વની કસોટી | પૂ. પંન્યાસજી કનકવિજયજી મ. | ૩૯૭ |
| બેટા ! સુખી રહેજે | શ્રી જયકીર્તિ | ૪૦૦ |
| મારા મહાન ઉપકારી | શ્રી સોમચંદ શાહ | ૪૦૫ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૪૦૬ |
| દાનેશ્વરી જગડુશાહ | શ્રી ફુલચંદ હરિચંદ દોશી | ૪૧૩ |
| નવા સભ્યો | કાર્યાલય તરફથી | ૪૧૫ |


જૈનવિધિ પ્રમાણે શારદાપૂજન કરવા માટે મંગાવો !

## શ્રી શારદાપૂજન વિધિ

જેમાં પુરેપુરી ક્રમબદ્ધ વિધિ, ફોટાઓ, છંદ, પ્રભાતિયાં શ્રી નવકારમંત્રનો રાસ વગેરે છતાં મૂલ્ય ૦–૪–૦

સોમચંદ ડી. શાહ પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

## કેટલુંક ઉપયોગી

ગામો ગામના અનેક પ્રકારના સમાચારો અમને ટપાલમાં મળે છે પણ માસિકમાં સમાચારો નિયમીત લેવાતા નથી.

ચાલુ વર્ષની ૬–૭મો સંયુક્ત અંકની જરૂર નહોય તેઓ અમને મોકલી આપવા મહેરબાની કરે !

આફ્રિકા ખાતે શ્રી દામોદરદાસભાઇ આશકરણ, શ્રી ખીમજીભાઈ દેવા અને શ્રી મેઘજીભાઇ ખીમજી વગેરે શુભેચ્છક બંધુઓએ ગ્રાહકો અને સભ્યો વધારવામાં જે સહકાર આપ્યો છે એ બદલ અમે આભારી છીએ.

એ શું કરે ? વિભાગ સ્થળ સંકોચને કારણે રહી જવા પામ્યો છે, તેના વાંચકો અને લેખકો અમને દરગુજર કરે !

અંક ન મળ્યાની ફરીયાદ કેટલીક વખત સમજ્યા વિના થાય છે અને કોઈ વખત સાચી થાય છે તો બહુ મોડી કરવામાં આવે છે. ૨૨ મી તારીખ પછી તુરત જ અંક ન મળ્યો હોય તો જણાવવું જરૂરી છે.

પત્રવ્યવહાર કે મનીઑર્ડર કરતી વખતે ‘ ગ્રાહક નંબર ’ જરૂરથી લખવો.

લેખો મહેરબાની કરીને કાગળની એક જ બાજુ અને ટુંકા અને મુદ્દાસર લખી મોકલવા.

નવા દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ ‘ કલ્યાણ ’ ફ્રી મોકલીશું.

‘કલ્યાણ’ માસિકની બાઇન્ડીંગ કરેલી ફાઇલના રૂા. ૬–૦–૦ સીલ્લીકમાં ગણત્રીની જ નકલો બાકી છે.

વર્ષ ૯;  ઓકટોબર ૧૯૫૨;  અંક ૮.

સ્વાધ્યાય

# જીવનમાં સાદાઈ તથા સાત્ત્વિકતા જોઈશે.——શ્રી.

જીવન પૂરૂં કરી દેવા માટે કે દિવસો ખેંચી કાઢવા માટે જીવનાર માનવ, પોતાનાં જીવનને પુરેપુરૂં સમજ્યો નથી. કાં તો જીવનની કિંમત એને જણાઈ નથી. એમ જ કહેવું જોઇએ. માનવ, એ સંસારના સઘળાયે જીવો કરતાં કાંઇક વિશેષતાવાળો જીવ છે, એનું જીવન બીજા બધાં કરતાં ઉંચું છે, એ વિષે તો બેશક મતભેદ નથી જ. માનવના જીવનમાં બાલ્યકાલ પરાધીન તથા અજ્ઞાનપણે વીતી જાય છે. એની એ માનવને ભાગ્યેજ જાણ હોય છે. છતાં એમાંયે માનવની નિર્દોષ સરળતા તથા હૃદયની સ્વચ્છતા ત્યાં રહેલી જોઇ શકાય છે.

બાલ્યકાલ વીત્યા પછી યુવાન બનેલા માનવમાં અનેક પ્રકારની હવા એનાં જીવનમાં પ્રવેશે છે. સરળતા લગભગ ચાલી જતી આ અવસરે આપણુને દેખાય છે. સ્વચ્છંદતા, ઉદ્ધતાઈ, દંભ, કૃત્રિમતા આદિ દૂષણો આ અવસ્થામાં માનવની અસાવધતા તથા અસંસ્કારિતાનો ગેરલાભ લઇ પ્રાયઃ પગ–પેસારો કરી દે છે. અને આના પરિણામે પ્રૌઢ કે વૃદ્ધ બનવા છતાં એ માનવ, જીવનમાં પ્રવેશી ચૂકેલા આ બધાં અનિષ્ટોની સ્હામે નિરૂપાય બની નીચી મૂંડીએ જીવનને પાયમાલ બનાવી દે છે.

આજે અન્ય જીવો કરતાં એ માનવનો ભાર સંસારમાં વધી રહ્યો છે. માનવનો ત્રાસ, એનાં પાપ, એનાં અન્યાય, જૂઠાણાં તથા દંભોએ પૃથ્વીને ખૂબજ ભારભૂત બનાવી દીધી છે. ઘોર જંગલમાં જંગલીપણે હરતાં ફરતાં ક્રૂર શ્વાપદો, ઝેરી જનાવરો કે હિંસ્રપશુઓ જગતમાં એટલા ભયંકર બની શકયા નથી કે જેટલા જંગલી કામો જીવનમાં નફફટ પણે આચરીને માનવો ત્રાસરૂપ બન્યા છે. તેમાંયે માનવનાં આ બે પાપો મર્યાદાલંઘી ગયા છે. તે છે; વિલાસ અને દંભઃ દંભ, ઘમંડ

ગુમાન કે જાત–મહત્તાનો નશો માનવને બેફામ બનાવે છે. પોતાની જાતને સારી કહેવડાવવા, દેખાડવા માનવ–સંસાર, આજે દિવસ–રાત, કાવા–દાવા, કૂડ અને કપટ સેવી રહ્યો છે. એને સારા બનવા કરતાં સારાં કહેવડાવવામાં જ મજા આવે છે. એને પૈસા પણ એ માટે જોઇએ છે. એના માન, મરતબા, મોભા કે શોભાની ખાતર એને લાખ્ખો જોઇએ છે. અરે કરોડો જોઈએ છે. અને લાખ્ખો ખરચવામાં પણ આ બધાયની ખાતર એ હસતે મોઢે ખરચી કાઢે છે. એમાં એને પોતાની હુશિયારી, બુદ્ધિમત્તા તથા વ્યવહારૂતા જણાય છે.

અને વિલાસ એ તો દંભ, ઘમંડ કે જાતમહત્તાનો સાથીદાર છે. પૈસાનો ઉપયોગ વિલાસની પાછળ કરવામાં એ શરમાતો નથી, જીવનના આ નાટકીવેડાને એ સભ્યતાના શબ્દથી ઓળખાવે છે, આજે જ્યારે બેકારી, આર્થિક ભીંસ કે નાણુંની અછત, તેમ જ બજારોની મંદી ચોમેર બોલાઇ રહી છે, ત્યારે પણ માનવોને પોતાના વિલાસ, વૈભવ, ઠઠારા અને રંગરાગના ધૂમાડાઓ ઓછા કરવા ગમતાં નથી, પરિણામે ગમે ત્યાંથી પૈસા મેળવવાની ચિંતાનો કીડો ચોવીસે કલાક એના મગજમાં સળવળતો રહ્યા જ કરે છે, આમ દંભ અને વિલાસે જીવનમાં અધઃપતનના માર્ગો અનેક રીતે ખુલ્લા કર્યા છે.

આ પરિસ્થિતિ વિષચક્રની જેમ માનવને આંટી રહી છે, જીવનની સ્વસ્થતા, સમાધિ, શાંતિ તથા ઉન્નતિનો સર્વનાશ આ રીતે થતો રહ્યો છે, માટે જ આમાંથી ઉગરવાનો ઉપાય તથા ઉકેલ સર્વકાલને માટે એક જ છે, અને તે એ કે, જીવન સાદું તથા સાત્ત્વિક બનાવવું જોઇએ, માનવે સંયમી બનવાપૂર્વક સાદાઇને જીવનમાં તાણા–વાણાની જેમ વણી દેવી જોઇએ, ખાન–પાન, વ્યવહાર તથા રીતરિવાજ વગેરેમાં ખર્ચાળ નહિ બનતાં આડંબર, દંભ, દેખાવ, મોભા કે શોભાના તોફાનો ઓછા કરી નાંખવા, ખૂબ જ પરિમીત જરૂરીયાતવાળા બનવા માનવે આજથી જ પ્રયત્નમાં લાગી જવું જોઇએ, તો પાપભાવના ઘટશે. અનીતિ, છલ, કૂડ–કપટ ઓછાં થશે, જીવન સંતોષી બનશે, અને આત્માનો ભાર હળવો થશે.

આજના સંસારમાં સુખપૂર્વક સમાધિ તથા સ્વસ્થતાથી જીવન જીવવા, જીવનને ગૌરવપૂર્વક જીવી જાણવા માટે તમારે ફરી–ફરી એટલું સમજી લેવું ઘટે છે કે, આજે જીવનમાં સાદાઇ તથા સાત્ત્વિકતા કેળવવી જોઇશે જ.

# સંપત્તિ કે આપત્તિ

—: પૂ૦ મુનિરાજ શ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજ :—

સંસારમાં વ્યવહારિક રીતે નિર્વાહ કરવાને ધનની જરૂરીઆત છે, પણ તે ધનને એટલું ઉચ્ચ મહત્ત્વ ન અપાવું જોઇએ કે, તે ધન પરમેશ્વરનું સ્થાન લઇ લે.

આજે ઘણાઓ પરમેશ્વર કરતાં પૈસાને પ્રથમ સ્થાન આપે છે, તેમ ઘણી જગ્યાએ જોવામાં આવે છે.

ધનનું ગૌરવ પાંચે પ્રકારના દાન (અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચીતદાન, કીર્તિદાન.) માં વાપરવામાં છે, પણ સંગ્રહમાં નથી.

જે માણસો ધનનો સદ્વ્યય કરતો હશે તે તો સુખી થશે, પણ જે માણસ ધનનો દુર્વ્યય અથવા કંજુસાઇ કરતો હશે, તે દુઃખને પામશે.

ધન માણસને સુખની પ્રાપ્તિ કરાવે છે કે દુઃખની? તો વિચાર કરશો તો જણાશે કે, જે ધન ધર્મ કે પરોપકારના કાર્યમાં ખર્ચાશે તે ધન સુખની પ્રાપ્તિ કરાવશે, અને જે ધન પાપમાર્ગમાં ખર્ચાશે તે ધન દુઃખની પ્રાપ્તિ કરાવશે.

ધનને આત્માના ઉદ્ધાર માટે ખર્ચતા શીખો, પણ ભોગોની પાછળ થતા લાખોના ધૂમાડાને અટકાવો. જો ધન ફક્ત સંગ્રહને માટે જ ઉપાર્જન કરવામાં આવે, તો તે ધન જેમ ઘડામાં ઘણા દિવસનું ભરેલું પાણી ગંધાય છે તેમ માણસના મનને ~~પણ ધન~~ ગંદુ કરી મૂકે છે.

ધનની ઉપર કદાપિ આસક્તિ ન રાખો. યાદ રાખો, ધન કોઇનું થયું નથી, થશે નહિ અને થવાનું પણ નથી, ધન તમને છોડીને ચાલ્યું જાય, તે પહેલાં જ ઉદારતાની સાથે તમારા બંન્ને હાથે અપાય તેટલું આપી દો, કે જેથી જીવનનું સાર્થક થાય ને પરભવનું ભાતું બંધાઇ જાય.

ધન ઉપાર્જન ભલે કરો, પણ ધનનો લોભ ન કરો. લોભ પાપનો બાપ છે, જે માણસના મનમાં ધનનો લોભ જાગે છે, તે માણસ કોઇ પણ પ્રકારના નાના–મોટા પાપથી બચી શકતો નથી.

ધનનું અભિમાન બહુ જ ખરાબ વસ્તુ છે. ધનનો અભિમાની માણસ માતા, પિતા, ગુરૂ અને પરમાત્માનું પણ અપમાન કરતા ચૂકતો નથી. ધનના નશામાં માણસ ન કરવાનાં નાના–મોટાં પાપો કરી નાંખે છે.

જેની પાસે વધારે ધન છે તે વધારે સુખી છે, તેમ આજના જમાનામાં લોકો કહે છે, પણ વાસ્તવિક રીતે તે ખ્યાલ ખોટો છે. સુખી તો તે, કે જેની પાસે **સંતોષ** નામની અભેદ્ય ઢાલ છે માટે જ કહ્યું છે કે, **સંતોષી નર સદા સુખી.**

અલબત્ત, ધન વગરના માણસનું દુઃખનું સ્વરૂપ જુદું છે ને ધનવાન માણસના દુઃખનું સ્વરૂપ જુદું છે.

દુનિયામાં ચંદ્રની માફક શીતલ બનીને જીવો. પણ સૂર્યની માફક ગરમી આપી જીવવાની આશા છોડી દો.

માટે ધનને મોટું અને ખોટું સ્થાન ન આપો "વહેતા જલ નિર્મળા" એ ન્યાયે ધનનો ઉપયોગ સાતે ક્ષેત્રમાં તથા પાંચે પ્રકારના દાનમાં કરો, પણ સંગ્રહ ન કરો. કોઇને દુઃખ આપવામાં કે કોઇને હેરાન કરવામાં જો ધનનો ઉપયોગ થાય તો તો જ્ઞાની ભગવંતો કહે છે કે, તે ધન નરકમાં જવા માટેની નીસરણી છે.

બીજાને દુઃખ આપી અનીતિથી ધન કમાવાની કલ્પના તજો. નીતિનું કમાઓ, નીતિનું

# ✻ વિવેકનું મહત્વ ! ✻

——: પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ :——

આકળના બિંદુનું મૂલ્ય તો કાંઇ નથી પણ એ જ્યારે કમળના પાંદડા પર પડયું હોય છે, ત્યારે તો એ સાચા મોતીની રમ્યતા સર્જતું હોય છે; તેમ વિવેક કરવા જતાં એનું મૂલ્ય કાંઈ નથી બેસતું, પણ વિવેક કરનારનું મૂલ્ય અનેકગણુ વધી જાય છે.

આવનાર માટે બધી સગવડતા સાચવી હોય, દરેક રીતે તૈયારી કરી હોય, કોઇ પણ વસ્તુની જરાય ખામી ન હોય; પણ એમાં જરાક જો વિવેકની ખામી રહી ગઈ ગઇ હોય તો બધી તયારીઓ અને સાચવેલી સગવડો વ્યર્થ જાય છે એમ કોણ નથી જાણતું? છતાં આપણે જોઈશું તો જાણવા મળશે કે, જીવન-પંથના ઘણા ખરા મુસાફરો માત્ર એક વિવેકની ઉણપને લઇને જીવનમાં નિરાશા અનુભવતા હોય છે.

ધાર્મિક ઉત્સવ શું કે આધ્યાત્મિક ચિન્તન શું; સામાજિક પ્રવૃત્તિ શું કે રાષ્ટ્રીય ક્રાન્તિ શું–આ બધી પ્રવૃત્તિઓ વિવેક માંગે છે. વિવેકના અભાવે આ વસ્તુઓ જળ–વિહોણા સરોવર જેવી બની જાય છે. જેને વિવેકનો ચીપીઓ મળી જાય છે, તે ગમે તેવી વસ્તુને પણ એ ચીપીઆથી ઉપાડી સમયને અનુરૂપ બનાવી શકે છે. પણ જેને એ ચીપીઓ મળ્યો નથી, એ ગમે તેટલી પ્રવૃત્તિ કરે પણ એ પરિમલ વિનાના પંકજ જેવી જ ગણાય. વસ્તુ દેખાય ઘણી પણ એમાં સત્ત્વ કાંઇ ન હોય.

એટલે જ વિવેકી માણસો દુનિયામાં ધમાલ ભરેલાં શબ્દો કરતાં અર્થ ભરેલા કાર્ય તરફ વધારે લક્ષ્ય આપતા હોય છે. એ કાર્ય કરતા જાય તેમ એમાંથી સુવાસ પ્રગટતી જાય. અને કાર્યની સુવાસ જ્યારે બોલે છે ત્યારે એની આગળ માણસની વાચા સાવ પામર લાગે છે.

પણ અવિવેકી માણસો તો બોલવાને બહુ મહત્ત્વ આપતા હોય છે. એ તો એમજ માનતા હોય છે, કે બોલવાથી જ આ જગતનો રથ અવિરતપણે ચાલે છે. પણ અર્થહીન અને વિવેકહીન વાચાથી અનર્થની હારમાળા ઉભી થાય છે એ એમના ધ્યાનમાં નથી આવતું.

પણ આજ જ્યારે વિવેકની ચર્ચા ઉપડી છે ત્યારે મુંબઇનો એક પ્રસંગ મને યાદ આવે છે.

નવેક વાગ્યાનો સમય હતો, ગુમાસ્તાધારા પ્રમાણે સમયસર દુકાન બંધ કરી હરિલાલને માથે ચોપડા ઉપડાવી રમણલાલ ઘેર જઇ રહ્યા હતા, એમનું ઘર ત્રીજા ભોઇવાડામાં હતું, એટલે ગલ્લીના વળાંક પાસે જ રસિક-લાલનો ભેટો થયો, રસિકલાલ રમણલાલનો હરીફ હતો, અને એ જરા ગુંડો પણ હતો, એના મનમાં ઘણા વખતની દાઝ હતી, એ

---

ખાવ, સદાચારનું સેવન કરો, દુરાચારને તજો ને આત્માની ઉન્નતિ સાધો.

ચાર દિન આ કુડ કપટના,
કાલે સવારે વહી જશે;
સુખ સંપત્તિ ને સાહ્યબી,
હતી નહોતી થઈ જશે.
બાજી રચેલી આ તરંગની,
મનમાં અધુરી રહી જશે;
યમદુત ગળચી પકડીને,
નિશ્ચય નરકમાં લઇ જશે.

માટેજ દુન્યવી સંપત્તિની મમતા તજો. એ સંપત્તિ તો જીવનને આપત્તિમાં મૂકશે, માટે સદ્ગુણોની સંપત્તિ પ્રાપ્ત થાય એવા ઉપાયોનું અહર્નિશ સેવન કરી જીવતરને સફળ બનાવો.

તક જોતો હતો, લાગ મળે તો અપમાનનો બદલો તમાચાથી વાળવાની એને ધૂન લાગી હતી. આજ પ્રસંગ ઠીક લાગ્યો, માર્ગમાં ખાસ કોઇની અવર-જવર પણ નહોતી, ગલ્લીનો વળાંક હતો, બત્તી જરા દૂર હતી, એટલે એણે લાગ જોઇ રમણલાલને એક ધોલ મારી, એની પાઘડી ધૂળ ભેગી કરી, એ છૂ થઈ ગયો.

રમણલાલ શાણા, ચકોર અને સમયજ્ઞ હતા, એમણે પાછું વાળી જોયું, પણ રસિકલાલ કયારનોય અદશ્ય થઇ ગયો હતો, એટલે કાંઇ પણ બોલ્યા વિના, પાઘડીની ધૂળ ખંખેરી, માથા પર મૂકી, જાણે કાંઇ જ બન્યું નથી એ રીતે આગળ વધ્યા.

હરિલાલ એ રમણલાલનો વફાદાર અને ભલો નોકર હતો, એનાથી આ દશ્ય ન જોવાયું, એને લાગી આવ્યું, પણ પકડનાર કરતાં ભાગનારના પગમાં જોર અને વેગ વધારે હતો, એ પહોંચી ન શકયો એટલે બબડવા લાગ્યોઃ "અરે, અરે, આણે શેઠની ઈજ્જત લીધી! શેઠનું અપમાન કર્યું! નીચ-બદમાશે શેઠની પાઘડી ધૂળભેગી કરી!"

મકાનમાં પેસતાં જ સામે રામો મળ્યો, "અરે! રામા! પેલા નાલાયક રસિકે શેઠને તમાચો માર્યો, શેઠની પાઘડી ધૂળભેગી કરી, શેઠની ઇજ્જત લીધી." રામાના ખભાને ઢંઢોળતાં હરિલાલે કહ્યું. આ જ વાત રસોયાને કહી, અને પછી બીજાઓને ભેગા કરી આ જ વાતનું પારાયણ એ કરવા લાગ્યોઃ "તમાચો મારી, શેઠની ઇજ્જત લીધી."

સૌની આગળ આ પ્રસંગને રસપૂર્વક વર્ણવતો હરિલાલ પોતાના મનમાં પોતાની વફાદારી પર અને પોતાની આવડત પર મલકાતો હતો, પણ વિવેકહીન વાચાથી કેટલું નુકશાન થાય છે, એ એને સમજાતું નહોતું. અવિવેકીની વિશેષતા જ એ કે, એ પોતાના અજ્ઞાન ઉપર પણ જ્ઞાનની છાપ મારી, એનું પ્રદર્શન ભરે.

રમણલાલે હરિલાલને ખૂણામાં લઇ જઇ કહ્યું: "અરે મૂર્ખ! ઈજ્જત એણે નથી લીધી, પણ ઇજ્જત તો તેં લીધી. ગલ્લીમાં તમાચો માર્યો, એ તો હું અને એ જ જાણીએ. પણ ગમાર! તેં તો એ ગુપ્ત વાતની સૌને ખબર આપી. આ વાત કોઇ નહોતુ જાણતું, તેં સૌને જણાવી. એટલે ઇજ્જત એનાથી નથી ગઈ, પણ તારાથી ગઇ! વિવેકવિહોણા તારા જેવા મૂર્ખા ભલાઇને નામે બૂરાઇ કરે, સારાના નામે ખરાબ કરે, ધોળાના નામે કાળું કરે!

---

# દિપોત્સવી એટલે ?

**દિપોત્સવી** એટલે શ્રી મહાવીર ભગવંતનો નિર્વાણદિન, અને ગૌતમસ્વામીનો કેવળજ્ઞાનપ્રાપ્તિદિન.

**દિપોત્સવી** એટલે આપણા જીવનમાં શ્રી મહાવીર પ્રભુના જીવનના આદર્શ ચરિત્રમાંથી કાંઈ પણ આદર્શ વિચારી આચરણમાં મૂકવાનો સુઅવસર.

**દિપોત્સવી** એટલે અહિંસાના સ્વરૂપને સમજી હિંસાને અટકાવી અહિંસાના પ્રચાર માટેનો પવિત્ર દિવસ.

**દિપોત્સવી** એટલે સમાજની થતી બેહાલ દશા સુધારવાનો અનુકૂળ સમય.

**દિપોત્સવી** એટલે વિદ્યાર્થીને પોતાના જીવનને સુસંસ્કારી બનાવવાનો, અને જ્ઞાનદીપક પ્રગટાવવાનો પવિત્ર દિવસ.

—શ્રી હેમચંદ ન્યાલચંદ વોરા

# દિપોત્સવી પર્વ અને આપણું કર્તવ્ય

શ્રી મનુભાઈ લાલભાઈ શેઠ

ભારતમાં આજે દીપમાલિકાનું સારામાં સારૂં મંગળ પર્વ ગણાય છે, દરેક દેશમાં આ પર્વ ઘણા આનંદ અને ઉત્સાહથી મનાવવામાં આવે છે, દિવાળી એ એક જ એવું પર્વ છે, જે સર્વ ધર્મવાળા સાથે ઉજવે છે, સર્વ ધર્મ અને સર્વ જાતિઓનાં સંમેલન જેવું આ પર્વ છે.

પરદુ:ખભંજન મહારાજા વિક્રમના જીવનનો એક પ્રસંગ પણ દિવાળી સાથે સંકળાયેલો છે, ગરીબ પ્રજા શાહુકારોના દેવા નીચે ખૂબ કચડાયેલી હતી. શાહુકારોએ ખેડૂતની જમીનો દેવા પેટે રાખી લીધી, ખેડૂતો પણ ખૂબ મૂંઝાતા હતા, વ્યાજખાઉ શાહુકારો ચક્રવર્તી વ્યાજ ચડાવી પ્રજાને ઋણમુક્ત થવા દેતા ન હતા, આવી સ્થિતિમાં મહારાજા વિક્રમે દિવાળીને દિવસે જનતાનું તમામ દેવું ચૂકવી દઇ પ્રજાને ઋણમુક્ત બનાવી, શાહુકારોના તમામ જુના ચોપડા લઇ લીધા, અને શાહુકારોએ નવા વર્ષને દિવસે નવા ચોપડા શરૂ કર્યા, ત્યારથી બેસતા વર્ષને દિવસે નવા ચોપડા લખવાનો રિવાજ શરૂ થયો છે. દરેક માણસ નવા ચોપડા લખતી વખતે પ્રથમ ચોપડામાં **શ્રી ૧। લખીને** નીચે ધન્ના–શાલિભદ્રજીની ઋદ્ધિ–સિદ્ધિ હજો, અભયકુમારની બુદ્ધિ હજો, એવું ચોપડામાં પ્રથમ શુભશુકન ગણીને લખે છે, પણ કોઇ એમ લખે છે કે, ધન્ના–શાલિભદ્રજી અને અભયકુમાર જેવા મહાપુરૂષો થઇ ગયા તેની રહેણી–કહેણી હજો. આજે આપણે ભગવાનની પાસે મહાપુરૂષોના જેટલી ઋદ્ધિ–સિદ્ધિ માગીએ છીએ, પણ તેના જેવું વર્તન માગતા નથી. આજે તો સાપ ગયા ને લીસોટા રહી ગયા. દેવું ચૂકવનાર કોઈ નથી, અને નવા ચોપડા શરૂ કરીને મંગળ મનાવવાની ઈચ્છા રાખે તે કયાંથી બને ?

આજે બાહ્ય જગતનો પ્રકાશ વધતો જાય છે. જુના જમાનામાં માણસો કોડીયા સળગાવીને રાતે કામ કરતા હતા, પછી કોડીયાનું સ્થાન ફાનસે લીધું અને પ્રકાશનું પ્રમાણ વધ્યું; ફાનસ ગયું અને ત્યારબાદ ગેસના દીવાઓ વધારે પ્રકાશ આપવા લાગ્યા. વિજળીના દીવાઓ આજે સર્વત્ર દેખાય છે, અને "ટયુબ લાઇટો" તો રાત્રે પણ દિવસનું ભાન કરાવી રહેલ છે. આ રીતે ઉત્તરોત્તર બાહ્ય જગતનો પ્રકાશ વધતો જાય છે, બહારના દીવડાઓને બદલે અંતરનો દીવડો આજે પ્રગટવો જોઇએ. આજના દિવસે યથાશક્તિ જ્ઞાનદાન કરી પૂર્વ સફળ બનાવવું જોઇએ. આંધળાને આંખો આપવી એ પુણ્યકાર્ય મનાય છે, વા અજ્ઞાનીને જ્ઞાન આપી અંતર્ચક્ષુ આપવા એ તેથીયે વધુ મહાન પુણ્યનું કાર્ય મનાવું જોઇએ, સમસ્ત વિશ્વ પ્રકાશનું ઉપાસક છે, દિવાળીનું પર્વ પણ પ્રકાશની ઉપાસનાનું જ છે, દીવાળીના દિવસોમાં લોકો ઘરને અવનવા રંગોથી રંગે છે, ઘરને રંગવા

કરતાં હૃદયને દયા, પ્રેમ, મૈત્રિ આદિના વિવિધ રંગોથી રંગવું જોઇએ, દીવાળીમાં મિષ્ટાન્ન તમો ખાઓ છો; જીભને પણ મીઠી બનાવો છો ખરા ? જીભથી એક પણ કડવું વચન ન નીકળે તેની સાવધાની રાખવી જોઇએ, બહેનો વસ્ત્રાભૂષણ સજી દેહને સુશોભિત કરે છે. પરંતુ શીલ, સંતોષ અને સેવાના આભૂષણોથી હૃદયને સુશોભિત બનાવવું એ વધારે સારૂં છે.

દિવાળી અગાઉ મહિનાથી બ્હેનો ઘર સાફસુફ કરવા લાગી જાય છે; વાસણો માંજી નાંખે છે; બાવા–કચરા વાળી–ઝુડીને સાફ કરે છે; આ મુજબ હૃદયનો કચરો પણ સાફ કરવો જોઇએ. એક બીજા સાથેના વેર–ઝેર, અબોલા, ઈર્ષા, અદેખાઈ વિગેરે હૃદયમાં લટકતાં બાવા–કચરા છે; બાહ્ય ગંદકી સાફ કરવાની સાથે અંતરની ગંદકી પણ આજે સાફ કરી નાંખવી જોઇએ. આ ગંદકીના નર્કાસુરનો નાશ કરવામાંજ દિવાળીની સાચી ઉજવણી રહેલી છે. આજના પર્વને સફળ બનાવવું હોય તો ગૌતમસ્વામીને પગલે ચાલી, અનાવશ્યક વિલાસી વસ્તુઓનો મોહ તજી સાદી જીંદગી સ્વીકારવી જોઇએ; પણ આજે તો તેથી વિપરીત સ્થિતિ જણાય છે. અન્ય દિવસોમાં સીનેમા નાટક ન જોવા જનારાઓ પણ દિવાળીને દિવસે સીનેમા જોવા જાય છે. ગૌતમસ્વામીનું અનુકરણ કરી મોહ ઉપર વિજય મેળવી, સાદગીથી મનાવવાના આ પર્વમાં આવો વિલાસ આ પવિત્ર પર્વને અપવિત્ર બનાવે છે.

આજના દિવસે મહાવીર નિર્વાણ પામ્યા હતા; તેથી આપણે આજના દિવસને મહાન પવિત્ર દિવસ લેખીએ છીએ. અઢાર દેશના રાજાઓ અને બીજા અનેક ભવ્ય આત્માઓ છઠ્ઠ પૌષધ વગેરે કરીને આ દિવસે ભગવાનની અમૃતમય ધર્મ દેશનાનું શ્રવણ કરી રહ્યા હતા. ભગવાનના મુખારવિંદમાંથી ઝરતું મોક્ષનું પાથેય અને જીવનનું પરમ રહસ્ય શ્રવણ કરવા માટે જે ભાગ્યશાળી બન્યા હશે તેમનું જીવન ધન્ય બની ગયું. આજે આપણી સમક્ષ ભગવાન તો નથી, પણ તેમની અંતિમ દેશના આપણી પાસે છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ ભગવાનનો અંતિમ સમયનો ઉપદેશ છે. આજે ભગવાનની તે પવિત્ર વાણીને આપણે ફરીથી યાદ કરવી જોઇએ અને તેમણે ઉપદેશેલા સિદ્ધાંતોનો અમલ કરવા માટે પ્રયાસ કરવો જોઇએ. આ દિવસે ગૌતમસ્વામીને કૈવલ્ય પ્રાપ્ત થયું હતું. ગૌતમસ્વામીએ મોહ પર વિજય મેળવી. મોહાંધકારને દૂર કરી જ્ઞાન પ્રકાશ મેળવ્યો, તેથી આજે હર્ષનો દિવસ છે. લોકો આજે બાહ્ય અંધકારને દૂર કરવા માટે સેંકડો દીવાઓ પ્રગટાવશે. મુંબઇ નગરી પર આજે રોશનીના મોઝા ફરી વળશે. લોકો આ રોશની માટે આજે સેંકડો રૂપીઆ ખરચી નાંખશે, પણ જરા વિચાર કરો કે, ગૌતમસ્વામીએ આજના દિવસે જે પ્રકાશ મેળવ્યો હતો, તે આ રીતે તેલના અને વિજળીના દીવામાં કરોડો રૂપીયા ખર્ચવા છતાં કોઇને મળી શકે ખરો ? આ બાહ્ય પ્રકાશથી અંતરનો અંધકાર નાશ પામે ખરો ? અંતરનું તિમિર તો ગૌતમસ્વામીને પગલે ચાલવાથીજ દૂર થઈ શકે. દિવાળીની સાચી ઉજવણી તેલ અને વિજળીના દીવાઓ પ્રગટાવવામાં નહિં, પણ અંતરજ્યોતિ પ્રગટાવવામાં છે. ગૌતમસ્વામીનું જીવન કહે છે કે મોહને દૂર કરવાથી અંતરજ્યોતિ પ્રગટે છે.

# શ્રી આબુ ગિરિરાજના પ્રવાસે

શ્રી શાંતિલાલ ફુલચંદ શાહ:-કડી.

વસુંધરા ધીમે ધીમે ગરમ થતી હતી, અમારી કાયામાંથી ગરમ પાણીની વરાળો છુટતી હતી, એવે સમયે બપોરના અઢી વાગ્યાના સુમારે અમારી મંડળી ખરેડી સ્ટેશને આવી પહોંચી.

આજે આબુ આવી પહોંચ્યા, જોવાલાયક સ્થળો જોયાં, પણ તે પહેલાં સનસેટ પોઈન્ટ દેલવાડાના જૈન દહેરાસરોની કોતરણી, કુંભારીયાની શિલ્પકળા અને જે કુદરતી દશ્યો નિહાળ્યાં, તેનું વર્ણન કેવી રીતે કરવું ? પર્વત પર ઉભા રહીને ઉપર શ્વેત અનંત આકાશ, વૃક્ષ પર પંખીઓનું કલગાન, નીચે પૃથ્વી અને ચારે દિશાઓમાં પ્રસરી રહેલી વનશ્રી !

સ્ટેશને મોટર આવી પહોંચી કે તરત જ ૧૪ માઇલની મુસાફરી કરી, અમે અંબાજી નિર્ભય પહોંચી ગયા. આરામ કર્યો, આરામ કર્યા બાદ ગહ્વરવાળી લોજમાં અમે ભોજન કર્યું, સંધ્યાનો સમય થયેલો હોવાથી અમારી મંડળીએ પગપાળા કુંભારીયા પ્રતિ પ્રયાણ કર્યું, રાત્રીનો સમય હોવાથી કુદરતી સૌંદર્ય ભવ્ય લાગતું હતું. ગેલ સાથે અમે કુંભારીયા પહોંચ્યા. રાત્રી હોવાથી શયન કર્યું. બીજે દિવસે પ્રભાતે પાંચ વાગે કોટેશ્વર તરફ પ્રયાણ કર્યું.

તે જોવાલાયક સ્થળ છે, સરસ્વતિ સરિતાનું મૂળ કોટેશ્વરમાં છે, વળી તે નદીનું જળ ત્યાં જ ભેગું થાય છે. અમે કુંડમાં સ્નાન કર્યું, પ્રભાતનો સમય હોવાથી નાસ્તો–પાણી અમે કોટેશ્વરમાં જ કર્યું. વાલ્મિકિ આશ્રમ, વાલ્મિકિગુફા, કોટેશ્વર મહાદેવ વગેરે જોઇને કુંભારીયા તરફ પાછા આવ્યા.

કુંભારીયા આપણું યાત્રાનું પવિત્ર ધામ છે, તેના જિનાલયોની કોતરણી ભવ્ય છે, આપણા પાંચ જિનાલયો છે, અને એક ધર્મશાળા છે. જિનાલયોમાં ભગવાનના સિંહાસનો ખાલી છે, તેના વિષે એમ જાણવા મળે છે કે, "મુસલમાન બાદશાહે ચઢાઇ કરીને બધી મૂર્તિઓનું ખંડન કર્યું હતું. અને જે હાલ છે તે તો ૫૦૦ વર્ષ પહેલાંની છે."

કુંભારીયાથી પગપાળા અમે અંબાજી તરફ પ્રયાણ કર્યું. ત્યાં બધું જોયું, જાણ્યું, અને જમીને અમે મોટરમાં આબુરોડ પાછા ફર્યા.

સ્ટેશનનું નામ આબુરોડ છે, પણ ગામનું નામ ખરેડી છે. ખરેડીમાં ધર્મશાળાઓ પુષ્કળ છે, તેમાં સેંકડો પ્રવાસીઓને ઉતારાની સારી સગવડ મળે છે. ખરેડીથી આબુ જવા માટે મોટર મળે છે, એ રસ્તો લગભગ અઢાર માઇલનો છે, અમે મોટરમાં પ્રયાણ કર્યું.

રાત પડતાં ચંદ્ર ઉગ્યો તેથી પહાડનું સૌંદર્ય ખીલી ઉઠયું, અમે ઉપર નજર ફેંકી ઉંચી કરાડો જણાઇ, નીચે નજર ફેંકી તો ઉંડી ખીણો દેખાઇ, બન્ને બાજુનો દેખાવ રમણીય હતો. અમે આનંદ સાથે માઉન્ટ આબુ આવી પહોંચ્યા, અમે નાની હિન્દુ લોજમાં સરસામાન મૂકીને સનસેટ પોઇન્ટ જોવા ગયા.

આ જગ્યા આબુની પશ્ચિમ દિશા તરફ આવેલી છે, અને ત્યાંથી સૂર્યાસ્તનો દેખાવ ઘણો મનોહર લાગે છે, માટે તે 'સનસેટ પોઇન્ટ' કહેવાય છે.

આબુ ઉપર નખી તળાવ નામનું મોટું તળાવ છે, ચારે બાજુ ટેકરીઓથી વીંટળાયેલા નખી તળાવમાં નિર્મળ જળ ભર્યું હતું,

અમને તેમાં નહાવા-ધોવાની ખૂબ મજા પડી, ચાલતી હોડીઓ અમે જોઇ, સૂર્યાસ્ત આરંભે મોટરમાં દેલવાડા તરફ પ્રયાણ કર્યું, નવ વાગી ગયા હોવાથી ગાદલાં લાવીને નિદ્રાદેવીને ખોળે પોઢ્યા.

બીજે દિવસે પ્રભાતના આરંભે નાસ્તો-પાણી પતાવ્યા બાદ પગપાળા અચળગઢ આનંદ સાથે પહોંચ્યા, ત્યાં કુદરતી જ ડુંગરોનો ગઢ છે, ભીમની મોચ, પરમાર રાજાનો મહેલ, ભરથરીની ગુફા, હસ્તમાં તીર-કામઠાવાળી અર્જુનની ખંડિત મૂર્તિ વગેરે જોયું; ત્યારબાદ બદ્રી કેદારનાથ, ચામુંડાદેવી, કોટેશ્વર મહાદેવ, નવગ્રહદેવી, મીરાંની દેરી, પરમારગઢ, હનુમાનની દેરી વગેરે જોયું.

અમે ઉપર ગયા, ત્યાં કુંથુનાથ પ્રભુનું દહેરાસર છે, તેની ઉપર પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર પ્રભુનું દહેરાસર છે. કેવું જાદુઇ દર્શન! દહેરાસરની નિર્વિકાર, નીરવ શાંતિમાં ભીંતો ઉપર અંકાયેલાં ચિત્રપટો સજીવન થઇ રહ્યાં હતાં. અમને વિચાર થયો. પાંચ સો વર્ષથી દોરેલા ચિત્રો અને તીર્થંકરોનાં જીવનચરિત્રો આજે ભારતીય જૈન કલાનું સાચું જ્ઞાન કરાવે છે. તેના ઉપરના માળમાં મૂળનાયક ૨૩ માં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ છે.

તેનાથી આગળ વધતાં શ્રાવણ-ભાદરવો નામના કુંડ આવે છે. તેના વિષે એમ કહેવાય છે કે "મીરાં અહીંયા સ્નાન કરવા આવ્યા હતા" તેનાથી ઉપર ગોપીચંદની ગુફા, નીચે આવ્યા એટલે શાન્તિનાથ પ્રભુનું દહેરાસર જોયું. ત્યાંથી ગુરુશિખર ગયા. તેના લગભગ સાડા સાતસો પગથિયા છે. ત્યાંથી મોટરમાં દેલવાડા અમે અમારા રહેઠાણે પાછા ફર્યા.

દેલવાડામાં સ્નાન કરીને જિનેશ્વરભગવંતની ભાવપૂર્વક પૂજા કરી. પછી પાંચ પાંડવોની ગુફા, અલ્વર પેલેસ, બીકાનેર મહારાજનો મહેલ. અને છેવટે અર્બુદાદેવીએ આવ્યા

આ દેવી અધ્ધરદેવી પણ કહેવાય છે, સામેજ ઊંચી ટેકરી ઉપર આ મંદિર આવેલું છે. અર્બુદાદેવી ચડવા માટે ૪૬૦ પગથિયાં છે. ટેકરી ઉપરથી આબુનો દેખાવ મનોહર લાગે છે. અમૃતકુંડ, નીલકંઠ મહાદેવ અને અર્બુદાદેવીનાં દર્શન કરીને દેલવાડા પાછા આવી પહોંચ્યા. રાત્રિ હોવાથી નિદ્રાદેવીના શરણે પોઢયા.

બીજે દિવસે સૂર્યના આરંભકાલે દેલવાડાનાં દહેરાસરનાં દર્શન કરવા ગયા. તે ચૈત્યો ગુજરાતના રાજા ભીમદેવના મંત્રી વિમળશાહે ઇ. સ. ૧૦૩૨ ના અરસામાં કરોડો રૂપિયા જેટલું દ્રવ્ય ખર્ચીને બંધાવેલાં છે. એની કારીગરીની અને શોભાની હિંદુસ્તાનમાં જોડ નથી. આ દહેરાંની શિલ્પકળા જોઇને દેશ-વિદેશના પ્રવાસીઓ ચકિત થાય છે. અમો શા માટે ચકિત ના થઇએ?

શ્રી નેમનાથ પ્રભુનું ચૈત્ય રાજા વીરધવળના વીશા પોરવાડ જૈન મંત્રી વસ્તુપાલે વિક્રમ સંવત ૧૨૮૭માં બંધાવેલ. તેની કિંમત રૂા. ૧૨૫૩૦૦૦૦૦ થયેલા છે. કોતરણી ભવ્ય છે, બારણાની જમણી બાજુ પર જેઠાણીનો અને ડાબી બાજુ પર દેરાણીનો ગોખલો છે. વળી બાજુમાં બાવન જિનાલય ચૈત્ય છે.

વસ્તુપાળ-તેજપાળની હસ્તિશાળા લાંબી છે. કુલ ૧૦ હાથી છે, તેના પર ખંડિત બેઠકો છે. મધ્યમાં ભગવાનની મોટી પ્રતિમા અને સામે સ્તંભ છે. તેના ત્રણ વિભાગ છે, પહેલા બે વિભાગમાં ચૌમુખજી નીચે કાઉસ્સગીયા છે.

વિમલશાહની હસ્તિશાળાના બારણામાં પેસતાં ઘોડા પર તેમની [વિમળશાહની] સ્વારી છે, પાછળ છત્રધારી ઉભો છે, તેની પાછળ

ભગવાનનું સમવસરણ છે, તેની ઉપર ઝીણી પણ ભવ્ય કોતરણી છે.

શ્રી આદીશ્વર ભગવાનના દહેરાસરની પાછળ અબાજીનું મંદિર છે, દેલવાડાથી મોટરમાં અમે માઉન્ટ આબુ આવ્યા, ત્યાં અમે રઘુનાથનું મંદિર, ટોકરોક, નનરોક, વગેરે જોયા બાદ અમારા મુકામે અમે પાછા ફર્યા.

આવતી કાલે અહીંથી પાછા ફરવાનું છે, અમારો પ્રવાસ પૂર્ણ થાય છે, નમસ્કાર ગિરિરાજ શ્રી અર્બુદાચલ ! તીર્થમુકુટ શ્રી આદીશ્વર ભગવાન ! ધર્મ અને સંઘના, મહાજનોના અને સકલ સંઘના, તત્ત્વજ્ઞાન, ધર્મ અને કલાનાં પૂનિત તીર્થસ્થાન ! તને અમારા વંદન હો. તારા પાષાણનાં સ્થાપત્યોએ અને મૂક ચિત્રોએ અમને ભૂતકાળમાં વિલીન કોઇ દિવ્ય સૃષ્ટિનું દર્શન કરાવ્યું છે, તે બદલ તારો કેટલો ઉપકાર માનું ? માનવ વ્યક્તિ અને પ્રજાઓની ચડતી-પડતી તો આપણા સંસારનો અબાધિત નિયમ છે. પ્રાપ્ત કરેલ ઐહિક સુખસામગ્રીઓ પદાર્થના સમૂહ અને દ્રવ્યના ઢગલાઓ જગતમાં સ્થાયી નથી, પણ માનવના અંતરમાં જે ઉચ્ચ આદર્શો, જે ભાવનાઓ, જે લાગણીઓ જાગે છે અને તેમની સિદ્ધિ માટે જે સમર્થ પ્રયત્નો તેઓએ આદર્યા છે, તે જ્યાં હોય ત્યાં પૂજનીય અને વંદનીય છે.

ભારતીય માનવની જૈન કળાનું સાચું ભાન કરાવવાર ધર્મ-યુગના ઉન્નત સ્વપ્નને મૂર્ત સ્વરૂપે પ્રગટ કરનાર શ્રી આબુગિરિરાજ ! તારા વડે ભારતીય જૈન સંસ્કૃતિના કેન્દ્રનું આજે પણ અમને સચોટ ભાન તું કરાવે છે. આજે પણ અમને માનવતાનાં વધારે ઉન્નત ગિરિશૃંગો પ્રત્યે તું પ્રેરે છે. તને અમારા નમસ્કાર હો !

# શબ્દોની પલટાતી વ્યાખ્યાઓ

શ્રી એન. બી. શાહ

**સેવાઃ**-અધિકાર ભોગવવો અને પોતાના ઘરને સાજું બનાવી લેવું.

**સુધારોઃ**-પરદેશીનું આંધળું અનુકરણ.

**પ્રજાતંત્રઃ**-એક પક્ષી એકહથ્થુ રાજ્ય.

**પરમીટઃ**-કુમાર્ગે નાણા પેદા કરવાની છુટ.

**પ્રધાનઃ**-ઉપદેશક-ઉદ્ઘાટનવિધિઓ કરનાર, સરકારના પૈસે મુસાફરીની મોજ માણનાર એક જવાબદાર વ્યક્તિ.

**કંટ્રોલઃ**-સસ્તી વસ્તુને મોંઘી કરનાર, અને મળતી વસ્તુઓને અદ્રશ્ય બનાવનાર જાદુગર.

**કોન્ફરન્સડેલીગેટઃ**-સમાજના પૈસે મોજ માણવા અધિવેશનોમાં હાજરી આપનાર ખુશામતીયા.

**લાઇસન્સઃ**-નાના વેપારી પાસેથી ધંધો ખૂંચવી બેકાર બનાવનાર ડાકુ.

**સહકારી મંડળીઃ**-મંડળીના કાર્યકર્તાઓ અને સગાવ્હાલાઓને લાભ કરાવનારૂં મંડળ.

**એલચી ખાતુંઃ**-પરદેશમાં દેશની ખોટી મોટાઇ બતાવી દેશને ખોટા ખર્ચામાં ઉતારનાર ખાતું.

**ચૂંટણીઃ**-બળીયાના બે ભાગની પધ્ધતિ બતાવનારૂં યંત્ર.

**સ્વરાજ્યઃ**-દેશનેતાઓને માટે આવેલો સુવર્ણ યુગ.

**આઝાદીઃ**-કોંગ્રેસના માણસોની આબાદી અને મધ્યમ માણસોની બરબાદી.

# જેસીંગ ખોસો

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

માલને રડશો નહિ, મિલ્કતને રડશો નહિ, મોટી મહેલાતોની વાંચ્છા કરશો નહિ.
ફક્ત ખમીરને પાછું મેળવો, જૈન સંઘની એજ એક માત્ર સાચી મિલ્કત છે.

"આ જેસીંગથી તો ભારે તોબાહ!"

"કેમ?"

"છોકરાઓને તો દીઠાં છોડતો નથી. મોહનની ટોપી ફાડી નાખી, રૂપશીના દીકરાને પાણો માર્યો, ઝેણીના ભુરીઆનો હાથ ભાંગી નાખ્યો, મોઇ પડાવી લીધી એમાં તો હરકોર ડોશીનાં પાણીનાં ઠામ બધાં ફોડી નાખ્યા. હાય, આ તે છોકરો કે જમ?" ચંચળે વરાળ કાઢી.

"દિવસ ઉગે, એમ એનું જોર વધે જાય છે." મેનાએ ટાપશી પુરી.

"જોયું કે?"

"શું?"

"આ જેસીંગો મારાં પગરખાં ઉપાડી ગયો." ઘરડા રામચંદ કાકાએ જીવી ડોશીને કહ્યું, આ છોકરો આજ દિવસો થયાં મારી પાછળ અડયો ને અડયોજ રહે છે!"

"તે તમે એને કંઇ કીધું હશે?"

"ના રે, બાપ! ઇ જમને વતાવી રહેવું કયાં? ઉલટું આ ઘરડા ડોસાને "ટચરો" કહી રોજ સતાવે છે. કાલે જરા કીધું કે 'બાપ, વૃધ્ધની મશ્કરી રહેવા દે' બસ થઇ રહ્યું, લાગ મળ્યે કે આજ નવાં ને નવાં પગરખાં ઉપાડી ગયો હે, પરભુ! હવે તો કોય આ સેતાનના માથાનું મળો!" ડોસો ગળગળો થઇ બોલ્યો.

પણ નાનપણનો આ તોફાની છોકરો જૈનમુનિ રવિસાગરજી મહારાજના ટચમાં આવતાં સુધરી ગયો. ઉપરાંત, શુધ્ધ સુવર્ણના રૂપમાં ઝળઝળી ઉઠયો.

ઉમર વધતાં તો એ ખાસ્સો મઝાનો પહેલવાન બની ગયો. એનો કદ્દાવર દેહ, મોટી આંખો અને તેજસ્વી મ્હોં ભલભલાને ડારી દેતા.

પછી તો એના હાથે જનસેવાનાં અનેક કાર્યો થવા લાગ્યાં, એનું એક પરાક્રમ તો આપણે કલ્યાણના ગયા અંકમાં જોઇ આવ્યા, આજે બીજું.

[ ૨ ]

પવન જોરથી ફુંકાઇ રહ્યો છે. હાડકાં હચમચાવી મૂકે એવી ઠંડી છે. એવી ઠંડીમાં આ જેસીંગ ખભે કડીયાળી ડાંગ નાખી કયાંક જઇ રહ્યો છે, ક્યાં જતો હશે?

માગશર વદ ૯ નો દિવસ છે. શિયાળાની કડકડતી ઠંડી પડી રહી છે. એવી ઠંડીમાં ય હુંફાળી પથારી છોડી આ હિંમતબાજ જવાન શંખેશ્વરની જાત્રાએ નીકળી પડયો છે.

આવતી કાલે તો ભગવાનનો જન્મ દિવસ છે.

ચાલતાં ચાલતાં જવાન ખારી ઉતરી, દુઝણું તલાવડીની ઘટા પાસે આવી પહોંચ્યો. જવાને વિચાર કર્યો, સાંઝ પડવા આવી છે, સૂર્ય મહારાજ અસ્ત થવાની તૈયારીમાં છે, તો અહીંજ ભાતું ખાઈ પછી આગળ જાઉં.

જવાને ભાતું છોડયું ને ખાવા બેઠો.

આ શું? પાસે ઘટામાં ધીમો ગણગણાટ થતો હોય એમ જણાયું.

શાનો હશે અવાજ? જવાને કાન સરવા કર્યા.

"એ...મા...મરી ગઇ!" કોઈ સ્ત્રી રડતી હોય, રડતાં રડતાં કરગરતી હોય એમ લાગ્યું.

જેસીંગ ઉભો થઇ ગયો. પલનો ય વિચાર કર્યા વિના ઝાડી તરફ દોડયો.

એવો દોડયો કે ન પૂછો વાત!

જવાન તો ઘટામાં પહોંચી ગયો. જોતાંજ એની આંખો ફાટી ગઇ. ચાર પાંચ હરામખોરો એક સ્ત્રી અને એક પુરુષને ઘેરી વળ્યા છે. હાથમાં જાળાના લીલા મજબૂત ધોકા અને કુહાડી છે. ગાડીવાળો ગાડી છોડીને ધ્રુજતો દૂર ઉભો છે.

પાસે દાગીનાનો ઢગ પડ્યો છે. બાઇના પગમાં ચાંદીના કડલાં છે. હજુ એ નીકળતાં નથી, એથી રહી ગયાં લાગે છે. ચોર લોકો એ કાઢી લેવા મથી રહ્યા છે.

બાઇ કરગરે છે, પણ હરામખોરો પગ ભાંગીને ય એ લઇ જવાની ઉમ્મીદ સેવી રહ્યા છે.

પુરુષ આંખો ફાડીને જોઈ રહ્યો છે. એના તો હાજાંજ ગગડી ગયાં છે.

જે પુરુષ સ્રીનું રક્ષણુ કરી શકે નહિ, એને પરણુવાનો કશોજ અધિકાર નથી, હક્ક નથી.

ચોર કહે, "કડલાં નીકળવાનાં નથી. પગ કાપી નાંખેજ છુટકો થવાનો છે. ઘણીવાર થઇ ગઈ."

બાઈ આંસુ નીતરતી આંખે કહે છે, ના ભાઇ, ના, પગ તે કપાતો હશે, મારા વીરા!

ચોર કહે, કપાય તો યે કાપશું ને નહિ કપાય તો યે કાપશું કંઇ કડલાં જવા દેવાશે!

પુરુષ કહે, બાપુ! અમે જાત્રાળું છીએ, શંખેશ્વર-દાદાની જાત્રાએ જઇએ છીએ. તમારે જોઇએ તે લ્યો, પણુ અમને જીવતા જવા દો. અમારે બીજું કાંઇ જોતું નથી.

બાઇ પગમાં પડે છે, કોઇ રીતે મને બચાવો.

જેસીંગ આવતાં વેંતજ ગરજી ઉઠયો, કયાં છે ઇ સુવ્વરની જણીના? મારા હાળા જાતરાળુને ય હખ થવા દેતા નથી." એની આંખો સખ્તાઇથી ખેંચાતી હતી.

જેસીંગને જોઇ બધાને નવાઇ લાગી.

ચોર કહે, "વાહ! વળી કયાંથી આવ્યો? જા હાલ્યો જા, નીકર વગર–મોતે મરવું પડશે."

જેસીંગ કહે, "આ ખાંપણુ તો સાથેજ રાખી છે. પણુ તમારા જેવા કાળા મોંના કુતરાઓને માર્યા વગર કદી મરવાનો નથી."

ચોર કહે, "વાણિયા! બોલવું સહેલું છે, પણુ ધોકાઓની તડી પડશે ત્યારે ખબર લેવાશે! નાહક બાપડી બાઇડીનો ચૂડલો નંદાવી નાંખીશ!"

જેસીંગ કહે, "એની મને આપદા નથી, દાદાના પ્રતાપે ખાઇ–પીએ એવું ઘણું છે, હવે તો થઈ જાવ સાબદા, ભાથીડા!"

જંગ મંડાયો.

ચોર લોકો ધોકો વાપરે એ પહેલાં તો જેસીંગે પોતાની ભારે ડાંગ ઉગામી, હવામાં વીંઝી અને એકના માથા ઉપર બળપૂર્વક અફળાવી દીધી.

મોતના પ્રેતની બિહામણી છાયા ઉતરી ચૂકી.

કાચલી ફાટે અને અવાજ થાય એવો સખ્ત અવાજ થયો ને એકનું તો પ્રાણપંખેરૂ હવા સાથે હવામાં ભળી ભગવાનના ઘરે પહોંચી ગયું.

જવાનની આંખ લાલ હિંગળોક જેવી બની ગઇ, હોઠ બીડાયા અને શરીરમાં ભૂત આવ્યું હોય એમ આવેશથી એનો સમગ્ર દેહ કંપી રહ્યો: "ચાલ હવે બીજો કોણુ તૈયાર છે?"

ચોરોએ પણુ હવે રૌદ્રસ્વરૂપ ધારણુ કર્યું, "ઉભો રહે, વાણિયા! તું યે સ્વાદ લે તો જા!" ~~કહી એક જણે~~ કૂદકો માર્યો અને જેસીંગનું ગળું દબાવી, ટોટો પીસી નાંખવા એના ઉપર અચાનક હુમલો કર્યો.

આંખના પલકારામાં જેસીંગ પાછળ હઠી ગયો, ચોર ભોંઠો પડ્યો.

અંધારૂ જામતું હતું, ખેલ ખરેખરો જામ્યો હતો.

હરામખોરો હવે કિકિયારી કરી ધોકા નાંખવા લાગ્યા, પણુ નજીક હોવાથી તેમને બરાબર ફાવ્યું નહિ, જેસીંગે ડાંગ આડી ધરી એક એક ધોકાને ઝીલી લેવા માંડ્યો, એની આટલી બધી કુશળતાથી ચોરો પણુ અચરજ પામ્યા.

હોકારાથી જંગલ ગરજી રહ્યું.

જેસીંગે ફરીથી ડાંગ ઉપાડી, "મારા હાળા મારગ રોકીને ખદબધા છે" એમ કહેતાં 'કડાક' દઇને ડાંગ બીજાના પગમાં ફટકાવી દીધી, બીજો પણુ તમ્મર ખાઇને નીચે પડ્યો, જવાને મારીમારીને એનાં ગુંઠણુ ભાંગી દીધા.

એ પછી તો જેસીંગે લાકડીઓની ઝડી બોલાવી.

ચોરના ગભરાટનો પાર ન રહ્યો, એમના ગાત્ર ગળી ગયા, મ્હોં સીયાવીયા જેવા થઇ ગયા, એ તો હવે મુઠીઓ વાળી ભાગવા જ માંડયા, જાણે જમને સાક્ષાત્ ભાળી ગયા છે.

મોત ડાચું ફાડી સામે આવે ત્યારે કોણુ ઉભું રહે?

જેસીંગે પાછળ પડતાં કહ્યું, "ઉભા રહો, કાકા જાન! આજ મણના પોણા છ શેર કરી નાંખુ! વાણિયાના હાથ તો જુઓ!"

પણુ ચોરો તો જાય નાઠા! આજની ઘડી ને કાલનો દહાડો! શ્વાસ ખાવા ય ઉભા ન રહ્યા! લોહીથી જમીન લાલ બની ગઇ.

જેસીંગે ઘા ઉપર પાટા બાંધી લીધા.

બાઇએ જેસીંગના ઓવારણાં લીધા, " ખમ્મા મારા વીર ! તેં મારા પ્રાણ બચાવ્યા છે, શંખેશ્વર દાદો તારૂં સારૂં કરશે. "

પુરૂષે જવાનની ઓળખાણ માંગી.

જેસીંગ કહે, " શ્રાવક છું, હું પણ શંખેશ્વર દાદાની યાત્રાએ નીકળ્યો છું, મહીને-મહીને દાદાના દર્શન કરવાનાં નીમ લીધાં છે, પગે ચાલીને જ જાઉં છું, તમારો અવાજ સાંભળી આ તરફ આવ્યો હતો."

સ્ત્રી હાથ જોડી બોલી, ' ઠીક આવ્યો ભાઇ, નહિંતર આ પાપીઓ અમને જીવતા જવા ન દેત ! તારો ઉપકાર કદી ભુલાશે નહિ, મારા વીરા ! "

જેસીંગ કહે, " એ તો દાદાનો પ્રતાપ ! એની મહેરબાની વિના કંઇ થોડું જ બને છે ! દાદાએ તો કંઈકની પત રાખી છે, એના ઉપર શ્રદ્ધા રાખો.

વાત વાયુવેગે ફરી વળી.

દાદાનાં દર્શન કરી જવાન રાધનપુર પાછો ફર્યો, ઘા હજુ તાજા હતા,

" ધન્ય છે રે ! જેસીંગ ધન્ય છે ! મારા ગામનું તો તું એક મોંઘુ રતન છે " નવાબ જોરાવરખાન બોલી ઉઠયા, એની બહાદૂરી પર ખુશ થઈ સોનાનાં કડાં આપી એનો આદર કર્યો, પછી ખોસાના નામથી નવાજ્યો !

પોણોસો-સો વર્ષ પહેલાંનું જૈનકોમનું આ ખમીર કયાં મરી પરવાર્યું ?

પ્રભુ ! માલ જોતો નથી, મિલ્કત જોતી નથી, મોટી મહેલાતોની ઇચ્છા નથી, મારૂં ખમીર મને પાછું આપ, એ જ મારી સાચી મિલ્કત છે.

આ વીરપુરૂષનું આખું નામ શ્રી જેસીંગભાઇ હેમજી હતું.


**સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.**

**સમેતશીખર યાને જૈન તીર્થભૂમિઓ**

**[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨-૦-૦ ]**

**શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઠે. હેરીસ રોડ, ભાવનગર.**

## નૂતન પ્રકાશનો મંગાવો !

**પર્યુષણા સ્તવનાદિ :** ૩૨ પેજી ૨૭૨ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદન, પર્યુષણનાં સ્તવન, થોય, સજ્ઝાય વગેરેનો સંગ્રહ છે.

**નિધાન સ્તવનાદિ સંગ્રહ. :** ૧૬ પેજી ૧૩૬ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદનો, થોયો, સ્તવનો અને સજ્ઝાયોનો સંગ્રહ.

**દેવવંદનમાળા :** મૌન એકાદશીની કથા. ગણણું તથા દેવવંદન ચૈત્રીપુનમના, અને ચોમાસીના. મૂલ્ય ૧-૦-૦

**શ્રી મનોહર મહિમા પૂજા પ્રેમ પુસ્તિકા :** આધુનિક રાગનાં સ્તવનો મૂલ્ય ૦-૫-૦

બીજા પુસ્તકો માટે નીચેના સ્થળે પૂછાવો.

**નાગરદાસ પ્રાગજીભાઈ**

ઠે, દોશીવાડાની પોળ, **અમદાવાદ.**

## જૈન સંસ્કૃતિ અને ચાંદીજડીત

**લાકડાની કારીગરી**

આપણાં મંદિરોમાં ચાંદીના રથ, સિંહાસન, બાજોઠ, ભંડાર, પારણું, માતાનાં સ્વપ્નાં, સમવસરણ, પાલખી, વગેરે ઘણી વસ્તુઓનું શાસ્ત્રીય ને મોટું મહત્ત્વ છે.

અને એટલે જ સહુ કોઇ શાસ્ત્રીય અને કલાપૂર્ણ કારીગરી માટે હમારે ત્યાં પધારે છે.

તમે પણ તમારી મંદિર ઉપયોગી જરૂરીયાત માટે આજે જ પૂછાવો. સંતોષકારક જવાબ મળશે.

**સૌ કોઈનું જાણીતું સ્થળ:-**

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલ એન્ડ કું.**

હીરાબાગ, ખત્તરગલી. સી. પી. ટેન્ક. મુંબઇ. ૪

# તીર્થોચ્છેદ કરનાર પર તહોમતનામું

આલેખનકાર :—પૂ૦ આચાર્યદેવ-શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ

પૂર્વે સ્થા૦ સંપ્રદાયમાં શ્રી 'કાનજી સ્વામિ' નામે હતા તેઓ તે વેષને અને નામને છોડીને વર્તમાનમાં 'કાનજીભાઇ' ના ઉપનામથી ઓળખાય છે. તે ભાઇ વ્યવહાર-માર્ગનો સર્વથા અપલાપ કરવાપૂર્વક સર્વથા નિશ્ચય-માર્ગનું પ્રતિપાદન કરી ભદ્રિક જનતાને ભરમાવી પોતાના નવીન-માર્ગને સ્થાપન કરે છે. જાણવા પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં સ્થાનકવાસીની કુલ-પરંપરાગત માન્યતાનું ૨૪ વર્ષ સુધી સેવન કરીને, તથા સ્થાનકવાસી સંપ્રદાયના સાધુપણાની માન્યતાઓ પ્રમાણે ૨૧ વર્ષ સુધી સાધુપણું સેવન કરીને, અને વેષ-નામ-આચારના પરિવર્તનપણામાં લગભગ ૧૭ વર્ષ ઉપરાંતના જીવનમાં પણ ન્યાય-દૃષ્ટિએ વિચારીયે તો અનેક પ્રકારે વ્યવહારનું અવલંબન લીધું છે, અરે ! લઇ રહ્યા છે, છતાં પણ પ્રરૂપણામાં વ્યવહારનો અપલાપ કરે છે.

પીસ્તાલીસ વર્ષ દરમ્યાન-સ્થાનકવાસિ સંપ્રદાયના શાસ્ત્રો, શ્રીમદ્ રાજચન્દ્રના બનાવેલા પુસ્તકો, દીગંબરોને માન્ય સમયસાર આદિ ગ્રન્થો વાંચ્યા છે-વિચાર્યા છે, અને જાહેરમાં તે તે ગ્રન્થોના આધારે વ્યાખ્યાનો કર્યાં છે, કરે છે. આ ગ્રન્થોના વાંચન-મનનથી પોતે સમજ્યા છે, અને બીજાને ઉપદેશ આપી સમજાવે છે. આ રીતે પોતે વ્યવહાર પાળ્યો છે, અને પાળે છે; છતાં મેં પીસ્તાલીસ વર્ષ દરમ્યાન જે કર્યું તે ખોટું છે, અને હવે જે હું વર્તમાનમાં કરી રહ્યો છું, અર્થાત્-આ ગ્રન્થો જડરૂપ છે, તે સાધનથી જ્ઞાન નથી પમાતું, પણ જ્ઞાનથી જ્ઞાન પ્રાપ્ત થયાનું જાહેરમાં 'સ્વ માતા વંધ્યા' છે, એવું બોલી લોકોને ઠગે છે.

જે ગ્રન્થોના સમજવાથી વેષ, નામ અને આચારોનું પરિવર્તન કર્યાનું કથન કરે છે, તે ગ્રન્થોને પણ નિમિત્તભૂત થયાનું સ્વીકારવા જેટલી ઉદારતા નથી-હિંમત નથી. આનું વાસ્તવિક કારણ એ છે કે-પોતે એકાંત નિશ્ચય-માર્ગની પ્રસિદ્ધિ કરે છે, અને ઉપદેશ આપે છે, તેમાં આ ગ્રંથો વિગેરેને નિમિત્તભૂત ગણતાં પોતાની આચરણાઓ-વિચારણાઓ-ઉપદેશ વાક્યો બાધારૂપ નીવડતા હોવાના ભયથી તે ગ્રન્થોના નિમિત્તનો અપલાપ કરે છે. આવાં કારણો હોવાથી પ્રશ્નકારોના પ્રશ્નનો જવાબ આપવામાં 'કાનજીભાઇ' સમાધાન નહિં આપતાં તમે સોનગઢ રહો !, અને અભ્યાસ કરો !, તેમ મારો ઉપદેશ શ્રવણ કરો !; આમ વ્યવહાર-માર્ગનું અને નિમિત્તોનું અવલંબન લેવા જોરશોરથી પ્રચાર કરે છે, આમાં લાભ જણાવ્યા છતાં વ્યવહારથી અને નિમિત્તથી લેશભર પણ લાભ નથી એવું બોલવામાં-પ્રચારવામાં પોતાના કૃતઘ્નીપણાની સ્પષ્ટતા થાય છે.

શ્રી જૈનશાસનમાં-નિશ્ચયની અપેક્ષાએ વ્યવહારને તેમ વ્યવહારની અપેક્ષાએ નિશ્ચયને મુખ્ય-ગૌણ તરીકે પ્રતિપાદન કર્યું છે અને કરવાનું વિધાન છે, પરંતુ નિશ્ચયમાર્ગની મુખ્યતા બતાવીને વ્યવહાર માર્ગના ઉત્થાપન કરનારને જૈન-શાસનરૂપ તીર્થનો ઉચ્છેદ કરનારા વર્ણવ્યા છે; આ વાત ભૂલવા જેવી નથી. **દીગંબર સંપ્રદાયમાં**-પણ આ વાતનું સમર્થન છે. જુઓ-જૈન અતિથિ સેવા સમિતિ સોનગઢ તરફથી પ્રકાશિત થયેલ દીગંબર ગ્રંથ સમયસાર-[ આ ગ્રંથની સાક્ષી અહીં એટલાંજ માટે આપી છે કે-તેઓ જે સમયસાર ગ્રન્થના આધારે માને છે, મનાવે છે, અને ઉપદેશ આપે છે, તેજ ગ્રન્થ તેમના મતને ખોટો અસત્ય ઠરાવે છે. ] ગ્રન્થ પૃ. ૨૨ ની પંકિત ૨૦ થી ૨૪ સુધીનું, મૂળકારની ગાથા ૧૨ મી વિષે અવતરણના વિવેચનમાં "**जइ जिणमयं पवज्जह, ता मा ववहारणिच्छए मुयह; एकेण विणा छिज्जइ, तित्थं अण्णेण उण तच्चं** ॥ જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયોને ન છોડો, કારણ કે- વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહાર માર્ગનો નાશ થઇ જશે, અને નિશ્ચયનય વિના તત્ત્વનો નાશ થઇ જશે." વાંચક ? અહીં વ્યવહારને તીર્થ તરીકે ઓળખાવ્યો છે. પોત-પોતાના સમયમાં -અવસરમાં બંને નયો કાર્યકારી છે. કારણ કે-તીર્થના ફળની આવીજ વ્યવસ્થા છે. જેનાથી તરાય તે તીર્થ છે, અને તીર્થમાં વ્યવહારથી પાર પામવું તે તીર્થનું -વ્યવહાર ધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવામાં તીર્થનું ફળ છે.

**વ્યવહારનયને એકાંતે છોડનારની થતી દુર્દશા.**

તેજ સમયસારનું આગળ વિવેચન કરતાં પૃ. ૨૩ પંક્તિ ૧૫ થી ૧૯ સુધીમાં જણાવે છે કે- વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે, પણ જો કોઇ તેને સર્વથા અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઇ નથી. તેથી ઉલટો અશુભયોગમાંજ આવી ભ્રષ્ટ થઇ ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિને તથા પરંપરાએ નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાંજ ભ્રમણ કરે છે. માટે **શુદ્ધ નયનો વિષય જે સાક્ષાત્ શુધ્ધ આત્મા (એટલે તેરમા ગુણસ્થાનની) તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજવાન્ છે, એવો સ્યાદ્વાદ-મતમાં શ્રી ગુરૂઓનો ઉપદેશ છે.**

આ સમયસાર ગ્રન્થને તેઓ માન્ય કર્યાનું જણાવે છે, અને તેજ ગ્રન્થમાં પોતાના મતનો વિરોધ આવતાં તે વાતનો અપલાપ કરતાં દીગંબરમતમાંથી પોતે દૂર થાય છે, અર્થાત્ દીગંબર મતને પોતે માનતા નથી; ફક્ત દીગંબર ગ્રન્થનું નામ આગળ કરી સ્વમત સ્થાપવાની સ્વચ્છંદતાને પોષી રહ્યા છે.

ઉપરની હકીકત જેવી રીતે મૂળકાર દીગંબર શ્રી કુંદકુંદાચાર્યે, ટીકાકારે, ગુજરાતી અવતરણકારે જણાવી છે, તેવી રીતે શ્રી ઋષભનાથ દિગંબર-જૈન -ગ્રન્થ-પ્રકાશન-સંસ્થા તરફથી પ્રકાશિત થયેલ ત્રણ ટીકા સહિત સમયસાર પૃ. ૪૮ થી ઉપરની બીના શરૂ થાય છે, તે વિવેકી વાંચકોએ તે સ્થળો વિચારવા આવસ્યક છે.

ઉપરની હકીકત સ્પષ્ટ હોવાથી સર્વથા વ્યવહારનું ઉત્થાપન કરનારાઓ અને કરાવનારાઓ જૈનશાસનના જૈનતીર્થના ઉચ્છેદકો છે, અને એ તીર્થ ઉચ્છેદકપણાના તહોમતનામામાંથી બચાવ કરવો તે "કાનજીભાઇ"ની અનિવાર્ય ફરજ છે. જ્યારે જ્યારે ઉપનામે કાનજીભાઇથી ઓળખાતા તેઓને પૂછવામાં આવે છે ત્યારે ત્યારે તે અને તેમના પંથને માનવાવાળાઓ વ્યવહારમાર્ગ તો સંદતર ખોટો છે તેમ કહે છે, તેમના તે કથનને દિગંબર શાસ્ત્રથી સિદ્ધ કરવાનું કહેતાં કહે છે કે-હમો હમારા સનાતન-ધર્મની વાત કરીએ છીએ. હમારે દિગંબર સાથે અને તેમના શાસ્ત્રો સાથે કંઇ લેવાદેવા નથી, આ છે તેમની દિગંબર પક્ષની વફાદારી !!! દિગંબરો ભલે માને કે, હમોને તેઓ વફાદાર છે, પણ પરિસ્થિતિ તો તેઓની આ છે.

વર્તમાનમાં દશ ઠાણા સાથે સાવરકુંડલામાં મારૂં ચાતુર્માસ છે, રાત્રિ વિભાગમાં શાસનની વાસ્તવિક પરિસ્થિતિને જણાવનાર ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીના કથન સાથે ચર્ચાનો સમય જનતાને આપવમાં આવેલ છે, તેમાં અસાડ સુદિ ૧૧ ની રાત્રે આ ઉપનામ કાનજીભાઈના મતને માનનારા શ્રવણ કરવા આવ્યા હતા. તે સમયે શ્રીમદ્ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજીએ કથન કરેલા ભાવોની સમજાવટ ચાલી રહી હતી, તેમાં વર્ત્તમાનમાં ૧ મતિજ્ઞાન અને ૨ શ્રુતજ્ઞાન, એ બન્ને જ્ઞાનો ઇન્દ્રિયો અને મનથી સાધક-દશામાં થાય છે તે વિષય ચાલ્યો હતો, ત્યારે ઉપનામ કાનજીભાઈના અનુયાયીઓએ જણાવ્યું કે-"જડથી જ્ઞાન થાય નહિં, અને ઇન્દ્રિયો તથા મન જડ છે, માટે આત્માને જ્ઞાનથી જ્ઞાન થાય છે પણ ઈન્દ્રિયો અને મનથી જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આ વાત અમે શાસ્ત્રથી આવતી કાલે રૂબરૂમાં સિદ્ધ કરશું આ સમયે લગભગ અઢીસો શ્રોતા હતા, અને બીજે દિને શ્રી તત્ત્વાર્થ-સૂત્ર લઇને તે બન્ને આવ્યા પણ તેઓ તેમની સિદ્ધિ તેનાથી-તત્ત્વાર્થાધિગમસૂત્રથી કરી શકયા નહીં, એટલે કહેવા લાગ્યા કે વ્યવહાર સર્વથા જુઠો છે !. આ માટે તેમને પૂછવામાં-પ્રશ્ન કરવામાં આવ્યો કે, સદ્વ્યવહાર કે અસદ્વ્યવહાર જુઠો? તેના જુવાબમાં તેમણે જણાવ્યું કે વ્યવહાર માત્ર જુઠો છે !!! એમ અમે કહીએ છીએ અને તે શ્રી સમયસારમાં કહ્યું છે, હું ગ્રન્થ લાવીશ. તેમ કહી બીજે દિવસે તે લાવ્યા, પણ તેમાં ઉપર દર્શાવી તે પંક્તિઓ બતાવતાં મુંઝાયા અને સમયસાર ગ્રંથની બારમી ગાથાથી સિદ્ધ કરી શકયા નથી, આથી તેઓ ઉપર અને તે મતના સ્થાપક તરીકે કાનજીભાઇ ઉપર સમયસારના આ વચનોનો અપલાપ કરનારા થતા હોવાથી દિગંબર-સંપ્રદાયના સમયસાર ગ્રન્થના હિસાબે તીર્થના ઉચ્છેદકપણાના આરોપમાં આવી શકે છે. તો આ મારા મેલેલા તહોમતથી મુક્ત થવું તે તેમની ફરજ છે.

**ખૂલાસો કરો !!!**

શ્રી કાનજીભાઇ ! તમો ઉપદેશ આપોછો તેમાં વપરાતા ભાષા-વર્ગણાના પુદ્ગલો તો જડ છે, તમો જડથી એકાંતે આત્માને કંઇ પણ ફાયદો-નુકશાન માનતા નથી, આથી તમો ખૂલાસો કરો !

પ્રશ્ન ૧-તમો વ્યાખ્યાનમાં ઉપદેશ આપો છો તેથી તમને પાપ, પુણ્ય, નિર્જરા કે નિષ્ફળતા પ્રાપ્ત થાય છે? કે શું થાય છે?

પ્રશ્ન ૨-તમારા તે વ્યાખ્યાનને શ્રવણ કરનારાઓને પાપ, પુણ્ય, કે નિર્જરામાર્ગે આવવાનું થાય છે કે નિષ્ફળતા પ્રાપ્ત થાય છે? કે શું થાય છે?

પ્રશ્ન ૩—ગોશાલાના મતને અનુસરતી એકાંત-ભવિવ્યતાને આગળ કરીને તમે દરેક આવી વાતમાં એકલી ભવિતવ્યતાનો જુવાબ આપો છો, તો તમારા શ્રોતાઓની ભવિતવ્યતા ઘેર બેઠે થવાની હશે તો થશે તેમ માનવામાં તમારા મતે તમારો વાંધો શું છે? એટલું ખ્યાલ રાખશો કે, દિગંબર શાસ્ત્રો એકલી ભવિતવ્યતાને આગળ કરતા નથી.

---


# વિવિધ પૂજા સંગ્રહ

જેમાં નવપદજીની વિધિ, શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ, બારવ્રતની પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તર ભેદી પૂજા, અને નવપદ આરાધનની પૂજાઓ વગેરે છે.

પાકું પુઠું, મોટા ટાઇપ, સારા કાગળ, ૩૨૫ પેજ છતાં મૂલ્ય રૂા. ત્રણ પોષ્ટેજ અલગ. અગાઉથી પાંચ નકલ કરતાં વધારે નકલો ખરીદનારનાં નામો પુસ્તકમાં છપાશે. પુસ્તક મળે પૈસા મોકલવાના છે, ઓર્ડર નોંધાવો !

**સ્નાત્ર મહોત્સવ**

મુંબઈ શહેરમાં હંમેશાં સંગીત સાથે સ્નાત્રપૂજા, શાંતિકળશ અને અષ્ટપ્રકારી પૂજા સવારના સાત વાગે શ્રી લાલબાગ મોતીશા શેઠના દહેરાસરે ભણાવાય છે, તો દરેક ભાઇઓને પધારવા વિનંતિ છે.

**શ્રી લાલબાગ સ્નાત્ર મંડળ**

ખેતવાડી, ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો

૧ લે માળે **મુંબઈ** ૪.

**શા. ચંદુલાલ જે. ખંભાતવાળા**

**શા. સોહનલાલ મલુકચંદ વડગામવાળા**

ઓ. સેક્રેટરીઓ.

# જિનપ્રતિમાજીના લેપ માટે

**પ્રતિમાજીના લેપનું કામ** મજબૂત, સુંદર અને ચકચકીત કરી આપીએ છીએ,

અમોએ સૌરાષ્ટ્ર, ગુજરાત, દક્ષીણ, મારવાડ અને કચ્છના ઘણા શહેરોમાં લેપનું કામ સંતોષપૂર્વક કરી આપી સર્ટીફીકેટો મેળવ્યાં છે.

શેઠ આણંદજી કલ્યાણજી પાલીતાણા પેઢીમાં અને તેમના હસ્તકનાં કામો કરનાર જુના અનુભવી

પેઈન્ટર ઝવેરભાઇ ગોવીંદ

" શામજી ઝવેરભાઇ

ઠે. જગુમીસ્ત્રીની શેરી **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# આત્મગૌરવનાં તેજ.............................શ્રી અનામી:

**પૂર્વકાલમાં માનવોને ધર્મ, દેશ કે સંસ્કૃતિ માટે કેટ–કેટલું ગૌરવ હતું કે, તેની ખાતર તેઓ પ્રાણની આહુતિ આપવા પણ સદા સજ્જ રહેતા, મેવાડના રાણાઓના સ્વદેશાભિમાન માટે આપણે ઇતિહાસમાં ઘણું ઘણું વાંચીએ છીએ, એવા જ સ્વદેશાભિમાનની કથા અહિં રજૂ થઈ છે, એ સ્વદેશાભિમાન યૂરોપની પ્રજા જેવું આંધળું ન હતું, પણ પોતાની સંસ્કૃતિ માટેનું અપૂર્વ આત્મબલિદાન એમાં સમાયેલું હતું, આજે કયાં છે એવું સંસ્કૃતિ, દેશ કે ધર્મ માટેનું આત્મભાન!**

ઘણા વર્ષો પૂર્વે રાજપૂતાનામાં આવેલા બૂંદી-રાજ્યમાં હામા નામે સ્વદેશપ્રેમી, સ્વામિભાની એવો એક ક્ષત્રિય રાજા થઇ ગયો, તે પ્રતાપી હાડા વંશનો રાજપૂત હતો, પ્રથમ તો આ રાજ્ય ચિતોડના રાણાઓના તાબે હતું, પરંતુ અલાઉદ્દીન ખિલજીથી પરાજિત બનેલા રાણા નબળા બની ગયા હતા, એટલે શૂરા હાડા રાજાઓએ ચિતોડના આધિપત્યને તિલાંજલિ આપી હતી અને સ્વતંત્રતા અખત્યાર કરી હતી.

કેટલાક વર્ષો બાદ ચિતોડની સ્થિતિ પુનઃ પ્રથમાવસ્થામાં આવી ગઇ, એટલે ચિતોડાધિપતિ રાણાએ બૂંદીના સ્વામી હામાને કહેણુ મોકલાવ્યું કે, 'આપ ચિતોડના સ્વામીનું આધિપત્ય સ્વીકારો.' પરંતુ બૂંદીનરેશ કંઈ જેવો તેવો ન હતો, એટલે એને વળતું કહેણુ મોકલાવ્યું કે, 'બૂંદીનું રાજ્ય મને કોઇએ દયાદાનમાં આપ્યું નથી, બક્ષિસ નથી કર્યું, પરંતુ મારા પૂર્વજોની શમશેરોના પ્રતાપે પ્રાપ્ત થયું છે, તેનો હું વારસ છું, માટે હું કોઇનું શરણુ વાંચ્છતો નથી.' તે છતાં આપ વડીલ–મોટા છો, જો આપ કહેશો તો હું હોળી કે દશેરામાં જરૂર આવી જઇશ, મારૂં સ્વાગત કરવા પૂર્ણ તૈયારીઓ કરી મૂકજો!"

ચિતોડના રાણાને આમાં પોતાનું હાડોહાડ અપમાન લાગ્યું અને એણે બૂંદી પર ચઢાઇ કરી, અને બૂંદી સમીપ આવેલા તિમોરિયામાં સસૈન્ય પડાવ કર્યો, બૂંદીના રાજા હામાએ પોતાના જાસુસો-વડે સર્વ બાતમી મેળવી લીધી, એટલે પાંચસો ચુનંદા સૈનિકોનું એક સૈન્ય તૈયાર કરી ચિતોડના રાણાનું સ્વાગત કરવા નીકળી પડયો. અને રાત્રિકાળ દરમ્યાન જ રાણાના સૈન્ય પર ઓચિંતો હુમલો કર્યો, જેના પરિણામે ચિતોડના અસાવચેત સૈન્યમાં ભંગાણ પડયું. કેટલાક પ્રાણ રક્ષણાર્થે નાઠા, જેઓ સામા થયા તે મરણ પામ્યા, અને ખૂદ ચિતોડનો રાણો પણ જીવ બચાવવા નાસી છૂટયો.

આ અણચિંતવી હારથી ચિતોડનો રાણો ઘણોજ ક્રોધે ભરાયો અને થયું કે મારી પાસે વિશાળ સૈન્ય હતું, તે છતાં હાડાના માત્ર પાંચસો સૈનિકે મને હાર આપી? હવે તો જીવવા કરતાં મરવુંજ સારૂં! એવો વિચાર એના મગજમાં ઘૂસ્યો. અને 'જ્યાં સુધી હું બૂંદીના રાજ્યને નહિ જીતું અને બૂંદીપતિ હાલો મારૂં જ્યાંસુધી સ્વામિત્વ ન સ્વીકારે ત્યાંસુધી આહાર પાણીનો ત્યાગ; એવી ઘોર ભિષ્મ પ્રતિજ્ઞા કરી'. રાજ્યનાં ઘણા માણસોએ સમજાવ્યો તે છતાં કોઇનું માન્યું નહિ. અને પ્રત્યુત્તર આપ્યો; "શૂરા ક્ષત્રિયો જે પ્રતિજ્ઞા કરે છે તે આમરણાંત, પ્રાણના ભોગે પણ પાળે છે".

આ રાણા પાસે એક બુદ્ધિવાન અને વિચક્ષણ મંત્રી હતો. તેને રાજાની પ્રતિજ્ઞામાં નરી મૂર્ખતા દેખાઇ. સાથે સાથે વિચાર કર્યો કે, 'જો રાજા ઘણા સમય સુધી અન્નજળ વિના રહેશે તો, તેઓને પ્રાણ ત્યાગ કરવાનો સમય આવશે.' એટલે પોતે રાજા પાસે ગયો, અને વિનંતિપૂર્વક પોતાનો સુવિચાર પાઠવ્યો. 'મહારાજ! આપની પ્રતિજ્ઞાનું નિવારણ માત્ર એકજ માર્ગે થઇ શકે એમ છે કે અમે ચિતોડમાંજ બૂંદીનો નકલી કિલ્લો તૈયાર કરાવીએ. ત્યારબાદ આપ સસૈન્ય તેના પર ચઢાઇ કરો; અને તે કિલ્લો આપ જીતી લો એટલે આપની પ્રતિજ્ઞા પૂર્ણ થાય.

( ૨ )

'અરે! કારીગરો તમે આ શું કરી રહ્યા છો?'

'સરદાર સાબ! એતો અમે બૂંદીનો નકલી કિલ્લો તૈયાર કરીએ છીએ', એક કારીગરે જવાબ દીધો.

'કેમ? આવા નકલી કિલ્લાનું શું પ્રયોજન છે?'

'રાણાજીની આજ્ઞાથી આમ કરવામાં આવે છે'. થોડીવાર અટકી તે કારીગર બોલ્યો, 'રાજાજીની પ્રતિજ્ઞાનું પાલન થાય અને તેઓ અન્નજળ લઇ શકે માટે જ આ નકલી કિલ્લો તૈયાર કરવામાં આવે છે!

'આવી છોકરબુદ્ધિની રમત રાણાજીને ક્યાંથી સૂઝી? આ માત્ર માટીનું ઘર–કિલ્લો તે કઇ બૂંદીનો કિલ્લો કહેવાય?'

'ના બાપા ના! પણ આ તો ફક્ત પ્રતિજ્ઞા પાલન દ્વારા આત્મરક્ષણ થાય, તે માટે જ આ યુક્તિ કરવામાં આવી છે. વખત આવે બાપુ સાચો કિલ્લો પણ તોડશે! પેલા કારીગરે ચોખવટ કરી.

ચિતોડના રાણા પાસે હાડા રાજપૂતોની ચુનંદી ટૂકડી હતી. તેનો સરદાર કુંભો એક દિવસે શિકારે ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં માર્ગમાં બંધાતા માટીના કિલ્લાને જોયો. એને જોઇને ઘણોજ વિચારમાં પડી ગયો. એટલે પોતાના મનમાં જન્મેલી શંકાના સમાધાન માટે એને ત્યાં કામ કરતા કારીગરોને ઉપર મુજબ પ્રશ્નો પૂછયા અને શંકાનું નિવારણ કર્યું.

આ સાંભળી કુંભાના ક્રોધનો પાર ન રહ્યો, એને પોતાની માતૃભૂમિનું સ્વદેશનું હડહડતું અપમાન ભાસ્યું, ક્રોધાવેશમાં જ એ સિધો ઘેર ગયો, અને પોતાના જાતિબન્ધુઓને ભેગા કર્યા. અને કહ્યું, 'મારા વહાલા બન્ધુઓ! આપણે જીવતા હોય તો શું આપણે આપણી જન્મભૂમિનું ઘોર અપમાન સહન કરીશું?' એમ કહી એને સર્વ ઘટના પોતાના જાતિભાઇઓને કહી.

'કદાપિ નહિ, કદાપિ નહિ?' હાજર રહેલા શૂરા હાડા વીરગર્જના બોલી ઉઠયા.

'વહાલા ભાઇએ! આપણે આપણા પ્રાણના ભોગે પણ એ નકલી કિલ્લાનું રક્ષણ કરવું જ જોઇએ, આપણા સર્વના મૃત્યુ બાદ રાજા ભલે એ કિલ્લામાં પ્રવેશ કરે.' આટલો દૃઢ સંકલ્પ કરી સર્વ હાડા રાજપૂતો લડવા તૈયાર થયા, અને જરૂરી હથીયારો સજી, કોઇ ન જાણે તેમ રાજાની અગાઉ જઇ તે કિલ્લામાં છૂપાઈ ગયા.

[ ૩ ]

અગાઉ નક્કી કરેલા દિવસે અને સમયે એક નાનીશી ટૂકડી સહિત રાજાએ તે કિલ્લા તરફ પ્રયાણ આદર્યું, રાણાએ પોતાના અમુક સૈનિકોને પહેલેથી કહ્યું હતું કે, 'તમે કિલ્લા તરફથી બંદૂકના ખાલી અવાજ કરજો, અને બાકીના અમે દેખાવ પૂરતો હુમલો કરીને કિલ્લો જિતી લઇશું.'

પરંતુ રાજા જેવો કિલ્લા નજીક આવ્યો કે તુરત જ અંદર છૂપાએલા સ્વદેશાભિમાની કુંભાના સૈન્યે ગોળીઓનો વરસાદ વરસાવી રાજાનું સ્વાગત કર્યું, રાણો તો આભો જ બની ગયો! એણે સૈનિકોને હુકમ આપ્યો કે, તપાસ કરો; 'આ શું છે?' આજ્ઞા મળતાં એક સૈનિક બૂંદીના પ્રવેશદ્વાર આગળ આવ્યો, અને જોયું તો સ્વદેશપ્રેમી કુંભો વિધવિધ શસ્ત્રોથી સજ્જ થઇ આમતેમ આંટા મારી રહ્યો છે, રાણાના આવેલા સૈનિકને જોઇ તેણે પોતાની પાઘડી ઉતારી અને દરવાજા આગળ મૂકી, અને બોલ્યો: 'ભાઇ! જા તારા રાણાજીને કહે કે, બૂંદીનો તુચ્છ સેવક અને આપનો પણ તુચ્છ સેવક આપનું ભાવભીનું સ્વાગત કરવા તૈયાર થઇ આપની રાહ જોઇ ઉભો છે.'

થોડીવાર વિચાર કરી ફરી બોલ્યો, 'આ મારી પાઘડી અહિં મૂકું છું, એના પર પગ મૂકયા બાદ તારા રાજાજી આ કિલ્લામાં નિશ્ચિંતપણે પ્રવેશી શકશે.'

થોડીવાર માટે જ એ નકલી કિલ્લા આગળ ખૂનખાર યુધ્ધ જામ્યું, એમાં કુંભાના સઘળા સૈનિકો અને ખુદ કુંભો પોતે પણ પોતાના અમર પ્રાણનું બલિદાન આપી સ્વદેશાભિમાનને કલંકરહિત રાખ્યું.

આ પ્રમાણે શૂરા હાડાઓનું અમરબલિદાન લીધા પછી જ ચિતોડના રાજાની ભિષ્મપ્રતિજ્ઞા પૂરી થઈ, પરંતુ હાડા રાજપૂતોની અણમોલ વીરતા, તેમનું અણમોલ સ્વદેશાભિમાન જોઇ એટલો બધો તો ડરી ગયો કે, તેણે તે પછી સ્વપ્ને પણ બૂંદીના સાચા કિલ્લાને જિતવાનો મનસૂબો કર્યો નથી.

# આપણું ધ્યેય........શ્રી દલીચંદ ભુદરભાઇ ગાંધી:

મનુષ્ય જીવનનું ધ્યેય પોતાની કાર્યવાહી ઉપર અવલંબે છે, અને એ કાર્યવાહીના અવલંબનરૂપે ભિન્નભિન્ન પ્રકારની માન્યતાએ ભિન્નભિન્ન પ્રકારના અવલંબનો સ્વીકારાયેલાં છે, પરંતુ વાસ્તવિકધર્મ કે સત્યના વિભાગો હોઈજ શકે નહિં, તે તો સર્વ સ્થળે સમાન જ હોય છે ત્યાં આત્મહિતની જ ભાવના અનિવાર્ય છે.

એ ભાવના જાગ્રત થવા માટે દરેક પ્રકારના આચાર, વિચાર અને વાણીના સંયમની આવશ્યકતા ઉભી થાય છે, ત્યારે આત્મોન્નતિ માટે નીચેના ચાર સદ્ગુણો કેળવવાનું સુચવાયેલું છે.

**સદ્વિચાર:**—જેમ આપણે આપણું પોતાનું સારૂં ઇચ્છીએ છીએ તેમ બધા જીવોનું ભલું ઇચ્છવું એ સદ્વિચાર.

**સહિષ્ણુતા:**—ગમે તેટલી અને ગમે તેવી આફતમાં સમતાભાવે રહેવું એ સહિષ્ણુતા છે, સદ્વિચાર હોય તો સહિષ્ણુતા કેળવાય અને સહિષ્ણુતા હોય તો સદ્વિચાર ટકે.

**સદાચાર:**—સદાચાર તૃપ્તિમાં છે, તૃપ્તિ ત્યાગ કે નિર્મોહદશામાં છે, પવિત્ર દૃષ્ટિ શુદ્ધ મનોવૃત્તિ અને આદર્શભકિત જ્યાં છે, ત્યાં સદાચાર છે.

'Men of character are the conscience of the society to which they belong'

'સદ્વર્તનવાળાં મનુષ્યો જે સમાજમાં હોય છે તે સમાજનાં હૃદય છે.'

**ઉદારતા:**—સદાચાર માટે ઉદારતા જોઇએ કોઈનું મારે નહિ ભોગવવું પણ મારૂં સૌ ભોગવે એ જાતની મનોવૃત્તિ એ ઉદારતા છે.

આ ઉપરાંત આત્મોન્નતિ માટે શાસ્ત્રકારોએ ચારે કષાયોનું પરિણામ બહુ દુ:ખકર જણાવી તેથી સામે બીજા સદ્ગુણો કેળવવાનું બતાવ્યું છે:-

કષાયો—ક્રોધ, માન, માયા અને લોભ.

ક્ષમાથી ક્રોધનો વિજય કરી શકાય છે.

મૃદુસ્વભાવ વડે અભિમાનનો નિરોધ થઇ શકે છે.

સરલતા વડે માયાને હઠાવી શકાય છે.

સંતોષ વડે લોભને નરમ પાડી શકાય છે

દર્શન જ્ઞાન તથા ચારિત્ર એ ત્રણની પૂર્ણ—સાધનામાં જૈન—દર્શન મુક્તિ માને છે. દર્શન એટલે આત્મ—દર્શન, જ્ઞાન એટલે આત્માની ઓળખાણ અને ચારિત્ર એટલે આત્મ—રમણતા. આ ત્રણે સંયોગો કર્મના બંધનોમાંથી આત્માને મુક્ત કરાવે છે.

મનુષ્ય માત્રની ઇચ્છા વિકાસ અર્થેજ હોય છે. આત્મ—વિકાસ માટેજ આપણે માનવદેહ મેળવી ગૌરવ લઈ રહ્યા છીએ, આપણો પુરૂષાર્થ એ વિકાસ અર્થે જ છે, તેથી આત્મવિકાસમાં જાગૃત રહેવું કે સાવધાન થવું તે જ આપણું ધ્યેય હોવું જોઇએ.

: કલ્યાણ : વર્ષે લગભગ ૬૦૦ પેજનું વાંચન છતાં લવાજમ : કલ્યાણ :

હિંદ માટે ૫–૦–૦ છુટક નકલ ૦–૮–૦ હિંદ બહાર ૬–૦–૦

# —: રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકારણ :—

## : શ્રી કાન્તિલાલ મોહનલાલ ત્રિવેદી :

ઈરાનમાં માજી વડાપ્રધાન ગવામ સુલતાનેહને સત્તાત્યાગ કરવો પડે એવી પરિસ્થિતિ ઉભી થઇ અને તેમને સ્થાને અગાઉ વડાપ્રધાન તરીકે કામ કરી ગયેલા ડૉ મુસાદીક ફરી સત્તા ઉપર આવી ગયા છે આમ ઇરાનના તખ્તા ઉપર પ્રજાકીય બળનો વિજય થયો અને બ્રીટન તરફી વલણ બતાવનાર ગવામ પ્રધાનને દેશ છોડી નાસી જવું પડયું. આથી બ્રીટનને માથે રાહુની સત્તા સ્થાપન થઇ ગઈ. બ્રીટીશરોની રહીસહી આશા મૃત્યુ–શરણ પામી એટલુંજ નહિ, પણ એ આશાને જીવિતદાન આપી શકે એવી આંતરરાષ્ટ્રીય અદાલતે–ઔષધશાળાએ પણ એ રોગને અસાધ્ય ગણી બ્રીટનની અરજી ફગાવી દીધી. તેથી સાબીત થયું કે, બ્રીટનની ઇરાનના ઘરની વાતમાં માથું મારવાની મુત્સદ્દીગીરી નિષ્ફળ ગઇ. સંભવ સો ટકા એવો છે, કે ઈરાનને સદાને માટે બ્રીટીશરોએ નમસ્કાર કરવો રહ્યો અથવા તો ઇરાનને ખેદાન–મેદાન કરી શકાય એને માટે કોઇ યોજના કરવી રહી. અત્યારે તો ઇરાનમાં બ્રીટીશ–સત્તાની કબર ખોદાઇ ગઇ.

*

**ચીન**માં અમેરીકાએ યુધ્ધના કાનુનોનો ભંગ કરી જંતુબોમ્બ નાંખ્યા, તેના હંમેશના રિવાજ મુજબ અમેરીકાએ ઇન્કાર કર્યો, આમ છતાં તટસ્થ ભારતના એક વૈજ્ઞાનીકે એ હકીકત સાચી છે એમ જાહેર કર્યું, તેમજ બીજી પણ કેટલીક રાજકીય વ્યક્તિઓએ એ વાતની સત્યતા પુરવાર કરી, આમ છતાં "યુનો" અમેરીકાના આ પગલાં સામે કંઇપણ વળતાં પગલાં લઇ શકયું નથી. ચીને આ પગલા સામે વિરોધ વ્યકત કર્યો છે, સાથેજ જંતુબોમ્બથી થયેલી રોગજન્ય પરિસ્થિતિને પણ મીટાવી દીધી છે, અમેરીકાનું આ પગલું ન્યાયની અદાલતમાં અમેરીકાને ગુન્હેગાર ઠરાવી શકે એમ છે, આમ છતાં યુનો અથવા કોઇપણ આંતરરાષ્ટ્રીય અદાલત અમેરીકા સામે વળતાં પગલાં લઇ શકે એવી સધ્ધર–સ્થિતિમાં નથી, તો પછી ન્યાય અને શાંતિનો ઇજારો એકલા અમેરીકાના હાથમાં જ રહ્યો ને ? આ છે અમેરીકાની લોકશાહી ?

*

ઈરાનમાં જેમ બ્રીટીશ તરફી વડાપ્રધાનને સત્તા છોડવી પડી તેવી જ રીતે ઇજીપ્તમાં પણ વડાપ્રધાન તરીકે નવા માણસની નીમણુક થઇ છે, એટલે ત્યાંથી પણ બ્રીટનને સંપૂર્ણ જાકારો મળે તો નવાઇ નહિં લાગે.

*

**ચીન**માં ચાંગકાંઇશેકના ગમન બાદ માઓત્સે તુંગના હાથમાં સત્તા આવી. ત્યારબાદ ત્યાંની રાજ્યવ્યવસ્થામાં કેટલો ધરખમ ફેરફાર થયો એ હકીકત ઘણી લાંબી છે, તેથી તેમાંથી થોડી ચુંટી કાઢેલી હકીકત અહીં રજૂ કરીશું; વાંચકોએ એ યાદ રાખવું કે, એ હકીકત ભારતમાંથી ચીન ગયેલા સાંસ્કૃતિક મંડળના એક પ્રતિનિધિ મી. ફ્રેંક ગોરેસે રજૂ કરેલા શબ્દોના આધારે રજૂ કરવામાં આવી છે.

સને ૧૯૫૨ ના જાન્યુઆરી માસ સુધીમાં રૂશ્વતખોરી અને કાળાબજાર કરનાર સત્તાધીશો અને સામ્યવાદીપાર્ટીના કેટલાક સભ્યોની સંખ્યા ૧૯૦૦ સુધી પહોંચી ગઇ, એમાંનો કોઇ પણ અપરાધી સુરક્ષિત નહોતો, દરેકને માથે સત્તાનો કોયડો એક સરખો હતો, યેનકેન પ્રકારે બચી જવાની કોઈ તક તેમને માટે નહોતી, અને તે પણ ત્યાં સુધી કે અપરાધી સાથેની પિતા, પુત્ર, પત્નિ, મિત્ર, શેઠ કે નોકર વિગેરેની ગાઢ સગાઇ કે સંબંધ પણ તેમને બચાવી શકે નહિ, આવા કામ કરનાર ગુન્હેગારનાં નીકટવર્તીઓએ એમને ઉઘાડા પાડ્યા ને કોઇએ પણ આશરો આપ્યો નહિ, એ ગુન્હેગારોમાંથી જેમણે પોતાનો અપરાધ ખુલ્લો હોવા છતાં સ્વીકાર્યો નહિ તેમને મોતની શિક્ષા કરવામાં આવી, દાખલા તરીકે આવા ગુન્હેગારમાંથી ચાર મોટા માણુસો કે જેમને મોતની શિક્ષા કરવામાં આવી હતી, તેમાંના ત્રણ તો ત્યાંની સામ્યવાદીપાર્ટીના ૨૦ વર્ષથી સભ્ય હતા. એ ત્રણમાંના બે અફસરો તો ટેન્ટસીન બંદરગાહ યોજનાના સેક્રેટરી હતા, એ કામ માટે મોકલેલા રૂપીયામાંથી ૩૫) લાખ રૂપીયા એ બે અફસરો ખાઈ ગયા હતા, એમાંનો ત્રીજો ગુન્હેગાર પેકીંગની જન–સુરક્ષા વિભાગનો ડાયરેક્ટર હતો, ચોથો માણસ પણ એવી રીતે એક જવાબદાર વ્યકિત હતો, આવી જાતના મુકર્દમા

પેકીંગ, ટેન્ટસીન, નાનકીંગ, શાંઘાઇ, ચિંગસી વિગેરે બધાં મોટાં સ્થળોએ ચલાવવામાં આવ્યા, એમના બચાવમાં સામ્યવાદીપાર્ટીના સભ્ય તરીકેની લાગવગ કે અમલદારી અથવા બીજું કોઇ પણ કાળું અથવા ધોળું કૃત્ય સફળતાને પામ્યું નહિ.

ઘણા અમલદારોને માત્ર એટલા માટેજ નોકરીમાંથી રજા આપવામાં આવી કે તેમણે જમીનદારોની છોકરીઓથી વિવાહ કર્યા. આ રીતે કરવું તે સામ્યવાદીપાર્ટીના નિયમાનુસાર નહોતું.

એક અમલદારે માત્ર ૭૦૦ ગેલન પેટ્રોલનો દુરૂપયોગ કર્યો તેના ઉપર પણ મુકર્દમો ચલાવવામાં આવ્યો.

બીજા એક અમલદારના ડ્રાઇવરે ફરીયાદ કરી કે, તેનો અમલદાર તેની પ્રેમસીને (અમલદાર સાથે પ્રેમ કરનાર સ્ત્રીને) નાચઘરથી તે સ્ત્રીના ઘર સુધી સરકારી મોટરમાં લઇ ગયો હતો અને આ રીતે તેણે સરકારી માલ-સામાનનો દુરૂપયોગ કર્યો હતો.

એવીજ રીતે સામ્યવાદીપાર્ટીના એક સેક્રેટરી ઉપર એટલા માટે મુકર્દમો ચલાવવામાં આવ્યો હતો કે, તે એક મોટા બંગલામાં રહેતો હતો અને વિલાસી જીવન વિતાવતો હતો, કે જે જીવન તેની સ્થિતિ સાથે સુસંગત નહોતું. તેની પણ પાકી ખાત્રી કરવામાં આવી હતી. એના બંગલામાં તરવાનું તળાવ પણ હતું.

બીજા એક પાર્ટી સભ્યે પોતાની માલીકીનો બગીચો બનાવી દીધો હતો અને એનો સંબંધ અનેક સ્ત્રીઓથી હતો. આવી શક્તિ બહારની અને અસદ્વર્તનની ખાત્રી થવાથી તેના ઉપર પણ મુકર્દમો ચલાવવામાં આવ્યો.

આવી રીતે ચીનની સામ્યવાદી ગણાતી સરકારનું ધ્યેય વ્યભિચાર, કાલાબજાર અને લાંચ રૂશ્વતની બદીનો સંપૂર્ણ રીતે નાશ કરવાનું છે. આવા ગુન્હેગારોને પકડવામાં મોટે ભાગે ત્યાંની જનતાજ મુખ્ય મદદગાર બને છે એવી સહાયક વ્યક્તિઓને કોઇપણ વ્યક્તિ પાછળથી કનડગત કરી શકતી નથી અને કદાચ કરે તો મૃત્યુદંડની આકરી શિક્ષા તેમને માટે મોજુદ છે.

આ ઉપરથી એટલી ટીકા કરવાનું મન જરૂર થાય કે, ભારતમાં આ રીતે કડક હાથે કામ કરવાનું મન રાજાજી જેવાને પણ નથી થતું તેનું કારણ મહા અદ્દભૂત હોવું જોઇએ ! ગમે તેમ હો, પણ ચીનની માફક કડક હાથે કામ લીધા શિવાય ઉપર બતાવેલાં ગુન્હા તત્ત્વો ઓછાં થાય તે સંભવિત નથી.

મદ્રાસમાં રાજાજીએ માપબંધી ઉઠાવી લીધી તે પગલું શ્રી કીડવાઇની સૂચનાને અનુસાર હતું એવી હકીકત બહાર આવી છે. એવી સૂચના આપનાર તો ઘણા છે પણ તેનો સ્વીકાર કરનાર સાહસીક વ્યક્તિ તરીકે રાજાજીને જ ગણી શકાય, આપણી મુંબઇ સરકાર અલગ પ્રયોગ કરવામાં માનતી નથી, જો આ રીતે બીજાં રાજ્યોની અન્ન-ખીચડી ચડશે તો સહુની પાછળ મુંબઇ સરકાર જાગશે, છતાં પણ તે હિંમતપૂર્વક નહિ હોય, એમાં પણ ભયની કંપારી તો હશે જ. કહેવત છે કે, "રાજ્ય કરવામાં કાં બીબીજાયા કાં તો રાણીજાયા" રાણીજાયા તો લગભગ કોરા બની ગયા છે, પણ બીબીજાયા રફી અહમદ કીડવાઇ અનાજનો અંકુશ ઉઠાવી લઇને પ્રજાને સંતોષી શકશે, તેમનો પ્રયોગ સફળ થયો છે અને થશે જ. ભારતને સ્વતંત્રતાની ઝાંખી કરાવનાર તરીકે ઇતિહાસમાં રફી અહમદ કીડવાઇનું નામ લખાય તો તે આશ્ચર્યજનક નહિ હોય.

રશીયા અને ચીનને યુધ્ધખોર મનાવવાનો પ્રયત્ન કરનાર અમેરીકા હવે તો સાવ ઉઘાડું પડી ગયું છે, જંતુયુધ્ધ અને યાલુનદી પરના વીજળીક કારખાના ઉપરનો બોમ્બમારો રશીયા અને ચીનને ખુલ્લા યુધ્ધમાં ઘસડી જઇને વિશ્વયુધ્ધનો આરોપ તેમના ઉપર નાંખી દેવામાં અમેરીકા નિષ્ફળ નિવડયું છે, રશીયા અને ચીને મીજાજ ગુમાવ્યો નથી, તેથી શાંતિ ટકી રહી છે, અને એશીયાની ભૂમિ ઉપર થનારો વિનાશ અત્યારે તો અટકી શકયો છે, રશીયા ખાતેના ભારતના એલચી રાધાકૃષ્ણન અને બીજા શુભેચ્છા અને સંસ્કૃતિમિશન તથા બીજી કેટલીક જવાબદાર વ્યક્તિઓની ચીન અને રશીયાની મુસાફરી અને નોકરી દરમ્યાનમાં થયેલા વસવાટના કારણે થયેલા અનુભવને લીધે જે નિવેદનો અત્યાર સુધી બહાર આવ્યાં છે, તે બધાનો સાર એક જ છે કે, "રશીયા અને ચીનને યુધ્ધ જોઇતું નથી, પણ યુધ્ધ

કરવા આવનાર આક્રમણખોરોને મારી હઠાવવાની તાકાતમાં તેઓ પાછળ રહેવા માગતા નથી, જે શક્તિનો ઉપયોગ યુદ્ધકાળમાં યુદ્ધોપયોગી બને તેને જ રશીયા અને ચીન શાંતિ સમયમાં દેશની શીકલ ફેરવવામાં કરી શકે છે, અમેરિકાએ એટમ અને હાઈડ્રોજન બોંબની ઉત્પત્તિ માત્ર દુશ્મનોના નાશ અર્થે કરી છે જ્યારે રશીયા અને ચીન, એ મહાન શક્તિથી દેશને આબાદ બનાવી શકે છે, ને સંકટ સમયે રક્ષણનું સાધન બનાવી શકે છે, રશીયામાં સામ્યવાદીસત્તા જ્યારે પ્રથમ શરૂ થઈ ત્યારે રશીયા આજના જેટલું બળવાન નહોતું, એટલુંજ નહિ પણ બીજાં સામ્યવાદીરાજ્યો રશીયાના મદદગાર તરીકે પણ નહોતા. એવી સ્થિતિમાં પણ સામ્યવાદી રશીયાનો નાશ કરી શકાયો નહિં, ત્યારે સંપૂર્ણ સુદૃઢ, શિસ્તપાલનમાં ચૂસ્ત, અનેક મિત્રો અને હમદર્દોના પરિવારવાળું, ચીન જેવા મહાનદેશની સાથે પ્રેમની ગાંઠે જોડાયેલું છતાં પોતાનીજ ઉપર વિશ્વાસ રાખનાર રશીયા કે ચીનનો નાશ કરવાનું દરેક પગલું અમેરિકા માટે મોતના આમંત્રણ સમાન છે, પણ તે હકીકત અત્યારે નહિ સમજાય.

# મધપુડો

## સિકંદરના મૃત્યુફરમાનો.

ગ્રીકનો બાદશાહ સિકંદર ઈ. સ. પૂર્વે ૩૨૭માં હિંદ પર ચઢી આવ્યો, હિંદને જિતી તે બલુચીસ્તાન પહોંચ્યો, ત્યાં બાલિબન શહેરમાં તે મૃત્યુશય્યા પર પોઢયો, વિશ્વવિજયી બનવા નીકળેલા તેના સ્વપ્નાં ભાંગીને ભૂક્કો થઇ ગયા, છેવટે તેની આંખો ઉઘડી, મરણ વખતે તેણે ફરમાનો કાઢયા, જે સિકંદરના મૃત્યુફરમાનો તરીકે ઓળખાય છે, આ ફરમાનો ખૂબ જ બોધ અને સત્તા-સંપત્તિની અશરણતા દર્શાવનારા છે.

મારા મરણ વખતે બધી,
મિલ્કત અહિં પધરાવજો;
મારા જનાજા સાથ,
કબ્રસ્તાનમાં પણ લાવજો. ૧

જે બાહુબલથી મેળવ્યું,
તે ભોગવી પણ ના શક્યો;
અબજોની મિલ્કત આપતાં,
પણ એ સિકંદર ના બચ્યો. ૨

મારૂં મરણ થાતાં બધા,
હથિયાર લશ્કર લાવજો;
પાછળ રહેલ મૃતદેહ આગળ,
સર્વને દોડાવજો. ૩

આખા જગતને જિતનારૂં,
સૈન્ય પણ રડતું રહ્યું;
વિક્રમદલ ભૂપાલને,
નહિં કાલથી છોડી શક્યું. ૪

મારા બધા વૈદો-હકીમોને,
અહિં બોલાવજો;
મારો જનાજો એજ,
વૈદોને ખભે ઉપડાવજો. ૫

દર્દીઓના દર્દને;
દફનાવનારૂં કોણ છે?
દોરી તુટી આયુષ્યની તો,
સાંધનારૂં કોણ છે? ૬

ખુલ્લી હથેલી રાખીને,
જીવો જગતમાં આવતા;
ને ખાલી હાથે આ જગતથી,
જીવો સૌ ચાલ્યા જતા. ૭

યૌવન ફના જીવન ફના,
જર ને જગત પણ છે ફના;
પરલોકમાં પરિણામ રહેશે,
પુણ્યનાં ને પાપનાં. ૮

×

## યૌવન અને વૃદ્ધાવસ્થા.

યૌવન એ જીવનની કોઇ અમુક અવસ્થા નથી, ખરી રીતે માનવીના મનની એ એક વિશિષ્ટ સ્થિતિ

છે, ઇચ્છાશક્તિની કસોટી છે, કલ્પનાની તેજસ્વિતા છે. ઉર્મિની પ્રબલતા છે, આરામ કે વાસના પર ઉદ્યોગ, ખંત તથા સ્ફૂર્તિનું પ્રભુત્ત્વ છે, માત્ર વર્ષોના વીતવાથી જ કોઇ વૃધ્ધ બનતું નથી, પણ જ્યારે આદર્શો નબળા પડે છે ત્યારે માનવ વૃધ્ધ બને છે, વયના વૃધ્ધત્ત્વથી ચામડી કરચલીવાળી બને છે, પણ ઉત્સાહના મૃત્યુથી આત્મા પર કરચલીઓ અંકાય છે. ચિંતા, આશંકા, જાતની અશ્રધ્ધા, ભય અને દુઃખથી માણુસ ઘરડો બની જાય છે, આ બધાયથી એની ગરદન ઝૂકી જાય છે, ઉછળતા ઉલ્લાસને તે ધૂળમાં મેળવી દે છે. —શ્રી:

×

## શોધ અને બોધ.

એક અમેરિકનની સરેરાશ વાર્ષિક આવક રૂા. ૧૦૦૫) ની છે, જ્યારે હિંદીની માત્ર રૂા. ૬૫) ની છે, છતાં હિંદી સંતોષપૂર્વક ધારે તો રહી શકશે.

ભારત પોતાની કુલ આવકના ૫૦) ટકા લશ્કર પાછળ ખરચે છે, પાકીસ્તાન ૭૦) ટકા, અમેરિકા ૨૫) ટકા, બ્રીટન ૧૭ ટકા અને રશિયા ૧૩) ટકા ખરચે છે.

માણુસના વાળ કરતાં દસગણા ઝીણા તાર બનાવવાની રીત અમેરિકાની એક સંસ્થાએ શોધી કાઢી છે. વાહ રે વિજ્ઞાન !

આખી દુનિયાના લેખકોમાં વધારેમાં વધારે શ્રીમંત કોઈ હોય તો તે નોએલ કોવર્ડ છે, એની વાર્ષિક આવક ૫૦) હજાર પાઉંડ છે.

દુનિયામાં લગભગ ૪૬૬૭) પત્રો નીકળે છે, જેમાં અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાં ૨૦૪૦) બ્રિટન તથા યૂરોપમાં ૮૩૭) ચીનમાં ૪૩૬) અને ભારતમાં ૧૨૫ ની સંખ્યા ગણાય છે.

જાણીતા ફીલ્મઅભિનેતા અશોકકુમારને યુદ્ધ અગાઉ ૧૯૩૯ માં ફક્ત ૨૫૦) રૂા. નો પગાર મળતો, આજે એકેક ચિત્રમાં તે એકેક લાખ લે છે. પૈસાનો ધુમાડો તે આનું નામ જ ને ?

મુંબઇ સરકારના વડાપ્રધાન મોરારજી દેસાઇ આદિ ૧૧ પ્રધાનોને માટે પરદેશથી ૧૧ મોટરો નવી વસાવવાનો ઓર્ડર અપાઇ ગયો છે, જેમાં ૨ લાખ અને ૧૪ હજાર રૂા. નો ખર્ચ થવાનો છે, પ્રજાને જ્યાં ખાવાના ફાંફા તેમ જ દિન-પ્રતિદિન નવા કરવેરાનો ભાર, ત્યાં પ્રધાનોને લ્હેર; પારકે પૈસે પરમાનંદ.

પોર્ચુગીઝ પૂર્વ આફ્રિકાની સરહદે કોમાટીપુર્ટ નામે હવાઇમથક પર વિમાનીઓને એવી ચેતવણી આપવામાં આવે છે કે, ત્યાંના કીડી-મંકોડા એક જ રાતમાં ઉંચા ઉંચા રાફડા બાંધી દે છે, માટે સાવચેત રહેવું. તે માટે રોજ ચોકિયાત ફરતો રહે છે.

×

## મનન માધુરી.

જે પોતે જાગ્યા પછી સતત કાર્યરત રહે છે, જેને એકાંત મળતી નથી. મન નવરૂં પડતું નથી. આવા માણસોને કામ-વિષય જાગતો નથી. કારણ કે કામનું ઔષધ કામ છે.

સોનાનાં ડાઘ અને ડાહ્યાનાં દોષ તરતજ દેખાઇ આવે છે.

પ્રત્યેક પવનને અનુસરીને ચાલતું વહાણ કિનારે નહિં પહોંચી શકે. કેટલીક વખતે પવનના તોફાનનો એને જરૂર સામનો કરવો જોઇશે.

સાચી વસ્તુ જાણ્યા પછી તેને સ્વીકારવામાં લોકલાજથી ડરનારો માનવી, જીવનમાં કશી જ પ્રગતિ સાધી શકતો નથી. કોઇ મહાન કાર્ય કરવું હોય તો જગતનો તિરસ્કાર સહન કરવાને તૈયાર રહેવું જોઇએ.

કરોડોની દોલત કરતાં બે લીટીના સમ્યગ્જ્ઞાનની કિંમત વધુ છે. અને પુસ્તકોના પુસ્તકો ભણેલા કરતાં એક વખતના સચ્ચારિત્ર્યની કિંમત કઇ ગુણી છે.

યૌવનના સદુપયોગથી પ્રાપ્ત થએલી વૃદ્ધાવસ્થા આશિર્વાદરૂપ બને છે. યૌવનના દુરૂપયોગના પરિણામે આવેલું વૃદ્ધત્વ, મૃત્યુરૂપ ગણાય છે.

પં. ક. વિ. ગણિ.

×

## ચમકારા.

એક વખતે ગ્રીષ્મઋતુમાં ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ પોતાના મંત્રી વગેરેની સાથે ઉદ્યાનમાં જતા હતા. ત્યારે રસ્તામાં જૈનાચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી

મ. સ્હામા મળ્યા. સિદ્ધરાજે તેમને પૂછયું: 'સૂરિજી! ગ્રીષ્મઋતુમાં દિવસો મોટા કેમ હોય છે?' આચાર્ય મહારાજે કહ્યું: 'રાજન્! દિગ્વિજય માટે તમે પ્રયાણ કરો છો, તમારા સૈન્યનાં ગમનથી જમીનની ધૂળ આકાશમાં ઉડે છે. આથી આકાશગંગામાં કાદવ થાય છે. તે કાદવમાં ઘો-ઘાસ ચરવામાં મઝા પડતી હોવાથી સૂર્યના અશ્વો ચાલવામાં આળસ કરે છે, માટે સૂર્યના રથની ગતિમંદ થતી હોવાના કારણે દિવસો મ્હોટા થાય છે.'

**શ્રી લલિતાબ્હેન ઓત્તમચંદ શાહ.**

×

## અદાલતનું અટ્ટહાસ્ય

એક ધારાશાસ્ત્રીની દલીલોમાં ન્યાયાધીશ વારંવાર ડખલ કરતા હતા. આથી ચીડાઈ જઈને ધારાશાસ્ત્રી બોલી ઉઠયો: નામદાર! મને વાતો કરવા માટે અને તમને સાંભળવા માટે પૈસા છે, તો મહેરબાની કરી સાંભળ્યા કરશો?' ત્યારબાદ ન્યાયાધીશ ચૂપ થઇ ગયા.

×

ઇંગ્લેંડનો એક વડો ન્યાયમૂર્તિ વકીલોની દલીલો સાંભળતી વખતે પોતાની બાજુમાં એક પાળેલા કૂતરાને બેસારતો, એક વખત કૂતરાને વ્હાલથી પંપાળવા જતાં દલીલ કરતો વકીલ થંભી ગયો, આથી ન્યાયમૂર્તિ બોલ્યા: 'તમે તમારી દલીલ આગળ ધપાવો' જવાબમાં વકીલે ટોણો મારતા કહ્યું; 'નામદાર મેં ધાર્યું કે, આપ સલાહ લઇ રહ્યા છો.'

×

ન્યાયાધીશે જોરથી દલીલો કરતા વકીલને કહ્યું; 'તમે કહો છો તે મુજબ જો કાયદો હોય તો હું મારા બધા પુસ્તકો બાળી નાંખું' વકીલે ઠંડે કલેજે જવાબ આપ્યો, 'નામદાર બાળી મૂકવાને બદલે વાંચો તો શું ખોટું?'

—(પ્રવાસી)

---


## નૂતન પ્રકાશનો આજેજ મંગાવો!

સ્વ. આ. શ્રી **સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજનાં આચારાંગ સૂત્ર, ષોડશક પ્રકરણ, અને સ્થાનાંગ સૂત્ર આદિનાં વ્યાખ્યાનો તેમજ વ્યા. વા. આ. શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનાં જાહેરપ્રવચનો આધ્યાત્મિક લેખો એટલે-

૧ **સુખે જીવવાની કળા.** [વ્યાખ્યાનો અને જાહેર પ્રવચનો] ૧-૮-૦

૨ **ઢંઢેરો** અથવા **ગુરૂમંત્ર** [આચારાંગ અને ષોડશકનાં વ્યાખ્યાનો.] ૩-૦-૦

૩ **મહાવ્રતો અને આધ્યાત્મિક લેખમાળા.** [સ્થાનાંગસૂત્રનાં વ્યાખ્યાનો અને લેખો.] ૬-૦-૦

—: લખો :—

**શાહ રતનચંદ શંકરલાલ**
ઠે. ભવાની પેંઠ **પુના-૨.**

**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

## દહેરાસરો માટે સ્પેશીયલ અગરબત્તી

**દહેરાસરો, મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જેની સુવાસ જુદીજ તરી આવે છે, તે ઉમદા અને કિંમતી પદાર્થોમાંથી બનાવેલી.**

# દિવ્ય અગરબત્તી

ઘણુંજ સુંદર વાતાવરણ સર્જે છે, આપ પવિત્ર અને સુવાસિત અગરબત્તી મંગાવી ખાત્રી કરો! અમારી બીજી સ્પેશીયાલીસ્ટો.
**દિવ્યસેન્ટ, કાશ્મીરી, શાંત, ભારતમાતા**

**નમુના માટે લખો.**

**ધી નડીઆદ અગરબત્તી વર્કસ**
ઠે. સ્ટેશનરોડ, **નડીઆદ.**

**સોલ એજન્ટ.**

**શાહ નાગરદાસ ખેતસીદાસ**
ઠે. અમદાવાદી બજાર, **નડીઆદ.**

# શંકા અને સમાધાન

[ સમાધાનકાર:—પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ]

[ પ્રશ્નકાર:—મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મ૦ ભરૂચ ]

**શં૦** કાચું મીઠું ભઠ્ઠીમાં પકાવેલ હોય તો તે મીઠું કેટલો ટાઇમ અચિત્ત રહી શકે ? કેટલાક એક મહિનો જ અચિત્ત રહેવાનું કહે છે, તેમાં સત્ય શું ?

**સ૦** ભઠ્ઠીથી પકાવેલ મીઠાનો કાલ જ નથી, જે કાલ છે તે તવામાં પકાવેલ મીઠાનો છે.

**શં૦** તીર્થંકર ભગવંતો જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં ચારે તરફ સવાસો ગાઉ સુધી કોઇ જાતની મારી-મરકી, ઉપદ્રવ વિગેરે રોગો થતા નથી, એવો ભગવંતોનો અતિશય હોય છે. મહાવીરસ્વામી ભગવાન રાજગૃહી નગરીમાં હોવા છતાં કાલસૌકરીક જેવા કસાઇઓના હાથે જીવોના વધ થાય છે, તો ત્યાં સમાધાન શું કરવું ?

**સ૦** તમોએ ચારે તરફ સવાસો ગાઉ લખ્યા છે, તેને બદલે ચારે દિશા અને ઉર્ધ્વ અધ: મળી સવાસો યોજન સમજવાં, ઉપદ્રવ ન થાય તે સોપક્રમકર્મવાલાને માટે છે, કાલસૌકરિક જેવા કસાઇઓના હાથે જે જીવોનાં વધ થાય છે, તે જીવો નિરૂપક્રમી કર્મવાળા હોય છે, એટલે એમાં ફેરફાર થઈ શકે નહિ, સોપક્રમકર્મવાળાના માટે પ્રભુનો અતિશય સમજવાનો છે, વિપાકસૂત્રની ટીકામાં પૂ. આ. શ્રી વિજયઅભયદેવસૂરીશ્વરજી મહારાજે મૃગાપુત્રના અધિકારમાં આ વિષયને સ્પષ્ટ કર્યો છે.

**શં૦** વિષ્ણુકુમારે એક લાખ યોજનનું વૈક્રિયશરીર બનાવી એક પગ મેરૂની દક્ષિણ તરફ અને બીજો પણ મેરૂપર્વતને ઓળંગીને ઉત્તર તરફ મૂકયાનું કહેવાય છે, અહિં શંકા થાય છે કે, શરીરનું માપ ઉત્સેધાંગુલનું છે, અને મેરૂપર્વત તો પ્રમાણાંગુલે છે, આ બેનો મેળ કેવી રીતે ઘટે ?

**સ૦** શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં વિષ્ણુકુમારે વૈક્રિયશરીર બનાવી મેરૂપર્વતની પૂર્વ-પશ્ચિમ પગ મૂકયાનું વર્ણન છે, અને તે ઉત્સેધાંગુલથી લાખ યોજનનું શરીર હોય અને પ્રમાણાંગુલથી જમીન મપાય તો પણ વાંધો આવતો નથી કારણ કે, દક્ષિણના એક ખૂણામાં રહેલા ભરતની મધ્યથી પૂર્વ અને પશ્ચિમનો વિભાગ ઘણો ટૂંકો છે.

**શં૦** અષ્ટાપદપર્વતની ફરતી પાણીની ખાઇ હોવા છતાં ૧૫૦૦ તાપસો જે પહેલા, બીજા અને ત્રીજા પગથીએ કેવી રીતે ગયા ? લબ્ધિથી ગએલા કે બીજાની સહાયથી ?

**સ૦** પાણીની ખાઇને નાવદ્વારા ઉતરી શકાય છે. તેમજ તેમનામાં પહેલા આદિ પગથીએ પહોંચવાની શક્તિ તપથી ઉત્પન્ન થઇ હતી તો ખાઇ ઓળંગવાની શક્તિ તપોદ્વારા ઉત્પન્ન કેમ ન થઇ શકે ?

**શં૦** ભરત મહારાજાએ વિષમકાલના જીવોની ભાવના જાણી અષ્ટાપદ પર્વત ઉપર જવા આવવા માટે એક એક યોજનના પગથીઆ બનાવ્યા તથા સગર ચક્રવર્તિના પુત્રોએ પણ અષ્ટાપદપર્વતની ફરતી દંડ રત્નથી ખાઇ ખોદી પાણીથી ભરી દીધી. આથી અનેક ભવ્યજીવો તે તીર્થના વંદન-દર્શનના લાભથી વંચિત થયા તો આ પ્રમાણે કરનાર ઉપરના આત્માઓ આરાધક કે વિરાધક ? એમનું આલંબન લઈ વર્તમાનમાં કોઇ તીર્થની રક્ષાને બહાને તેવા પ્રકારની પ્રવૃત્તિ કરે તો તે આત્મા આરાધક કે વિરાધક ?

**સ૦** તીર્થની રક્ષા માટે કરેલા ઉપાયોથી આરાધક છે. તેમનો આશય તીર્થ આશાતનાઓ કરી ડુબતા જીવોને બચાવવાનો અને તીર્થની રક્ષા કરવાનો છે. વળી યોજન-યોજનના ઉંચા પગથીઆ હોવાથી લબ્ધિ વગરના જઇ શકે નહિ, અને લબ્ધિવાળાં હોય અને દર્શન-વંદનની ભાવના હોય તો તે લાભથી વંચિત ન રહી શકે, અને તેવા પુરૂષોથી આશાતના થવાનો ભય જ નથી, વર્તમાનમાં પણ તેવા આશયથી તેવી જાતની શક્તિવાળા તેવા પ્રકારે તીર્થરક્ષા કરી શકે છે.

**શં૦ सम्मत्त चरण सहिया०** ગાથા ૧૩૫મી (બૃહત્સંગ્રહણી ગાથા ૩૧૮ની) પ્રકરણ રત્નાકર ભા. ૪થો પાનું ૮૮માં જણાવેલ છે કે, સમ્યગ્

દૃષ્ટિ શ્રુતજ્ઞાનીએ પૂર્વે નરકાયુ બાંધ્યું હોય અને પછી સમ્યક્ચારિત્ર પામ્યો હોય તે જીવ છઠ્ઠી નરકપૃથ્વીમાં ઇલિકાગતિએ ઉત્પન્ન થાય ત્યારે ૧૪/૫ ભાગ સ્પર્શે, દેશવિરતી અચ્યુત દેવલોકમાં ઇલિકાગતિએ ઉત્પન્ન થાય ત્યારે ૧૪/૫ ભાગને સ્પર્શે, પૂર્વે નરકનું આયુષ્ય બાંધ્યું હોય તે દેશવિરતિપણું ન પામે તેની સાક્ષી તરીકે ચૂર્ણિકાર મહર્ષિ કહે છે કે, '**देसविरओ हेट्ठा न उववज्जइ तेण पंचुवरिं अच्चुयं जावति भणियम्**' સમ્યક્દૃષ્ટિ (નરકાયુ બાંધેલો) સર્વવિરતિ પામે છે, તો દેશવિરતિ નહિ પામવાનું શું કારણ ?

**સ૦** જેમ ચક્રવર્તિ સર્વવિરતિપણું પ્રાપ્ત કરી શકે છે, પરંતુ દેશવિરતિપણાને પામી શકતા નથી, અર્થાત્ પાંચમા ગુણસ્થાનકને છોડી છટ્ઠે ગુણસ્થાનકે જાય છે, તેવી રીતે નારકીનું આયુષ્ય બાંધ્યું હોય તે જીવ સર્વવિરતિપણું પામી શકે છે, અને દેશવિરતિપણું ન પામી શકે, આ મુજબ સિદ્ધાન્તમાં હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? ત્રિકાલદર્શિએ જેવી રીતે જોયું હોય તેવી રીતે લખ્યું છે, નરક અને દેવગતિથી નીકળી તીર્થંકરપણું પામે, અને મનુષ્ય તેમજ તિર્યંચગતિથી નીકળીને ન પામે. તો શું નરકગતિ કરતાં મનુષ્યગતિ અને તિર્યંચગતિ હલકી છે ? નહિ જ. તેમ દેશવિરતિ કરતાં સર્વવિરતિ હલકી નથી, છતાં તે પામે અને દેશવિરતિપણું ન પામે. આ વાત આજ્ઞાગ્રાહ્ય છે, જે વસ્તુ કેવલ આજ્ઞાગ્રાહ્ય હોય તેમાં યુક્તિ આપી શકાય નહિ.

**શં૦** ગુર્વિણી સ્ત્રી તથા સ્તનપાન કરતા બાલકવાલી સ્ત્રી તપસ્યા કયાં સુધી કરી શકે ? (આયંબિલ, એકાસણુ, ઉપવાસ આદિ કરે તો કોઇ બાધ ખરો ?) આ અંગે શાસ્ત્રમાં વિધાન છે ?

**સ૦** પાંચ મહિનાનો ગર્ભકાલ થાય બાદ ઉપવાસ આદિ અધિક તપશ્ચર્યા કરવાનું બંધ રાખે એકાસણા, આયંબિલ આદિ કરવામાં વાંધો દેખાતો નથી અને બાલક જ્યાં સુધી દુધ ઉપરજ નિર્વાહ કરતું હોય અને સાધારણુ તપશ્ચર્યા કરતા બાલકના આહારને વાંધો ન આવતો હોય તો હરકત નથી, આ હકીકત પરંપરા આગમમાં તો છે જ તેમજ પ્રશ્ન આગમમાં પણુ છે.

**શં૦** લોકમાં કૃષ્ણુવાસુદેવનો મહિમા પૂજા વિગેરે બળદેવે વિમાનમાં રૂપ વિગેરે બતાવીને પ્રવર્તાવ્યો અને જેઓ કૃષ્ણુની પૂજા-ભક્તિ કરવા લાગ્યા તેમની ઇચ્છા વિગેરે બળદેવ પૂરવા લાગ્યા તો રામચંદ્રજી ભગવાન તરીકે પૂજાવામાં કોઇ કારણુ છે ?

**સ૦** નહિ જ. રામચંદ્રજીની નીતિ, રીતિ અને પ્રીતિ એટલી બધી હતી કે તે કારણેજ લોકો તેમને પૂજતા થઈ ગયા છે, વલી તેમની ભગવત્તા પ્રદર્શક ગ્રંથોનો પણુ તેઓએ એટલો બધો પ્રચાર કર્યો તેથી ક્રોડોની સંખ્યામાં તેમને પ્રભુ તરીકે માનતા થયા તેમજ સિદ્ધાવસ્થાને પામ્યા એટલે પણુ પ્રચાર વધે.


## जिनमंदिरोके उपयोगी

**रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडार पेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने-चांदीके पतरे (चदर) लगानेवाले.**

**चांदीकी आंगीओ और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चदर आपके यहां आके लकडे पर लगा देते है.**

**ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज़ सकते है.**

लीखो या मीलो.

**मिस्त्री त्रिजलाल रामनाथ**

**मु. पालीताणा** [सौराष्ट्र]

**ता. कः**—मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.

# ✻ ગૌતમ! તું સમયનો પ્રમાદ ન કર ! ✻

પૂ૦ મુનિરાજ શ્રી રોહિતવિજયજી મહારાજ.

**વીર** ભગવંતે કહ્યું કે, **ભૂચર** એવો આત્મા પોતાની લબ્ધિવડે કરીને અષ્ટાપદ પર્વત ઉપર જાય તે તદ્‌ભવસિદ્ધિક જાણવો. તે વચન સાંભળીને અષ્ટાપદ જવાને માટે ઉત્સુક થએલા એવા ગૌતમ મહારાજા ભગવંતની અનુજ્ઞા લઇને ગયા. તે પર્વત ઉપરના પહેલા પગથીએ ૧ ઉપવાસી એવા કોડીન્ન નામના ૫૦૦ તાપસો, બીજા પગથીએ ૨ ઉપવાસી એવા દિન્ન નામના ૫૦૦ તાપસો, ત્રીજા પગથીએ ૪ ઉપવાસપૂર્વક સેવાલ નામના ૫૦૦ તાપસો ચઢવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પણ આગળ વધી શકતા નથી. ગૌતમ મહારાજને જોઇને વિચાર કરવા લાગ્યા કે, પુષ્ટ કાયાવાળા એવા આ કઈ રીતે ચઢશે ? કુબેર નામના દેવને પણ વિચાર આવ્યો કે, અન્ત પ્રાન્ત આહારવડે આવું શરીર ન હોઈ શકે. ચતુર્જ્ઞાની ગૌતમ મહારાજે કહ્યું કે, એમાં ધ્યાન પ્રમાણ છે, શરીરનું કૃશપણું એ પ્રમાણ નથી. તેમના સંશયને દૂર કરવા માટે પુંડરિક નામના અધ્યયનનું નિરૂપણ કર્યું. ત્યારબાદ ગૌતમ મહારાજા નીચે ઉતર્યા. ૧૫૦૦ તાપસોએ ગૌતમ મહારાજનું શરણું લીધું. તેમના સંસર્ગથી અઠ્ઠમવાળા ૫૦૦ તાપસોને પારણું કરતાં, છઠ્ઠવાળા ૫૦૦ તાપસોને પ્રાતિહાર્યની લક્ષ્મી જોતાં, અને ઉપવાસવાળા ૫૦૦ તાપસોને ભગવંતને સાક્ષાત્ જોતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

**ભગવંતનો ગૌતમ મહારાજા પ્રત્યે ઉપદેશ**

જેવી રીતે વૃક્ષોના પાંદડાં કાળે કરીને પડી જાય છે, તેવી જ રીતે રાત્રી-દિવસાદિનો અતિક્રમ થયે છતે અથવા તો અધ્યવસાયાદિકૃત ઉપક્રમવડે મનુષ્યોનું આયુષ્ય પણ નાશ પામે છે, માટે હે ગૌતમ ! લેશમાત્ર પ્રમાદ ન કર.

કુશાગ્ર-બિન્દુવત્ જીવોનું આયુષ્ય છે, માટે પ્રમાદ કરવો નહિ. હીનભાગી આત્માઓને મનુષ્યભવ દુર્લભ છે. ચિરકાલે પણ સર્વ જીવોને દુર્લભ છે. કર્મના વિપાકો ભયંકર છે, માટે હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદ ન કર.

**મનુષ્યભવ** દુર્લભ છે, કારણ કે, પૃથ્વીકાયપણાને પામેલો જીવ ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ પસાર કરે છે. તેજ પ્રમાણે અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં સમજી લેવું. વનસ્પતિકાયમાં ઉત્કૃષ્ટ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પસાર કરે, બે-ઇંદ્રિયમાં, તેઇંદ્રિયમાં અને ચઉરિંદ્રિયમાં સંખ્યાતાં વર્ષ, પંચેન્દ્રિય તિર્યંચમાં અને પંચેન્દ્રિય મનુષ્યપણે ઉત્કૃષ્ટ ૭-૮ ભવ પસાર કરે, મનુષ્યત્વ પ્રાપ્ત થવા છતાં પણ પછી-પછીના ગુણો દુર્લભ છે, મનુષ્યપણા પછી આર્યત્વ અને આર્યત્વ મળ્યા પછી પંચેન્દ્રિયની સંપૂર્ણતા દુર્લભ છે, પાંચે ઇન્દ્રિયોની સંપૂર્ણતા મળવા છતાં ધર્મનું શ્રવણ દુર્લભ છે. કુતીર્થિકોની વાણી મળવી સુલભ છે. કારણ કે, તેઓ લોકને અનુકુળ આવે તેવું કહે છે, ઉત્તમ શ્રવણ મળવા છતાં તત્ત્વની શ્રદ્ધા દુર્લભ છે. તત્ત્વની શ્રદ્ધા થવા છતાં કાયાવડે તેનો સ્પર્શ કરવો દુર્લભ છે. રોગીને અપથ્યની માફક જીવને વિષયો પ્રિય હોય છે, એટલે કાયાવડે કરીને જીવ તત્ત્વનો સ્પર્શ કરી શકતો નથી. શરીર એ જીર્ણ થઇ જશે. કેશ ધોળા થઈ જશે. કર્ણનું બળ નાશ પામી જશે. શરીરનું બધું સામર્થ્ય અસ્થિર છે, માટે હે ગૌતમ ! સમય પણ પ્રમાદ ન કર.

અરતિ-ગ્રહપીડા, અજીર્ણ—સદ્યોઘાતી

# અમે અને તમે............સંપાદકીય પત્રપેટી.

## અમારા લેખક બન્ધુઓને.

'કલ્યાણ'ની મમતાથી પ્રેરાઇને સંખ્યાબંધ લેખકો અમારા પર લખાણો, અહેવાલો, ધાર્મિક સમારંભ-મેળાવડાના પ્રવચનો, નિવેદનો, ચર્ચાપત્રો, ઇત્યાદિ 'કલ્યાણ'માં પ્રસિદ્ધ કરવા મોકલાવી આપે છે, અને દરેકને પોતાના લખાણો 'કલ્યાણ'માં પ્રગટ કરવા માટે ઉત્સુકતા હોય છે, પણ સહુએ સમજી લેવું ઘટે કે, 'કલ્યાણ'ના સંપાદકને કેટ-કેટલી મુશ્કેલીઓ વચ્ચે કામ કરવાનું હોય છે, લેખો વ્યવસ્થિત કરી, આશય જળવાઇ રહે તે રીતે કાપકૂપ કરી અમારે પ્રસિદ્ધ કરવાના રહે છે.

'કલ્યાણ' હાલ દરમહિને બધું મળીને ૬ ફરમાનું વાંચન આપે છે, આટ-આટલી મોંઘવારીમાં રૂા. ૫) ના લવાજમમાં 'કલ્યાણ'ને એ પોસાતું નથી. છતાં 'આજીમંડળની યોજના' દ્વારા, તેમ જ 'કલ્યાણ'ના શુભેચ્છક પૂજ્યપાદ આચાર્ય ભગવંતો આદિ પૂ. મુનિવરોની કૃપાદૃષ્ટિથી હાલ 'કલ્યાણ'નું કાર્ય આગળ ધપી રહ્યું છે, તેના ઉદ્દેશાનુસાર પ્રગતિ કરતું રહ્યું છે.

જે જે લેખકોના લેખો સાર વિનાના તથા કેવળ લખવા ખાતર, અને છાપામાં પ્રગટ કરવા ખાતર ધકેલાયા હોય છે, તેવા લેખોને અમે રદબાતલ કરીએ છીએ. તદુપરાંત; સભાઓના અહેવાલો, સંસ્થાઓના સમાચારો તદ્દન ટૂંકમાં સમાજ તથા ધર્મદૃષ્ટિએ ઉપયોગી હોય તેને અવસરે સ્થાન હોય તો પ્રગટ કરવા અમે લલચાઇએ છીએ, પણ 'કલ્યાણ' સમાચારપત્ર નહિ હોવાથી, સમાચારો મોકલનારાઓએ એ વિષે આગ્રહ નહિ રાખવો.

જેઓ ધાર્મિક મેળાવડાઓમાં થયેલા પ્રવચનો, ભાષણો, પ્રગટ કરવા અમને મોક-

---

રોગ તારા શરીરને સ્પર્શશે, ત્યારે તું થોડો પણ ધર્મ નહિં કરી શકે, માટે હે ગૌતમ! પ્રમાદ ન કર.

ધન-ધાન્યાદિ વમેલાનું ફરી પાન કરતો નહિ. મિત્ર તથા બાન્ધવોની શોધમાં ફરી પડતો નહિ.

આજે જિન દેખાતા નથી. ઘણા માર્ગો છે. છતાં અરિહંતે ઉપદેશેલો માર્ગ આજે પણ હયાત છે. અનંત-જ્ઞાનીઓએ ઉપદેશેલા તે માર્ગના વિશ્વાસથી ધર્મી જીવો કદી પ્રમાદ કરતા નથી.

કોઇક દુઃખી ઘણા ઉપાયો વડે કરીને સોનું મેળવીને પાછો ફરી કેટલાક દીવસ તે ભાર ઉપાડીને પત્થરાદિકથી વ્યાપ્ત એવા માર્ગમાં ઓહો! આ ભારથી હું ભારે થયો, એમ વિચાર કરી તેનો ત્યાગ કરી ઘેર આવે અને અત્યંત નિર્ધનપણાવડે પછી પશ્ચાત્તાપ કરે, એ પ્રમાણે પ્રમાદથી તું પણ સંયમભારનો ત્યાગ ન કર, અપ્રમત્ત થા, નહીં તો પછી પશ્ચાત્તાપ કરવો પડશે. કિનારે પહોંચવા આવ્યો છે, હવે જરા પણ પ્રમાદ ન કર.

હેયોપાદેય જેણે જાણ્યું છે, એવો તું વીતરાગની વાણીરૂપ ચંદનરસના છાંટણાથી કષાયાદિક તાપથી શીતળ થયેલો છે. હે ગૌતમ! તું અપ્રમત્તપણે સંયમનું આચરણ કર. આવી અર્થપ્રધાન ભગવાનની વાણી સાંભળી ગૌતમ-સ્વામિની જેમ આપણે પણ પ્રમાદનો ત્યાગ કરવો જોઇએ. અને શ્રી જિનધર્મની આરાધના કરવા માટે અપ્રમત્ત બનવું જોઇએ.

લાવી આપે છે, તેમને કહેવું જોઇએ કે, જે પ્રસંગને અંગે એ ભાષણ થયું હોય, તે પ્રસંગ પૂર્ણ થયા પછી 'કલ્યાણ' માં એ પ્રગટ કરવાનો કાંઈ અર્થ નથી રહેતો, 'કલ્યાણ' માં મેળાવડાઓ કે અભિનંદન સમારંભોના ધાર્મિક પ્રવચનો પ્રસિદ્ધ કરવાનો અમે રિવાજ રાખ્યો નથી, 'કલ્યાણ' ની એ નીતિ પહેલેથી નથી. માટે હવેથી કોઇએ એવા લખાણો મોકલવાં નહિ, મોકલતા પહેલાં સ્વતંત્ર રીતે તૈયાર કરી મોકલવા.

'કલ્યાણ' માટે જેઓ લેખો મોકલી આપે છે, તેઓએ કાગળની એક બાજુએ સ્વચ્છ, શાહીના અક્ષરોમાં, હાંસીયા કરીને, પેરેગ્રાફ પાડીને, ભાષા તથા શબ્દની શુધ્ધિપૂર્વક લેખો મોકલવા. 'બાલજગત, મધપૂડો, એ શું કરે ?' કે 'કલમ કે દોસ્ત' આ બધા વિભાગોમાંથી જે જે વિભાગ માટેના લેખો હોય, તે વિભાગનું નામ લખીને લેખના અંતે નામ, ઠામનું પૂરેપુરૂં સીરનામું કરી અમને. લેખો મોકલવા. આ નિયમોના પાલનપૂર્વક લેખો મોકલનારના લેખો ઉપર ધ્યાન અપાશે. એ સિવાયના લેખો રદ થાશે.

સંપાદકનો નિર્ણય લેખોની પસંદગીમાં છેવટનો ગણાશે. નાપસંદગીના કારણોની ચર્ચામાં ઉતરવાની જરૂર રહેશે નહિ. લેખ તરત જ પ્રગટ થવો જોઇએ એવો આગ્રહ, લેખકોએ ન રાખવો.

કલ્યાણના 'બાલ જગત' માં કે 'મધપૂડો' માં પ્રગટ કરવા માટે જેઓ બોધ–વાકયો, ટૂચકાઓ તથા વિજ્ઞાનની શોધ વગેરે મોકલે છે, તેઓને જણાવવાનું કે બોધવચનો અત્યાર અગાઉ ઘણા પ્રસિદ્ધ થઈ ગયા છે. હજુ અમારી પાસે સીલકમાં પણ ઘણાં એવાં લખાણો છે. માટે ખાસ મૌલિક સુંદર કૃતિઓ સિવાય કોઇએ એવા લેખો મોકલવા નહિ. ટૂચકાઓ કે વૈજ્ઞાનિક શોધના મોકલનારાઓએ નવાં અને અજાયબી ભરેલા તથા પ્રમાણિક પુસ્તકો, છાપા કે સામયિકમાંથી ઉધ્ધૃત કરેલા હોય તેજ અમને મોકલવા. અને તે પણ લેખની નીચે નોંધ કરીને મોકલવા. આ સિવાય મોકલેલા લેખો તરફ ધ્યાન નહિ અપાય.

'કલમ કે દોસ્ત' માટે જે રીતે નવી સૂચના 'કલ્યાણ'માં પ્રગટ થઇ છે, તેને બરાબર ધ્યાનપૂર્વક વાંચી–સ્હમજી અમને તમારાં નામો મોકલાવો અને ઇનામી યોજનાનો લાભ ઉઠાવો !

## તમારા જવાબો.

**શ્રી અમૃતલાલ એચ. દોશી. વાવ–** તમારા લેખો મલ્યા. લેખો બહુ લાંબા છે, ભાષા–શુધ્ધિ આદિ નથી. હવેથી ટુંકા, મનનીય વાર્તા આદિ લેખો મોકલતા રહો.

**શ્રી રસીકલાલ એમ. શેઠ**—લેખ મલ્યો. બરોબર લખાયો નથી.

**છોટાલાલ લખમશી દોઢીયા**–લેખો મોકલતી વેળા સૂચનાઓ પર ધ્યાન આપશો.

**રમણલાલ કે. શાહ.**–અવસરે લેખો પ્રગટ થતાં રહેશે.

**રમેશચંદ્ર ઠાકોરલાલ ખંભાત**–વચનામૃતો અત્યારસુધી ઘણાયના આવે છે. વાકયો બોધવચનો, ઇત્યાદિને હમણાં હમણાં નવા લેવા બંધ કર્યા છે.

**કિશોરકાંત ગાંધી લીંબડી**-તમારા બધા લેખો અમારી પાસે છે, ઉપયોગી હોય તે પ્રગટ થાય છે. એકજ ઢબના, એકજ વિષયને સ્પર્શતા વાર્તાઓ કે પ્રસંગચિત્રો કરતાં જેમાં ધાર્મિક, નૈતિક તથા સુંદર બોધ રહ્યો હોય તેવી વાર્તાઓ લખાય તો ઇચ્છનીય છે.

# જીવનના ભોગે જીવાડો !....શ્રી કાંતિલાલ ભૂધરદાસ શાહ. મોરબી.

શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરદેવે વર્ષોની દિવ્ય સાધના કરી, સાડા બાર વર્ષ અધ્યાત્મ સાગરોનું વિચાર અને વૈરાગ્ય દ્વારા મંથન કરી અમૃત મેળવ્યું હતું કે જે માનવીને અમર બનાવે–દિવ્ય બનાવે. ઉન્નતિના શિખરે ચઢાવે. દુનિયાભરનાં શાસ્ત્રો જેમાં આવીને સમાય એવું માનવ–સમાજને એક સાંકળે બાંધી રાખનાર, ધર્મના મૂળ ઉદ્દગમ–સ્થાનરૂપ જીવનનું મહામોલું જે તત્ત્વ, તે છે–**અહિંસા પરમો ધર્મ:**

---

**શ્રી નવીનચંદ્ર રતિલાલ શાહ વઢવાણ**–તમારી બધી વાર્તાઓ મલી છે. લખવામાં તમારી મહેનત ઘણી છે. પણ ન્હાના સુંદર સ્વચ્છ શાહીના અક્ષરોથી કાગળની બાજુમાં હાંસીયા રાખી, પેરેગ્રાફ પાડી ટૂંકી–ટૂંકી વાર્તાઓ અમને લખી મોકલશો. અવસરે સ્થાન આપીશું.

**હેમચંદ ન્યાલચંદ વોરા**–'સત્સંગ' નો લેખ પ્રગટ થઇ શકશે નહિ.

**ભાઈ રમણિક વ્રજલાલ જૈન લીંબડી**–'પગપાળો પ્રવાસ' નહિ પ્રગટ થઇ શકે. આના કરતાં સુંદર શૈલીમાં યાત્રા—પ્રવાસ લખી મોકલો તો સારૂં !

**ખેતશી વાઘજી ગુઢકા**–'માનવ જીવન' લેખ મલ્યો કોઈ સુંદર લેખ લખી મોકલો.

**ભાઇ શ્રી 'બાગ' ઝાંઝીબાર–આફ્રીકા.** તમારો તા. ૧૧–૭–પ૨નો પત્ર મલ્યો. તમારા પત્રનો વિસ્તારથી જવાબ પરમાર્થ પત્રમાળામાં આગામી અંકે પ્રગટ થશે. તે ધ્યાનપૂર્વક જોઇ જશો.

**ભાઈ પ્રવીણચંદ્ર મહેતા–ગદારફ–સુદાન (આફ્રીકા)** તા. ૨૩–૭–પ૨ના દિવસે તમારો પત્ર મલ્યો. જવાબ 'પરમાર્થ પત્રમાલા' માં આગામી અંકે પ્રગટ થશે. તમે લખેલી હકીકત સાચી છે. આપણા દેશ નાયકો અને પ્રજા જ્યાં અજ્ઞાનમાં અથડાતા હોય ત્યાં થાય શું ?

અહિંસા એજ જીવનની પરમ સંસ્કૃતિ છે. અહિંસાનો સિધ્ધાંત સમજાવતા શ્રમણ ભગવન શ્રી મહાવીરદેવે કહ્યું હતું કે,ધર્મનું મૂળ તત્ત્વ અહિંસા છે,જે ધર્મમાં અહિંસા નથી તે ધર્મ નથી. જે માનવીમાં અહિંસાનું તત્ત્વ નથી તે માનવી નહિં પણ પાશવ છે. જીવન સૌ કોઈને પ્રિય લાગે છે. જીવવું એ સૌ કોઇને ગમે છે. મનુષ્યને વધુમાં વધુ પ્રેમ પોતાના જીવન પ્રત્યે છે. ત્યાં વિચાર કરો કે મૃત્યુ કેવી ભયંકર કલ્પના લાગશે ? મૃત્યુનું નામ પડતાંજ માનવીના આશાના મિનારા જમીનદોસ્ત થઇ જાય છે. જાણે જીવંનનું સર્વસ્વ ત્યાં નાશ પામતું ન હોય ! જીવનનો આનંદ ત્યાં ઝેર–રૂપમાં પરિણમતો ન હોય! મૃત્યુ એજ જીવનનું મહાન્માં મહાન્ દુઃખ છે, આપણને મરવું નથી ગમતું પણ મરણના પ્રસંગોય આપણને નથી ગમતા. કોઇ મારવા આવે તે પણ આપણને નથાં ગમતું. એમ શા માટે ?

આપણને પોતાનું જીવન કેટલું પ્રિય લાગે છે ? જેના હાથે આપણું મૃત્યુ થાય તેના પ્રત્યે કેટલો શ્રાપ અને તિરસ્કાર વર્તાવીએ છીએ ? સદાચારના શાસ્ત્રોમાં કહ્યું છે કે **'आत्मन: प्रतिकूलानि परेषां न समाचरेत्'** નાનું છતાંયે મહાન્ ભાવને સમાવતું કેવું સુંદર સૂત્ર છે ! તમને જે પ્રતિકૂળ છે. તમને જેના પ્રત્યે અણગમો છે તેવુંજ તમે બીજા પ્રત્યે આચરણ કરશો મા. જે તમને નથી ગમતું તે બીજાને નહિંજ ગમે. આપણા સ્વાર્થની ખાતર, ક્ષણિક આનંદની ખાતર કોઇના જીવનનું સર્વસ્વ લુંટવું ત્યાં માનવતા મરી પરવારેલી હોય છે.

આપણે મનુષ્ય છીએ, પણ માનવતા–વિહોણા છીએ, સમાજને શ્રાપરૂપ છીએ. આજનો યુગ એટલે વિકાસવાદનો યુગ. વિજ્ઞાનવાદનો યુગ. સંસ્કારિતાનો યા શિક્ષણનો યુગ. આપણે માનીએ છીએ કે અમે આગળ વધી રહ્યા છીએ, જીવન સંસ્કારી બનાવી રહ્યા છીએ. પણ જીવન તરફ દૃષ્ટિપાત કરીએ ત્યારે જીવન તરફ તિરસ્કાર છુટયા વિના નહિ રહે આર્ય–સંસ્કૃતિનું સુંદર ગીત હતું કે 'જીવો અને જીવવા દો' તમે પણ જીવો અને બીજાને પણ જીવવા દો. જેટલો જીવવાનો અધિકાર તમને છે. તેટલોજ અધિકાર બીજાને છે, તમારા જીવન વચ્ચે જે આડખીલી રૂપ

અને એને તમે ફગાવવા તૈયાર થાઓ છો તો બીજાના જીવનમાં સંકટો ઉભા કરવાનો તમને શું અધિકાર છે ? જે તમે આપી શકતા નથી તે તમે લઇ પણ કેમ શકો ?

તમે પૂર્વના સુકૃતથી મનુષ્યો બન્યા છો ! તમને બુદ્ધિ-પ્રતિભા મલી છે, તે શા માટે ? શું તમારા સ્વાર્થની ખાતર ષડ્યંત્રો રચી તમારી બુદ્ધિની જાળમાં લાખોનો જાન લૂંટવા ? તમારી તરસ લોહીથી છીપાવવા ? નહિ, માનવી મંગલમય બની અહિંસાનો પૂજારી બની વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપે, પોતે પણ જીવે અને બીજાને પણ જીવવા દે.

આજે કુદરતની ધારણાઓ ધૂળ ભેગી કરવા જગત્ મથી રહ્યું છે, જડવાદનો પવન જોર-શોરથી ફૂંકાઇ રહ્યો છે અને જ્યારે અમારૂં ભારત સ્વતંત્ર થયું, અમારા બાંધવોના હાથમાં અમે રાજ્ય—ધૂરા સોંપી, અમને લાગ્યું હતું કે, અમે પરાધીન છીએ, કચડાએલા છીએ. ધાર્મિક-પારતંત્ર્યતા અનુભવીએ છીએ. અમારા હાથમાં સ્વરાજ્ય આવશે ત્યારે ધાર્મિક સ્વતંત્રતા અમને મળશે, મૃત-પ્રાયઃ બનેલો અહિંસા-ધર્મ ફરી આ ભારતવર્ષ ઉપર ઝળહળશે, લોકોના જીવન અહિંસામય બની જશે, ધર્મના પાયા ઉપર રાજ્યતંત્રો રચાશે, આર્યસંસ્કૃતિ એજ જીવનનું પરમ અંગ છે, એમ સમજી રાષ્ટ્રના સૂત્રધારો ધાર્મિકતાને અપનાવી તેનો વ્યાપક પ્રચાર કરશે.

આઝાદી આવી, સ્વતંત્રતા મળી, આઝાદીનો વાવટો ફરકયો, પરતંત્રતાની બેડીઓ તૂટી, સ્વતંત્રતાના દીવા પ્રગટયા, પણ અમારા માટે તો આજે કાળી અમાસની રાત જ રહી. અમારા જ રાષ્ટ્ર-વિધાયકોના હાથે ધર્મનું ખૂન થઈ રહ્યું છે, ધર્મ એ એક નમાલો, સત્ત્વહીન, કલેશજનક અને અર્થવિહીન છે, એમ મનાઇ રહ્યું છે. લોકોએ ધાર્મિકતાને તિલાંજલી આપી, માનવ માનવી મટી પશુ બન્યા, કેવળ પોતાની સ્વાર્થ ભાવના સંતોષવા લાખોના જાન લૂંટવા, આવો જીવનસિધ્ધાંત રચાયો. તીડો આવ્યા, ક્ષેત્રોના પાક બગાડે છે; વાંદરા બહુ વધ્યા, પ્રજાની સલામતી જોખમાય છે; રોઝ વધ્યા, પ્રજાના જીવન-તત્ત્વોનો વિનાશ કરે છે; જેને રાષ્ટ્રપિતા તરીકે માન્યા, રાષ્ટ્રના નવવિધાયક માન્યા, તેમના વિદ્વાન્ શિષ્યો ગાંધીવાદીશ્રેણિના પંડિતો અને ઉપાસકો જેમના ઉપર પ્રજાએ વિશ્વાસ મૂકયો હતો, પ્રજા એમ માનતી હતી કે, અમને પૂછવાનું સ્થાન આ છે, અમને સાચો રાહ આ બતાવશે. કારણ કે, આધુનિક યુગના આ સંતો છે, તેમને પૂછતાં જવાબ મળ્યો; ગોળી ચલાવો, મશીનગન ચલાવો, પરદેશી કાતિલ-શસ્ત્રો ચલાવો. આપણી સરકાર એવો કાયદો કરે કે, વાંદરાની વીશ પૂંછડી લઈ આવે તેને દશ રૂપીઆ ઇનામ. નિર્દોષ પશુઓનો વધ થાય એવી તરકીબો શોધાઇ રહી છે, નિર્દોષ અને મુંગા પ્રાણીઓના જાન નાચીઝ માનવીઓની ખાતર લુંટાણા, માનવીના સ્વાર્થના ખપ્પરમાં લાખોના ભોગ દેવાયા, તો પણ આજે માનવીને સંતોષ નથી, જેઓ જંગલમાં રહે છે, તૃણ તથા પાણી પીએ છે, વૃષ્ટિદ્વારા તૈયાર થએલું ઘાસ ખાઇ જેઓ પોતાનું ગુજરાન ચલાવે છે, એવા નિર્દોષ પશુઓ ઉપર મનુષ્યોની કાતિલ છરી ચાલે છે, તે પણ માનવ-રાહતના નામે, માનવ-સહારાના નામે, માનવસંસ્કૃતિ અને સંસ્કારના નામે, ભારતના અધઃપતનનું આ કરૂણ ચિત્ર છે. ભારત સરકાર પશુઓના વધની ખાતર લાખો રૂપીઆની યોજના ઘડે એ વધુ કરુણ ચિત્ર છે.

કહેવા દો કે, આર્ય-સંસ્કૃતિના પાયામાં આજે સુરંગ મૂકાઇ રહી છે. જે આર્ય-સંસ્કૃતિ વરસો પહેલાં મંગળ ગીતો ગાતી, વિશ્વ-વાત્સલ્યની વીણા વગાડતી, માનવી માનવી વચ્ચે અહિંસાની પ્રતિષ્ઠા સ્થાપતી ત્યારે લોકો શાંત હતા. લોકો પાસે શસ્ત્રો ન હતાં, અણુબોમ્બ ન હતા, માનવીના રક્ષણની ખાતર ગંજાવર શસ્ત્રો ન હતાં. છતાં યે વિશ્વ શાંત હતું. વિશ્વ ઉપર શાંતિનું સામ્રાજ્ય હતું. વિશ્વ પ્રેમના સાગરમાં ઝીલતું હતું. વાત્સલ્યનાં ઝરણાંઓ માનવીના હૈયામાં વહેતાં હતાં. પોતાના સ્વાર્થની ખાતર કોઇનો જાન લુંટવો એ માનવી માટે પાપરૂપ મનાતું હતું.

આગળ વધીને શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરદેવે દિવ્ય તત્ત્વ સમજાવ્યું. માનવતાના મોંઘેરા મંત્રો શીખવ્યા. **જીવો અને જીવવા દો** એ તો માનવતાની સામાન્ય ભૂમિકા છે, પણ **જીવતરના ભોગે જીવાડો** એ તો માનવતાની પરાકાષ્ઠા છે. માનવતાનું કેટલું સુંદર સૂત્ર. વિશ્વવંદ્ય વિભુએ તેની પીછોડી સમ-

# કચરો............પૂ. મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજ.

સંસાર વહેવારમાં કુશળ માણુસો ઘરમાંથી કચરો કાઢતાં બહારનો કચરો પવનથી ઘરમાં ન આવે અને કઢાતો કચરો પણ પવનથી ઘરમાં ફેલાઈ સ્થાન જમાવે નહિ, તેની તકેદારી તરીકે ઘરનાં બારી-બારણાં બંધ કરી કચરો કાઢી ભેગો કરી બહાર ફેંકી દે છે, તેવી રીતે દેશવિરતિ કે સર્વવિરતિની ધાર્મીક ક્રિયા કરવી, તે આત્માને લાગેલ કર્મ રૂપી કચરો સાફ કરવા માટેની છે, અને તે કર્મ રૂપી કચરો કાઢતાં મોહરૂપી મહાન પવનના જોરે ક્રોધાદિક કષાયો રૂપી કચરો આત્મ રૂપી સ્વઘરમાં પ્રવેશ ન કરી જાય તેની ખુબ ખુબ કાળજી રાખવાની છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર આશ્રવના દરવાજા છે, તેને બંધ કરીને ધર્મની નાની-મોટી કોઇ પણ ક્રિયા કરવાથી જ આત્મશુદ્ધિ થતી આવે છે. આશ્રવના દરવાજા ઉઘાડા હોય અને ક્રિયા ચાલુ હોય એથી તો આંધળો દળે અને કુતરૂં ચાટે એટલે માલ જાય અને મહેનત માથે પડે એ બે નુકશાન છે, માટે હે ચેતન ! જેમ મહાપુરૂષો અને મહાસતીઓએ આત્માને લાગેલ કર્મરૂપી કચરો સાફ કરતાં બહારનો બીજો કચરો ક્રોધ, અભિમાન, દંભ, દ્વેષ, ઇર્ષ્યા વિગેરે પ્રવેશી ન જાય તેની ખુબખુબ તકેદારી રાખેલ છે.

ભયંકર આપત્તિમાં મુકનાર મૂલા શેઠાણી ઉપર જરા પણ દ્વેષ ન કરતાં ધ્યાન માટે એકાંત સ્થાન આપનાર આતો ઉપકારી છે, એવી ભાવનાથીજ આત્મશુધ્ધિમાં ચંદનબાળા આગળ વધી ઉપરાંત ભગવાનને બાકુળા વહોરાવ્યા, દેવદુંદુભિ વાગી, બેડી તૂટી, માથે સુંદર કેશ આવી ગયા, શાસનનો જયજયકાર બોલાઈ ગયો, ત્યારે મૂલા પગમાં પડી ક્ષમા માગે તે પહેલાં એના હાથ ઝાલી ચંદનબાળાએ મા શા માટે તારે ક્ષમા માગવાની હોય, આ બધો તારો પ્રતાપ છે.

---

જાવી. તમે જીવો બીજાને જીવવા ધો. તમારૂં જીવન પરને-જગતના બીજા કોઈ પણ જીવને પ્રતિકૂળ-દુઃખ રૂપ થઇ ન પડે એવું સુંદર તમારૂં જીવન બનાવો. તેથી આગળ વધો. પારકાની ખાતર જગતના કોઇપણ પ્રાણીની ખાતર તેના સુખ, શાંતિ અને અનુકૂળતા માટે તમે જીવન-સર્વસ્વનો ભોગ આપો, જીવન ન્યોચ્છાવર કરો ! પારકાના ભલાની ખાતર નિઃસ્વાર્થભાવે પુલકિત-હૈયે બલિદાન આપો, તેમાંજ જીવનનો આનંદ છે, આવું મરણ મહોત્સવરૂપ થઇ પડે છે. આવી ભાવના જે માનવીના હૈયામાં રમતી હશે, તે માનવી હિંસા, વેર અને વિરોધો યા વિનાશની ચીનગારીઓ કેમ સળગાવશે ? એ પોતાના જીવનની શાંતિની ખાતર નિર્દોષોના જાન નહિં લૂંટે, વિશ્વશાંતિની ખાતર લાખોના લોહીની ગંગા નહિજ વહેવડાવે, વિશ્વના મુત્સદ્દીઓને, માંધાતાઓને, રાજ્યશેત્રંજના રમકડાઓને અમે નમ્રભાવે વિનવીએ છીએ કે, વિશ્વશાંતિની ખાતર હિંસાને અપનાવશો મા ? શસ્ત્રાગારને સજશો મા ? તમારા જીવનમાં મહામૂલ્ય અહિંસાને ઉતારજો, સાચી માનવતાને વિકસાવજો, અઢી હજાર વર્ષો પહેલાં થએલા શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના સિધ્ધાંતને યાદ કરજો.

જે દિવસે વિશ્વ ઉપર અહિંસાનું સામ્રાજ્ય આવશે તે દિવસનું પ્રભાત મંગળમય હશે, અહિંસા એ વાત્સલ્યભાવની જનની છે, જીવનની અસ્મિતા છે, સ્વર્ગની સીડી છે, મુક્તિનું દ્વાર છે, વેરં વેરેણ વડ્ઢઇ વેર વેરથી વધે છે, વેર વેરથી શાંત ~~નહિ થાય~~, લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી સાફ નહિ થાય, તે કપડાંઓને નિર્મળ સરિતામાં સાફ કરવાં પડશે, વેરની જ્વાળાઓને શાંત કરવા શાંતિના સાગર રેલાવવા પડશે, અહિંસા એ શાંતિનું આલય છે. સાચો શૂરવીર તે છે કે, જેણે પોતાના જીવનમાં આવી અહિંસાને વણી છે.

મંગલ એ જીવનને, ધન્ય એ મૃત્યુને !

# હું કોણ ?...........ડોકટર વલભદાસ નેણસીભાઈ

પોતે કોણ છે, ? આ દ્રશ્ય જગત શું છે ? તેનો અને પોતાનો સંબંધ કેટલો છે ? કેટલો વખત રહેવાનો છે ? આ સર્વ બાબતનો વિચાર કરી તેમાં ત્યાગ કરવા યોગ્ય, અને આદરવા યોગ્ય ભાવોનો વિવેક કરી તેની સાથેના પોતાના સંબંધની ચોખવટ એકવાર આ પ્રાણી કરી નાંખે, અને તદનુસાર પોતાનો જીવનક્રમ ગોઠવી નાંખે, તો પછી એને દુનિયાની ઓશીયાળ તો મટી ગયેલી જ હોય છે અને આંતરરિપુનો ભય પણ નાશ પામે છે. જીવન સફળ કરવા માટે ભગવાનને શરણે જવાની જરૂર છે અને ભગવાનનું શરણ એટલે શુદ્ધાત્મદશાની પ્રાપ્તિની વાત સમજવાની છે.

હું કોણ છું ? તેની તપાસ કરવી. જે પ્રશ્ન પૂછે છે તેની તપાસ કરો. જ્યાંથી પ્રશ્ન ઉત્પન્ન થાય છે તેના મૂળમાં ઉંડા ઉતરો. હારમોનીયમના પહેલા સુરના આધારે બીજા સુરો નીકળશે અને તેને આધારેજ રહેશે. તેજ પ્રમાણે અધિષ્ઠાનનું અનુસંધાન રાખવું. અહંકાર એ શરીર નથી તેમજ આત્મા નથી. જેઓ કહે છે કે, મને અજ્ઞાન નડે છે, તે અહંકારથી બંધાયેલો છે. આત્મા કહેતો નથી કે, મને અજ્ઞાન છે. ધર્મની બાબતમાં પણ કેટલીકવાર અહંકાર એવો ઘૂસી જાય છે કે, માણસને પોતાની ભૂલની ખબર પડતી નથી.

ભક્તિમાર્ગવાળા શરણભાવથી મૂળતત્ત્વને પ્રાપ્ત કરે છે. ત્યાં શરણભાવ એટલે અહંકારનું શરણ સમજવાનું છે. અહંકાર પરિચ્છિન્ન ભાવ ઉત્પન્ન કરે છે અને તેને દૂર કરવો કેટલાકને મુશ્કેલ લાગે છે. તેથી તે માટે પ્રબળ પુરૂષાર્થની જરૂર છે. શરણભાવના દ્રષ્ટાંત તરીકે જેમ નદીઓ સમુદ્રમાં જઇને પોતાનું નામ અને

---

જુઓ ખુબી, આ વખતે શ્રીમતી ચંદનાએ અભિમાનને પણ પ્રવેશ થવા ન દીધો તે નજ દીધો, તેમ હે ચેતન ! તું સાધુ હો કે શ્રાવક હો અગર ગમે તે હો પરંતુ બહારના નિમિત્તોથી ન મુંઝાતાં અંતરંગ શત્રુઓને પીછાની તેઓ પ્રવેશી ન જાય તેની અત્યંત કાળજી રાખી જીવન જીવજે. કોઇ ધક્કો મારે અગર ધક્કો કોઇનો લાગે તે વખતે સાન-ભાન ગુમાવી દઈ ન બોલવાનું બોલી ઝગડો વિગેરે કરી વૈર રાખી આત્માને મલીન બનાવી વૈરની પરંપરા ઉભી કરી ઘણું ગુમાવ્યું.

હવે બીજી બાજુ વિચાર કરતાં તું પોતે રસ્તે જતો હોય તે અવસરે તને પોતાને ઠોકર વાગે, મોટા પત્થરા ઉપર તું પડે, માથું ફુટે ત્યારે કોના ઉપર ગુસ્સો કરીશ ? બીજાના લાગેલા સામાન્ય ધક્કા કરતાં પત્થરા ઉપર પડી જઈ માથું ફુટવાનું નુકશાન વધારે છે, છતાં તારે શાંત રહેવું પડે છે, તો વિચારક બનીને મારો આત્મા બીજાના ઉપરના દુર્ભાવથી મલીન ન બને તેની કાળજી રાખતો જા. મરણાંત કષ્ટ આપનાર ભયંકર અપરાધી એવા સોમીલ સસરાને પણ ગજસુકુમાળ મહાત્માએ અત્યંત ઉપકારી માન્યા તે, અને એવાં અનેક આદર્શ દષ્ટાંતો નજર સમક્ષ રાખી જીવન જીવતાં શીખીશ એટલે અનાદિ કાળથી લાગેલ અને લાગતો કષાયોરૂપી કચરો દુર થતો આવશે અને આત્મશુદ્ધિ તરફ આગળ વધાશે. પરમાર્થ તત્ત્વો સામે આક્રમણ હોય ત્યારે શાંત બેસી રહેવાય નહિં. તત્ત્વોની રક્ષા માટે લાલ પણ થવું પડે, યોગ્ય પ્રતીકાર પણ કરવો જોઇએ, પ્રશસ્ત ઉપાયો પણ કરીને રક્ષણ કરવું એ તો જરૂરી છે.

# સત્ત્વની કસોટી

**—: પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર :—**

વર્ષમાં બે વખત આવતી શાશ્વતી ઓળીની આરાધનામાં નવપદ ભગવંતના માહાત્મ્યને આપણે શ્રીપાલચરિત્રદ્વારા સાંભળીએ છીએ, પણ ધર્મશ્રદ્ધા તથા દૃઢતા માટે પોતાના સર્વસ્વનું સમર્પણ કરવા તૈયાર થનાર મહાસતી મદનાસુંદરીના **સત્ત્વની તથા ધૈર્યની યશોગાથા** આ શ્રીપાલચરિત્રમાં તાણા-વાણાની જેમ ગૂંથાઇને રહેલી છે, એ આપણે ભૂલવું જોઇતું નથી, શ્રીપાલચરિત્રમાંનો મદનાસુંદરીના સત્ત્વની કસોટીનો આ એક અદ્‌ભૂત પ્રસંગ અહિં રજૂ થયો છે. **સં૦**

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે, જે સમયે આ ભરતક્ષેત્રમાં ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીનું તીર્થ પ્રવર્તતું હતું, તે વેળા માલવદેશની ઉજ્જયિની નગરીમાં પ્રજાપાલ રાજા હતો, તેને બે પટ્ટરાણીઓ હતી, એકનું નામ સૌભાગ્યસુંદરી અને બીજીનું નામ રૂપસુંદરી હતું. સૌભાગ્યસુંદરી શૈવધર્મી છે, અને રૂપસુંદરી જૈનધર્મની ઉપાસક છે, બન્નેને એક એક પુત્રી છે, એક સુરસુંદરી નામે છે, અને બીજી મદનાસુંદરી છે.

યોગ્ય વયમાં આવ્યા પછી તે બન્ને રાજકુમારીઓ ઉપાધ્યાય પાસે ધર્મ, વ્યવહાર, નીતિ, કલા, સાહિત્ય અને વિજ્ઞાનનું શિક્ષણ પ્રાપ્ત કરે છે. સુરસુંદરીને શૈવધર્મના ઉપાધ્યાય ભણાવે છે, અને મદનાસુંદરીને જૈનધર્મના પંડિત અભ્યાસ કરાવે છે. બન્ને

---

રૂપ છોડી દે છે, તેમ જ્ઞાની ભક્ત પોતાના અહંકારથી ઉત્પન્ન થયેલ નામ અને રૂપને છોડી દઇને પરાત્પર પુરૂષને પામે છે. નદી સમુદ્રને મળતાં નદીની જેવી દશા થાય છે, તેવી વ્યાપકદશા જ્યાંસુધી અનુભવમાં ન આવે, ત્યાં સુધી શરણભાવ બરાબર થયો છે એમ કહી શકાય નહીં. અહંકાર એ આપણને છેતરનાર વ્યક્તિ છે. તેના મૂળની તપાસ નહીં કરો ત્યાં સુધી તે જશે નહીં. 'હું'ની બરાબર તપાસ કરશો તો આત્માનું અનુસંધાન થઈ શકશે અને અહંકાર નિર્મૂળ થશે. આગળ કહ્યું તેમ અહંકાર એ શરીર નથી તેમજ આત્મા નથી. એ બેના અધ્યાસથી અહંકાર ઉત્પન્ન થાય છે.

અહંકાર વગરની આત્માની દશામાં ચડવા માટે સામાન્ય માણસને બીક લાગે છે અને અહંકારવાળી જે ખોટી દશા છે, તેમાં માણસ નિર્ભયપણે વર્તે છે. પૈસો, કુટુંબ, કીર્તિ, સારૂં શરીર વિગેરે મળ્યાં એટલે પોતાને ભાગ્યશાળી માને છે, પણ જ્યાંસુધી માથે મરણની બીક રહેલી છે, ત્યાં સુધી ભાગ્યશાળી શાના?

સાચી જાગૃતિ એ અહંકાર વગરની દશા છે. તેથી તે દશામાં ત્વંકાર પણ રહેતો નથી જે મહાત્માઓમાં એવી દશા હોય છે, ત્યાં શાંતપણે બેસવાથી બીજામાં પણ એવી દશા ઉત્પન્ન થવા લાગે છે.

કોઇપણ રીતે અહંકાર દૂર કરવાનો છે. લોકસેવાથી પણ કોઈ-કોઇવાર અહંકાર વધી જાય છે. ધ્યાન કરીને અહંકારનું ખરૂં મૂળ શોધ્યા વગર અહંકાર જશે નહીં. ખરી રીતે શરીર છે ત્યાં સુધી કાંઇક કર્મ તો થશેજ. માત્ર "હું કરૂં છું" એ ભાવ છોડવાનો છે. કર્મ નડતાં નથી, પણ "મેં કર્યું" એ ભાવ નડે છે.

તમે કોણ છો? એની બરાબર તપાસ કરશો તો મન શાંત થવા લાગશે.

રાજકુમારીઓ ધર્મ, કલા અને વિજ્ઞાનમાં નિપુણ બની. બન્નેમાં મદનાસુંદરી, વિનયી, સુશીલ, વિવેકી, સંસ્કારી તેમ જ નમ્ર છે.

એક અવસરે, રાજસભામાં ઉપાધ્યાયની સાથે બન્ને રાજકુમારીઓ પ્રજાપાલ રાજાની સમક્ષ આવી. રાજાએ બન્ને રાજકુમારીઓની કુશળતા નિપુણતા તેમજ વિદ્યાભ્યાસની પરીક્ષા કરી, અને તે બંન્નેની બુદ્ધિની પરીક્ષા કરવા રાજાએ પૂછયું; 'બોલો, પુણ્યથી શું મળે છે?' પ્રજાપાલના પ્રશ્નના જવાબમાં સુરસુંદરીએ કહ્યું; 'પિતાજી! જગતમાં ધન, યૌવન, હુંશીયારી, રોગરહિત શરીર અને ઇષ્ટસંયોગ આ બધું પુણ્યથી મળે છે.'

પ્રજાપાલ રાજા સુરસુંદરીનો આ જવાબ સાંભળી ખૂબ આનંદ પામ્યો. રાજસભામાં બેઠેલાઓ સુરસુંદરીની પ્રશંસા કરતાં બોલ્યા, 'વાહ, કેવી શાણી રાજકુમારી!' રાજાએ મદનાસુંદરીને પૂછયું; અને શાંત, દાંત તેમજ વિવેકી મદનાએ જવાબ આપતાં કહ્યું; 'પિતાજી! આ સંસારમાં વિનય, વિવેક, ચિત્તની પ્રસન્નતા તથા શીલથી પવિત્ર દેહ અને મોક્ષમાર્ગની આરાધના, આ બધું પુણ્યથી જીવને મળે છે.' રાજાને મદનાનો આ જવાબ રૂચ્યો નહિ, અને રાજસભામાં બેઠેલા લોકોને આ વસ્તુ ખાસ ગમી નહિ. છતાં મદનાને ભણાવનાર પંડિત અને મદનાની માતા રૂપસુંદરી મદનાના આ યથાર્થ જવાબને સાંભળી આનંદ પામ્યા. ખરેખર જગતમાં જીવો ભિન્ન-ભિન્ન પ્રકારની રૂચિના હોય છે.

તે અવસરે શંખપુરીના મહીપાલ રાજાનો અરિદમન યુવરાજ પ્રજાપાલ રાજાની સભામાં સેવા માટે આવ્યો છે. રૂપ, સૌંદર્ય અને યુવાનીના યોગે એનું શરીર શોભી રહ્યું છે,

સભામાં સામે બેઠેલા તે રાજકુમારને વારંવાર ધારી-ધારીને જોતી સુરસુંદરીના મનના ભાવને જાણી, પ્રજાપાલ રાજા પુત્રીના મોહમાં અંજાઈ તેને પૂછે છે; 'દિકરી, બોલ તને કેવો વર ગમે છે?' તે સાંભળતાં જ લજ્જા મૂકીને હર્ષમાં આવેલી સુરસુંદરી બોલી; 'પિતાજી! આપની કૃપાથી આ સભામાં સામે બેઠેલ સર્વ કળામાં કુશળ, રૂપ-સૌંદર્યથી કામદેવસમાન તરૂણ રાજકુમાર મારા પતિ હો, અથવા આપને જે યોગ્ય લાગે તે મને પ્રમાણ છે.'

સુરસુંદરી પ્રજાપાલ રાજાને ફરી કહે છે; 'પિતાજી! આપ જ આપના આશ્રિત લોકોના ઇચ્છિતને પૂરનાર કલ્પવૃક્ષ છો, આપની કૃપાથી જગતમાં સઘળું પ્રાપ્ત થાય છે.' પ્રજાપાલ રાજા પોતાની પ્રશંસાથી વધુ મત્ત બન્યો, અને હર્ષના આવેશમાં ભરસભા વચ્ચે સુરસુંદરીને કહે છે; 'વત્સ! આ અરિદમન રાજકુમાર તારો પતિ હો.' રાજાના મુખથી પડતાં એ શબ્દો સભાના લોકોએ વધાવી લીધાં, અને તેઓએ કહ્યું, 'સુરસુંદરી તેમ જ અરિદમનકુમાર બન્નેનો યોગ ઘણો જ સુંદર છે.

પ્રજાપાલ રાજા મદનાસુંદરીને પૂછે છે; 'બોલ, તારે કેવો પતિ જોઇએ છે?' પિતાના આ શબ્દો સાંભળવા છતાં લજ્જાશીલ શાણી મદનાસુંદરી મૌન રહે છે, ફરી રાજાએ સ્નેહથી પૂછયું; જવાબમાં કાંઇક હસીને ધર્મશીલ મદનાસુંદરી વિનયપૂર્વક કહે છે; 'પિતાજી, આપ વિવેકી છતાં આટલી મોટી રાજસભામાં આવું અયોગ્ય શું પૂછો છો? કારણ કે, કુલીન કન્યાઓ કોઈ દિવસે 'આ મારો વર હો.' એમ કદિ કહે નહિ, પણ હિતૈષી મા-બાપ જે પતિ પસંદ કરે તે જ કુલીન બાળાઓને પ્રમાણ હોય છે.

પિતાજી, પોતાની કન્યાને પતિ સાથે જોડવામાં માતા–પિતા કેવળ નિમિત્તમાત્ર છે, જીવોને વર્તમાનકાળે જેની સાથે સંબંધ જોડાય છે, તે પ્રાયઃ પૂર્વકાલીન કર્મના યોગે હોય છે, પિતાજી! વિશેષ શું કહું? જીવે જે રીતે શુભ કે અશુભ ઉપાર્જ્યું હોય છે, તેજ તેને વર્તમાનમાં ઉદયમાં આવે છે; માટે જો કન્યા પુણ્યશાળી હોય તો કુકુલમાં આવી હોવા છતાં સુખી થાય છે અને પુણ્યહીન કન્યા સારા કુળમાં આવી હોય તો પણ દુઃખ પામે છે; માટે તત્ત્વના જાણકાર આપને એ ગર્વ કરવો યોગ્ય નથી કે, 'મારીજ કૃપા અને અવકૃપાથી જ સુખ–દુઃખ છે.' સહુ જીવો પોત–પોતાનાં પૂર્વકાલીન શુભ કે અશુભના યોગે વર્તમાનમાં સુખ–દુઃખ પામે છે.'

મદનાસુંદરીના વિવેકપૂર્વકનાં આ વચનો સાંભળતાં પ્રજાપાલ રાજાના હૃદયમાં આઘાત લાગ્યો. એને થયું કે, મદના આટલી મોટી સભામાં મારૂં અપમાન કરે છે, આથી જ રોષથી ધમધમતો પ્રજાપાલ ભાન ભૂલીને મદનાને પૂછે છે; 'જો એમ જ છે, તો તું આ બધા સુંદર વસ્ત્ર–અલંકારો પહેરી અત્યારે સુખમાં મહાલે છે, એ કોના પ્રતાપે? બોલ, આ બધું કોના યોગે?'

પિતાના વચનો સાંભળી મદના હસીને ધીર, ગંભીરપણે વિનયપૂર્વક ફરી બોલી; 'પિતાજી! મારા પૂર્વકૃત શુભકર્મના યોગેજ હું આપને ત્યાં જન્મી છું, અને વર્તમાનમાં સુખ ભોગવી રહી છું, આપ મારા ઉપકારી છો, પણ મારા પુણ્યથી જ આપ મને સુખમાં રાખી શકો છો; સુર કે અસુર, રાજા કે ચક્રવર્તી, કોઇનામાં પણ એ શક્તિ નથી કે, જે પૂર્વકૃત શુભ–અશુભ કર્મના પરિણામને નિષ્ફળ બનાવી શકે.'

પરમ ધર્માત્મા મદનાસુંદરીની આ યથાર્થ વાત પણ પ્રજાપાલ–રાજાના રોષમાં વધારો કરનારી બની; રોષથી ધમધમતા રાજાના મનમાં થયું કે, 'આ મદના, ઉદ્ધત થઇ મારા કહેલાને માનતી જ નથી, અને આવી મોટી સભામાં મારૂં અપમાન કરે છે.' રાજાના મુખ પર લાલાશ આવી ગઈ, ભમ્મરો ઉંચે ચઢી ગઈ, અને એના શરીરમાં કોપના આવેશથી ધ્રૂજારી છૂટી, આ અવસરે સભામાં બેઠેલા લોકોએ રાજાને ખુશ કરવા કહ્યું; 'સ્વામિન્! આ બાળક જેવી રાજકુમારી શું સમજે? નાદાન એવી તેણીના વચનથી આપે સ્હેજ પણ ખોટું લગાડવા જેવું નથી, આપ જ આ જગતમાં કલ્પવૃક્ષ છો, અને આપની અવકૃપા જો થાય તો આપ યમ જેવા ભયંકર છો.'

મદનાસુંદરી સભામાં બેઠેલા લોકોની આ વાત સાંભળી વિચારે છે; 'અહો! આ લોકો કેટ–કેટલા ખુશામતખોર છે, જે સાચું છે, તે જાણવા, અનુભવવા છતાં, કેવળ રાજાની મહેરબાની મેળવવાની લાલસાથી ઇરાદાપૂર્વક જૂઠું બોલે છે.' એટલે મદનાસુંદરી ફરી પ્રજાપાલ રાજાને કહે છે; 'પિતાજી! જો આપની જ કૃપાથી જગતમાં સુખ મળતું હોય તો આપની જ સેવા કરનારા સેવકોમાં કેટલાક સુખી છે, અને કેટલાક દુઃખી છે. આમ કેમ બને? માટે આપને જે યોગ્ય લાગે તે પતિ મારા માટે હો, જો મારૂં પુણ્ય જાગ્રત હશે તો નિર્ગુણ પણ ગુણવાન બનશે, અને હું પુણ્યહીન હઇશ તો ગુણવાન પણ પતિ મારે માટે નિર્ગુણ બનશે.'

મદનાસુંદરી ધર્મના સિધ્ધાંતોમાં પૂર્ણ શ્રદ્ધાળુ અને દૃઢ હતી, જે વસ્તુ સત્ય છે, એને સ્પષ્ટપણે અવસરે કહી દેવાની તેનામાં

# બેટા ! સુખી રહેજે.........................શ્રી જયકીર્તિ.

હજારો કષ્ટ ઉઠાવીને, પોતાની ઇચ્છાઓને દબાવી દઇ પુત્રની ઈચ્છાને માન આપીને પુત્રને પાળનારી માતાનો આજનો કેળવાયેલો પુત્ર કેવો બદલો ચૂકવે છે, ને પરણ્યા પછી સ્ત્રીના કહેવાથી વૃધ્ધ માતાને સેંકડો માઈલ દૂરના પ્રદેશમાં રખડતી મૂકી આવે છે, છતાં માતુ હૃદય કેટ-કેટલા વાત્સલ્યથી છલોછલ ભરેલું રહે છે, અને પુત્રને આશિર્વાદ આપે છે.' એટલી સત્ય ઘટના ઉપરથી આ પ્રસંગ કલ્પનાના આધારે વણી લેવામાં આવ્યો છે. **સં.**

**જીવનની આથમતી પળે** કરસન ડોશીની એક જ ઇચ્છા હતી, તે પુત્રદર્શનની. પુત્રે ભલે ભયંકર અપરાધ કર્યો, પોતાને ત્યજી દીધી, પરદેશમાં રખડતી મૂકી; એ બધાયને ભૂલી જઇને ક્ષમા કરીને કરસન ડોશી પુત્રદર્શનને ઝંખતી'તી, રાહ જોઇને એની આંખો દુઃખવા આવી, હૃદયનો બાંધ તૂટવા આવ્યો, એકાન્તમાં રડીરડીને. આંખના આંસુ સૂકાયાં તોય ડોશીનો દીકરો ના આવ્યો, આજ આવશે-કાલ આવશે, એમ કરતાં દિવસનાં દિવસ વહી ગયા, પણ ડોશીની આશા ન ફળી. સવારના સાતથી રાતના નવ સુધી વારંવાર દ્વાર તરફ આશાભરી આંખે મીટ માંડવાનો ડોશીનો કાર્યક્રમ હતો, તે પછી એક નિરાશાનો ઊનો નિઃશ્વાસ નાંખીને ઉંઘવાનો પ્રયત્ન કરવાનો.

રોજ રોજની નિરાશાથી ડોશીનો અજંપો વધવા માંડયો. છેલ્લા કેટલાક દિવસથી તે બીમાર હતી. હવે તો ઉઠવાની શક્તિ પણ હરાઇ ગઈ હતી. એક ખાટલા ઉપર સૂતાં-સૂતાં રોજ પુત્રની પ્રતીક્ષા કરવી અને અંતે નિરાશાના મહાસાગરમાં ડૂબી જવું, એ ડોશી માટે રોજીંદુ કામ બની ગયું હતું.

કયાં દક્ષિણ અને કયાં કાનપુર ? પંચોતેર વર્ષની ઘરડી ઉંમરે કાનપુરમાં આવેલા કંપનીબાગના તળાવના કિનારે જ્યારે કરસન ડોશી નિરાધાર દશામાં રખડતી'તી ત્યારે એનો કોઇ ભાવ પૂછનારેય નહોતું. કયાં ખાવું ને કયાં પીવું, એ જ મોટો સવાલ હતો, પણ '**रक्षन्ति पुण्यानि पुराकृतानि**' એ નિયમે હજુ કરસન ડોશીનું રક્ષણ કરવા એના પુણ્ય જાગતા હતાં, ડોશી એક ખૂણામાં ચારે બાજુ આંખો ફેરવતી કોઇને શોધતી હોય તેમ બેઠી હતી, એટલામાં એના મોંનો ઉદાસીનભાવ દેખીને એક વૃધ્ધ બાવાએ સવાલ પૂછયોઃ

'આમ ચકળવકળ શું જુઓ છો બહેન ?'

ડોશીએ પોતાની મુખ્ય બાબત છુપાવી માત્ર પોતાની નિરાધારતા બતાવી. દયાળુ બાવો ડોશીને પોતાની ધર્મશાળામાં લઇ ગયો. ખાવા-પીવાની સગવડ કરી આપી, અને બધી વાતે નિશ્ચિંત રહેવા જણાવ્યું, પણ માતાનો જીવ પુત્ર વિના નિશ્ચિંત કેમ રહી શકે ? મનની પીડા કોઇને કહેવાતી નથી, અને સહેવાતી પણ નથી. એવી હાલતમાં કરસન ડોશી બીમાર પડયા. બાવો એની સેવા કરે છે કાંઇ ! સેવા કરે છે કાંઇ ! સગા પુત્ર કરતાં પણ વધુ. કરસન ડોશીને હવે જીવવાની વધુ આશા નહોતી, એટલે અંતે પુત્રનું મુખ જોવાનો તલસાટ હૃદયમાં ઉછળી આવ્યો,

---

**સારી મક્કમતા છે, આથી જ તે ધર્મશીલ રાજકુમારી જે કહેવા જેવું હતું, તે આ અવસરે મક્કમપણે કહી દે છે, પણ પોતાની પુત્રીની આ વિવેકપૂર્વક કહેવાયેલી સાચી વાત પ્રજાપાલ રાજાના હૃદયમાં ઝેર રેડનારી બની. કારણ કે, સારી પણ વસ્તુ પાત્ર-ભેદે અમૃત અને ઝેરરૂપે પરિણમે છે.**

**કોપથી ધમધમતો પ્રજાપાલ રાજા ખૂબ-ખૂબ અકળાઇ ઉઠ્યો, એ રોષના આવેશમાં બબડ્યો, 'અહો ! આ મારી પુત્રીએ મને હીણો પાડ્યો, ખરેખર મદના મારી વેરણ નીકળી' રાજાના મનની આ બધી ગડમથલને જાણી, સમયજ્ઞ મંત્રીએ રાજસભા બંધ કરીને રાજાને નગર બહાર રયવાડીમાં ફરવાને વિનંતિ કરી, રાજા પણ સભાનું કામકાજ આટોપી ઘોડા ઉપર ચઢી પોતાના પરિવારની સાથે નગરની બહાર ફરવા નીકળ્યો.**

તેમાં નિરાશા મળતા એનાથી જે નિઃશ્વાસ મૂકાઇ જતા તે બાવાની નજર બહાર નહોતા. એક દિવસ અવસર મેળવીને બાવાએ ડોશીને બહુ જ પ્રેમાળ સ્વરોમાં પૂછ્યું.

'બહેન, તમારે શું દુઃખ છે તે આમ વારંવાર નિઃશ્વાસ મૂકો છો ?'

કરસન ડોશી ચૂપ હતા. ફાટી આંખે સામે જોઇ રહ્યા હતા. જાણે એમ બતાવતા ન હોય કે ભાઇ, દુઃખ બધાય આ આંખમાં લખી રાખ્યા છે. વંચાય તો વાંચી લે. થોડી વાર પછી બાવાએ ફરીથી પૂછ્યું.

'બહેન, મને પરાયો ન જાણતા. જે કાંઇ મનની વાત કહેવી હોય તે નિઃસંકોચ ભાવે કહી દો. હું તમારો ભાઇ છું એમ જ માનજો.' બાવાએ આત્મીય-ભાવથી પૂછ્યું.

'ભઈ,' કરસન ડોશી ક્ષીણ અવાજે બોલી. મારે દુખિયારીને બીજું શું કહેવાનું હોય. એક વાત છે કે મારે એક દીકરો છે. જવાન છે ભણેલો છે પરણેલો છે બધી વાતે રૂડો છે. એનું નામ છે દીપક. કોઇ દિ' મારી ભાળ કાઢતો અહીં આવે તો કહેજો કે તારી મા સવારથી માંડીને રાતના આરતી ટાણા સુધી તારી રાહ જોતાં જોતાં મરી ગઇ છે. તને આશીર્વાદ દેતી ગઇ છે કે, બેટા સુખી રહેજે. કહેતા કહેતા ડોશીની આંખમાં બે આંસૂ ચમકી આવ્યા. બાવાની આંખ પણ ભીંજાઇ ગઈ.

'પણ બહેન હજુ તું પૂરી વાત નથી કરતી મને.' બાવાએ ગળગળા થતાં એકવચનમાં જતાં કહ્યું.

'ભાઇ સાંભળવી છે તારે.' કરસન ડોશીએ પણ ભાઇ જાણી બાવાને તુંકાર કર્યો. 'લે સાંભળ મારી કરમ કહાણી.' કહેતા ડોશી અડધી બેઠી થઇ ગઇ. બાવાએ તેને પૂરી બેઠી કરી. સરખી રીતે ભીંતને ટેકે બેસાડી. અને કહ્યું. 'ઊભી રહે બહેન, સંધ્યા થઇ ગઇ છે દીવો કરી લઉં.' ઘીનો દીવો કરી એક ગોખલામાં મૂકી બાવો પાછો પોતાના મૂળ સ્થાને બેસી ગયો. દીવાનો સૌમ્ય પ્રકાશ આખા ઓરડાને ભરી દેતો ડોશીના મુખભાવને સ્પષ્ટ કરી રહ્યો હતો. ડોશી પણ દીપક સામે અપલક-નયને જોઇ રહી હતી.

'હા કહે બહેન હવે.' બાવાએ કહ્યું. એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને કરસન ડોશીએ અશક્ત અવાજે શરૂ કર્યું.

'હું જન્મી, નાનેથી મોટી થઇ અને પરણી એમાં તો કાંઇ વિશેષતા નથી. જેમ બીજાનું થાય છે તેમ જ મારૂં. પરણ્યા પછી હું સાસરે આવી ત્યારે મારી ઉમ્મર અઢાર વરસની. આરંભના નવ વરસોમાં હું સન્તાન-વિહોણી જ રહી. અઠ્ઠાવીસમે વર્ષે એક પુત્રી થઈ અને છઠ્ઠે મહિને મરી ગઇ. સન્તાનનો અભાવ આમેય સાલતો તો હતો જ તેમાં વળી પુત્રી થઇને મરી ગઈ ત્યારથી તો જીવન સાવ કડવું બની ગયું. જાણે જીવનમાં કશો ઉલ્લાસ જ ન રહ્યો. જીવવા જેવું જ ન રહ્યું. અબળખા ને અબળખામાં દસ વરસ વીતી ગયા. અગિયારમે વરસે એંધાણ રહ્યા ને બરાબર ચાલીસમે વરસે કુળ-દીપક પુત્રની પ્રપ્તિ થઇ. મારો તો ક્યાંય હરખ નો' તો માતો અને એના બાપની ય ખુશીનો પાર નહોતો. ખૂબ ઉત્સાહપૂર્વક એનો જન્મોત્સવ મનાયો. આખી નાતમાં મીઠાઈ વહેંચાવી. અને આનંદ-મંગલ વર્તાવ્યો. પણ હાય, એ આનન્દ-મંગળ ઝાઝો ટકયો નહીં. તીજે વરસે એનો બાપ અચાનક મૃત્યુ પામ્યો ને મારું સૌભાગ્ય...બોલતાં બોલતાં કરસન ડોશી રડી પડયા. ઝાઝું બોલવાથી એને હાંફ પણ ચડી આવી હતી. થોડીવાર સઘળે નિસ્તબ્ધતા છવાઇ ગઇ નીરવ શાન્તિ છવાઈ ગઇ. બાવાએ ઊઠીને ડોશીને પાણી આપ્યું. પાણી પીને શાન્ત થઇને ડોશી આગળ વધ્યા.

'પછી તો ભઇ ! મેં ધીમે ધીમે શોક વિસારે પાડ્યો. અને પુત્રને ઉછેરવામાં દિલ પરોવી દીધું. હવે મારું સુખનું સાધન માત્ર મારો એકનો એક પુત્ર જ હતો. પણ હા, એ તો કહેવું જ ભૂલી ગઇ કે ચાલીસ વરસે એ કુલદીપકની પ્રાપ્તિ થઇ હતી એટલે એનું નામ પણ દીપક જ રાખ્યું'તું. દીપક મારી આંખનો તારો ધીમે ધીમે મોટો થવા લાગ્યો. એને ભણાવવામાં પણ મેં સારી કાળજી રાખી હતી. સત્તર વરસની ઉમ્મરે મેટ્રીક પાસ કરીને દીપક કોલેજમાં દાખલ થયો. એક વરસ તો ઠીક ઠીક ચાલ્યું. પણ પછી બા, બા, કરતા જેની જીભ સૂકાઈ જતી હતી,

તે મારાથી અતડો રહેવા લાગ્યો. પણ મારાથી તે કેમ ખમાય ? એક દિવસ મેં એને પૂછયું.

'ભાઇ, બેટા ! આમ અતડો કેમ રહે છે ? તને શું દુઃખ છે ?'

'ના બા, મારે દુઃખ શું હોય ? હમણાં વાંચવાનું ઘણું રહે છે.'

'મેં પણ મન મનાવ્યું. કોલેજનું ભણતર જ એવું. વાંચ્યા વિના ચાલે જ નહીં. થોડા દિવસ પછી વળી પાછું મારું મન ઊંચું થયું. પહેલા ઘણોખરો સમય ઘેર બેસીને વાંચનાર દીપકનો સમય બહાર જ વધુ પસાર થવા લાગ્યો. મારી આંખનો તારો આમ અળગો રહે એ મને કેમ ગમે ? મને ઘરમાં એના વિના ચેન ન પડે અને એ આમ બહાર ફર્યા કરે એ મને કેમ પોસાય ? વળી એક દિવસ મેં એને કીધું.

'બેટા ! કોલેજથી સીધો ઘેર આવ્યા કર. તારા વિના મને ગમતું નથી.'

'સારું બા.' દીપકનો જવાબ હતો. પણ એથી ઝાઝો ફેર ન પડ્યો. વળી થોડા દિવસ પછી સાંભળ્યું કે તે જુવાન છોકરીઓ જોડે ફરે છે. સિનેમામાં જાય છે. સિગારેટ પીએ છે. આ સાંભળીને મારું તો કાળજું જ બળી ગયું. મને એકદમ ખ્યાલ આવ્યો કે છોકરાને હવે ઠેકાણે પાડવો જોઇએ. એક દિવસ મેં દીપક પાસે વાત છેડી.

'બેટા ! નાતમાંથી હવે માગા ઘણા આવે છે. તને જ્યાં પસંદ આવે ત્યાં નક્કી કરી નાંખીએ.

'હમણાં શું ઉતાવળ છે બા ?' દીપકે હસતે મોંએ જવાબ આપ્યો.

'ઉતાવળ તો કાંઇ નહિ બેટા, લગન કયાં કરવું છે હમણાં. સંબંધ પાકો કરી નાંખીએ' મેં ય હસતાં હસતાં કહ્યું.

'હમણાં વિચાર નથી.' દીપકનો જવાબ સાંભળીને હું ચૂપ રહી ગઈ. એની મરજી વિરુદ્ધ હું પણ કરવા નહોતી ઇચ્છતી. પણ એનો જવાબ તો મને જરૂર ખટકવા લાગ્યો. તે પછી ત્રણ–ચાર વરસ વીતી ગયા. દીપક બી. એ. પાસ થઇ ગયો હતો. અને ફરી મેં લગ્ન સંબંધી વાત છેડી. ત્યારે એણે જવાબ આપ્યો કે પોતાની કોલેજની જ્યોતિ નામની છોકરી જોડે લગ્ન કરવાનો વિચાર છે. દીપકના આવા ચોખ્ખા જવાબમાં મને નિર્લજ્જતા ભાસી પણ હું ચૂપ રહી. જ્યોતિ જોડે પરણાવવાનો મારો વિચાર ઓછો હતો. તો ય એના સુખની ખાતર મેં મંજુર રાખ્યું. લગ્ન પછી થોડા દિવસો તો કાંઇ ખાસ બનાવ ન બન્યા પણ ધીમે ધીમે મતભેદ પ્રગટ થવા માંડ્યા અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યા. હું એને કહું કે,

'કોઇ આવે ત્યારે તો ઉઘાડે માથે ન બેસ. લાજ ન કાઢે તો અડધું માથું તો ઓઢ, તો એ કહે કે, 'બા, તમારે અમારી વાતમાં માથું ન મારવું.' આવું મારાથી કેમ સંભળાય ? કુલવધૂ સાવ ખુલ્લે માથે આખી દુનિયામાં ફરે અને બધાયની સામે બેસે, એ મારાથી કેમ જોવાય ? અડધું માથું ઓઢવું ય ન ગમે એ તે કાંઈ રીત છે ? તો ય હું ગમ ખાઈ જતી. મારા દીપકના સુખની ખાતર. પણ ધીમે ધીમે કામ વધવા માંડયું. ઘરમાં ફરાક ને ચડ્ડી આવ્યા. પાવડર આવ્યો ત્યાં સુધી વાંધો ન લીધો પણ પછી તો હોઠ રંગવાના રંગ આવ્યા. આવું બધું મર્યાદા–વિહીનને ત્યાં ચાલે, કુલવધૂને કેમ પાલવે ? મારાથી તે ન સહેવાયું. અને એક દિવસ મોટો ઝઘડો થઈ ગયો. એ કહે 'હું દીપકને પરણી છું, એ કહેશે ત્યારે જોઇ લઇશ. તમારે કીધે કશું નહીં છોડું.' શું કહું ભાઇ ! મારા તો સુખી ઘરમાં આગ લાગી ગઇ.' કરસન ડોશીની પાંપણમાં પાણી બાઝી આવ્યાં અને ફરી પાછા ગોખલામાં પડેલા દીપક સામે ટકટકી લગાવીને જોવા મંડયા. એ પણ જાણે ડોશીની વાત સાંભળીને સ્તંભી ન ગયો હોય ! તેમ તેની શિખા સ્થિર થઇ ગઈ હતી.

'પણ તમે દીપકને કશું કહ્યું નહીં ? ડોશીના ધ્યાનનો ભંગ કરતા બાવાએ પૂછયું.

'કહ્યું ભાઇ, ઘણું ય કહ્યું. પણ પછી તો તે ય સામે બોલતો થઇ ગયો. જાણે મારો દીકરો જ ન હોય એમ. એટલે મેં ય કહેવું છોડી દીધું. અને જેમ ચાલે તેમ ચાલવા દીધું. ગમે તેમ થાય તો ય ન બોલવાનું નીમ લીધું. મનમાં વિચાર્યું કે હવે આપણી કેટલી જિન્દગી. પછી તો એ જાણે ને એનું

કામ જાણે. હવે એ ગમે તેમ કરે તેની અન્દર હું માથું જ નહોતી મારતી. હું ભલી ને મારો ધર્મ ભલો, એ પણ ખુશ રહેવા લાગ્યા. હું તો અન્તરમાં સળગી જતી પણ બધું ખામોશ રાખીને ચલાવી લીધું. ઘણા દિવસથી ઘરની અગાશી ઉપર હું ચડી નહોતી અને જરૂર પણ શી? પણ અઠવાડિયાથી અગાશી પર કાગડા ને સમળીની ફોજ જામવા માંડી હતી. તેને ઉડાડવા હું ઉપર ગઇ તો જોઇને હેબતાઇ જ ગઇ કે અગાશીના ખૂણામાં ઈંડાના કાચલા પડ્યા હતા. ઈંડાના કાચલા આવ્યા કયાંથી? મારા ઘરની અગાશી પર ઇંડાના કાચલા જોઇને મારું તો લોહી ઉકળી ઉઠયું. માથામાં જોરથી ચક્કર આવી ગયા. અને પડતા પડતા રહી ગઈ. નીચે જતાં જ મારે અને દીપક તથા જ્યોતિ વચ્ચે ઝઘડો થઇ ગયો. મને પણ જોરદાર આવેશ આવી ગયો અને આવેશમાં ને આવેશમાં બેયને ઉદ્દેશીને મેં કહી દીધું.

'કુલાંગાર, કુલક્ષયિની નીકળો ઘર બહાર. મારું ઘર ભ્રષ્ટ કરી નાંખ્યું. છેવટે અભક્ષ્ય ઘરમાં ઘાલ્યું? આટલી ય કુલમર્યાદા ન સચવાણી. ભ્રષ્ટ, દુષ્ટ!' કરસન ડોશી થાકી ગઇ. બાવાએ પાણી આપ્યું. દીપકમાં ઘી પૂર્યું'ને વાટ મોટી કરી. દીપકના તેજ–પ્રકાશમાં આજે ય કરસન ડોશીના મોં ઉપર તે દિવસનો આવેશ જણાઇ આવતો હતો. થોડીવાર આરામ લઇને ડોશી આગળ વધ્યા.

'પણ ભાઇ, એની કશી અસર ન થઇ. ઉલટો એટલા જ જોરથી સામે જવાબ મળ્યો કે તું નીકળી જા ઘર બહાર, અમને કાઢવાવાળી તું કોણ? અને હું પણ ગુસ્સામાં ને ગુસ્સામાં તે દિવસે સાંજના નીકળી ગઇ અને ભઇને ત્યાં પહોંચી ગઇ. એ વરસ વહી ગયા. ભઇ મરી ગયો. તે પછી એક વરસ રહી. ત્રણ ત્રણ વરસ ભાઇને ત્યાં થઇ ગયા. પણ દીપકનો એકે ય કાગળ ન આવ્યો. પણ મારું હૃદય માનું દિલ કેમ ઝાલ્યું રહે. અને ત્રણ વરસ પછીની એક સાંઝે હું ઓચિંતી મારે ઘેર જઈ ચઢી. ત્યાં આ શું જોઉં છું? મારા તો પગ નીચેથી ધરતી ખસી ગઇ.

વચલા ખંડમાં એક લાંબું ટેબલ છે. ચારે બાજુ ખુરશીઓ પડી છે. દીવાલ ઉપર ફિલ્મી નટડીઓના અડધા નાગા અને વિકૃત ફોટા ટાંગેલા છે. જાણે મારું ઘર જ ન હોય. છતાં ય વધુ આઘાત તો મને એથી પહોંચ્યો કે જ્યોતિ–મારી કુલવધૂ એક અજાણ્યા પુરૂષ સાથે પગમાં પગ ભરાવીને હસી–હસીને વાતો કરી રહી હતી. કુલવધૂની આ કઇ રીત? મને દેખીને જ્યોતિની પણ પગ નીચેથી ભૂમિ ખસી ગયા જેવી હાલત થઇ. એકદમ હેબતાઇ ગઇ. અને ઊભી થઇને પૂછવા માંડી બા. કયારે આવ્યા કયારે આવ્યા? એની આ નિર્લજ્જતાનો કંઇપણ જવાબ આપ્યા વિના હું અંદરના ખંડમાં ચાલી ગઇ અને દીપકની રાહ જોવા માંડી. સહુથી વધુ આઘાત તો મને ત્યારે પહોંચ્યો કે જ્યારે દીપકને આ વાત કરી ને એણે આ વાતને હસી નાખી. અને પહેલે જ દિવસે ત્રણ ત્રણ વર્ષ બાદ ઘેર આવવાને પહેલે જ દિવસે કુશળ પૂછવાની વાત તો દૂર રહી પણ જોરદાર ચખચખ થઇ ગઇ. એ દિવસે તો હું ય ખૂબ બોલી અને દીપકે ય ખૂબ બોલ્યો. અને અન્તે એક ઓરડાના ખૂણામાં હું મારા ભાગ્યને રોતી બેઠી. બીજે દિવસે કાંઈ ચખચખ તો ન થઇ પણ વાતાવરણ ગંભીર રહ્યું. અને ઘરમાં અબોલા શરૂ થઇ ગયા. કરસન ડોશી શ્વાસ લેવા થોભ્યા અને ફરી એકવાર ગોખલામાં ટમટમ બળતા દીપક ઉપર એમની નજર થંભી ગઈ. કરસન ડોશીને એક વિચાર આવી ગયો 'મારો દીપક પણ આવો કુલ–પ્રકાશક નીવડ્યો હોત તો...' છટ્ છટ્ અસંભવ વાત હતી. કરસન ડોશીએ તરતજ મગજમાંથી એ વિચાર કાઢી નાંખ્યો. અને આગળ વધી.

'મારે માટે તો પછી એ ઘરમાં રહેવું ઝેર થઇ પડયું. ઘર પણ સ્મશાન જેવું લાગવા માંડયું. પણ મૂંગે મૂંગે બધું ચલવે રાખતી હતી. એક દિવસ દીપક મારી પાસે આવ્યો. મને આશ્ચર્ય થયું કે આ શું કહેવાય? પણ તેનું આ રીતનું આવવું કોને ખબર કેમ પણ મને ગમ્યું. દીપક કહે 'બા હવે તમે ઘરડા થયા. ગંગાની યાત્રા કરી આવો તો કેમ?' મને કંઇ સમજણ જ ન પડી કે આ શું બન્યું. દીકરો ડાહ્યો થયો કે શું. હું તો આભી જ બની બેઠી'તી. દીપકે ફરી કહ્યું 'કેમ બા! શું વિચાર છે?' મારે ન છૂટકે જવાબ આપવો પડયો કે 'ભાઇ

મને લઈ કોણુ જનાર છે ? ' દીપક કહે ' બા એમ કેમ બોલો છો હું આવું જોડે. ' હું હરખથી નાચી ઊઠી કે આ શું કહે છે મારો દીકરો. પણ ભાઇ, મને શી ખબર કે આ બધું નાટક હશે. મીઠું ઝેર હશે. ' કરસન ડોશી બોલ્યા. એમની બોલવાની શક્તિ ઓછી થતી જતી હતી. જીભ ટૂંપાવા લાગી હતી. બાવાએ ઘડિયાળ સામે જોયું તો અગિયાર ને ઉપર દસ મિનિટ થઇ'તી. રાત ઘણી વહી ગઈ'તી. ડોશીમાં થોડીવાર પછી થોડું ચેતન આવ્યું અને અટકાતી વાણીએ આગળ વધ્યા.

' પછી તો ભાઇ ! અમે એ જ સાંજે ટીકીટ કઢાવી, અને રવાના થયા. તે વખતે મારા દિલમાં અપાર ખુશી હતી, પણ મને શી ખબર કે, એ ખુશી અનંત નાખુશીની પૂર્વભૂમિકા હતી. દીવો ઓલવાય ને તે પહેલા જેવો ઝપકારો મારી જાય, તેમ જ મારે પણ દુઃખ પહેલાં થોડું સુખ ચમકી ગયું, અને પછી તો તું જાણે જ છે ભાઇ, ત્રણ દિવસથી કંપની-બાગમાં બેઠી હતી, અને તારો મેળાપ થઇ ગયો, અને આ રીતે પુત્રે ત્યજી દીધેલી ત્રણ વરસથી હું અહીં છું, તારે આશરે પડી છું. દીકરો કાનપુરમાં દગો કરીને રખડતી મૂકી ગયો, અને તેં મને પાળી. ' ડોશીની નસો તણાતી જતી હતી, ઝોલો ખાતાં ખાતાં ડોશીએ આખરી વાક્ય ઉચ્ચાર્યું.

' ભાઇ ! મને રોષ તો ઘણો રહ્યો, પણ ક્યાં સુધી ? પાછું મારૂં હૃદય પુત્રકલ્યાણ માટે ઝંખી રહ્યું છે, કોઇ દિવસ સુધરીને સારો બનીને ડાહ્યો થઇને મારો દીપક મારી ભાળ કાઢતો કાઢતો આવે તો કહેજે કે, ભાઈ ! તારી મા સવારથી માંડીને રાતના આરતી ટાણા સુધી રાહ જોતી જોતી મરી...તને આશીર...આપે છે કે, તને સદ્‌બુદ્ધિ સૂઝો, ને તું સુખી રહો ! ' બોલતાં–બોલતાં ડોશીનો પ્રાણ ઉડી ગયો, ગોખલામાં પડેલો દીપક ધ્રૂજી ગયો. અને ઓલવાઇ ગયો, સર્વત્ર અંધકાર ફેલાઇ ગયો.

અને બાવો આંખ લો'તો લો'તો સ્મશાનક્રિયાની તૈયારી કરવા ઉભો થયો.

---


**જૈનવિધિ પ્રમાણેજ શારદાપૂજન કરો !**

એ માટે

## શારદા–પૂજન–વિધિ મંગાવો !

જેમાં પૂરેપૂરી ક્રમબદ્ધ વિધિ, શ્રી મહાવીરસ્વામી, શ્રી ગૌતમસ્વામી, શ્રી પાર્શ્વનાથ અને સિદ્ધચક્રજીના ફોટા, સરસ્વતી સ્તોત્ર અર્થસહિત, ગૌતમસ્વામીનો છંદ અને પ્રભાતીયાં, ઉપરાંત શ્રી નવકાર મંત્રનો રાસ વગેરે છે.

**મૂલ્ય ૦–૪–૦**

**સોમચંદ ડી. શાહ**

**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]


---

## વિચાર કરજો ભાઇ !

કોઇની પથારી પર પગ દેતાં પહેલાં;
કોઇને અધુરા નામથી બોલાવતાં પહેલાં;
કોઈને કટુવચન કહેતાં પહેલાં;
કોઇનો વિશ્વાસઘાત કરતાં પહેલાં;
કોઇ પણ સ્ત્રી સાથે લડતાં પહેલાં;
કોઇને ટ્રેનમાં આવતાં અટકાવતાં પહેલાં;
કોઇનો પણ તિરસ્કાર કરતાં પહેલાં;
કોઇની હાંસી—મશ્કરી કરતાં પહેલાં;
કોઇની પણ નિંદા કરતાં પહેલાં;

લાખવાર વિચાર કરજો ભાઇ !

શ્રી શાંતિલાલ દામજીભાઈ.

સુખ સુગંધી જળ છે, કોઈના ઉપર છાંટશો એટલે તેમને જીંદગીભર સુગંધ મળ્યા કરશે.

**શ્રી. છબીલદાસ પી. શાહ દાદર ( મુંબઈ )**

❀

## બા, મૃત્યુ વહેલું કેમ આવતું હશે ?

નાનાલાલ શેઠનો જુવાન છોકરો ત્રણ દિવસના તાવમાં મરણ પામ્યો ત્યારે આખા ગામમાં સનસનાટી ફેલાઈ ગઇ. જ્યાં ત્યાં તે જ વાતચીતનો વિષય થઇ પડ્યો.

છેવટે મોટેરાંઓએ એ વાત પર પૂર્ણવિરામ મૂક્યું, ત્યારે નાનો રમેશ બા પાસે આવ્યો.

" હેં બા ! સુરેશભાઈ એકદમ કેમ મરી ગયા ? "

" મૃત્યુ આવ્યું એટલે. " બાએ ટૂંકામાં પતાવ્યું.

" મૃત્યુ કેમ આવ્યું ? "

બાળકે સાહજિકભાવે પ્રશ્ન પૂછી નાંખ્યો. પણ માતા વિચારમાં પડી ગઇ. જુના ઋષિમુનિઓથી માંડી બુદ્ધ અને આજના વૈજ્ઞાનિકો જેનો ઉકેલ નથી આણી શકયા તે ગહન પ્રશ્નનો જવાબ માતાને આપવાનો હતો. 'કાલે કહીશ ' એમ કહી તાત્કાલિક તો તે પ્રશ્નને દૂર કર્યો, પણ કાલે ફરી પાછો એ પ્રશ્ન ઉકેલવાનો આવશે જ એની એમને ખાત્રી હતી.

આખી રાત તે વિષે વિચાર કરી બીજે દિવસે તેમણે રમેશને સમજાવવા માંડયું.

બહુ જૂના વખતની વાત છે. એક હતું મૃત્યુ. ત્યારે કોઇ તેને બોલાવતું નહીં. કોઈ તેને ખવડાવતું નહીં.

ધીમે ધીમે મૃત્યુ નબળું થતું ગયું, માંદુ પડી ગયું. એના હાથપગ ઢીલા થઈ ગયા. શરીર સુકાઇ ગયું. આંખો ઊંડી ઊતરી ગઇ.

છેવટે લોકોને દયા આવી.

કોઇએ આવી એને કડક ચા આપી. કોઇએ એને મેંદા અને ખાંડની મિઠાઇઓ ખવડાવી. કોઇએ તેને ચક્કીના તત્ત્વહીન આટાની ઘીમાં બોળેલી રોટલી ખવડાવી. કોઇએ તેને વાસી ઈંડા ખવડાવ્યાં. કોઇએ તેને બજારમાંથી પાંઉ ભૂસુ અને માંખો બેઠેલાં ફળ લાવી ખવડાવ્યાં. કોઇએ તેને ભાંગ પીવડાવી.

એક જણ તેને બજારમાં લઈ ગયો. ત્યાં ગંદી હોટલમાં જઇ તેને કોફી અને ભજીયાં આપ્યાં. અને ગંદી કોઠીમાંથી કેટલાયનાં પીધેલા એંઠા પ્યાલામાં પાણી આપ્યું.

એક જણ તેને પીઠામાં લઇ ગયો અને તેને ખૂબ દારૂ પાયો.

એક ભણેલા યુવાને છાપામાં જાહેરખબરો વાંચી તે તે દવાઓ, ટોનીકો, પીલ્સો, ચાટણો, જડીબુટ્ટીઓ મંગાવી આપી ખવડાવી.

મૃત્યુએ ખૂબ ઉજાગરા કર્યાં, ખૂબ આરામ લીધો. પેટને પૂછ્યા વિના, ચાવ્યા વિના, સમયે-કસમયે, પથ્ય, અપથ્ય અને દુષ્પકવ ખોરાકો ખાધા, શરબતો, પાણીવાળાં દૂધ અને વેજીટેબલ ઘી લીધાં, દવાઓ લીધી, ફાકીઓ ફાકી, જૂલાબો લીધાં, વેક્સીનો મૂકાવી, અને છેલ્લે રોગીઓની સાથે બેસી ભેળપૂરી અને ખટાઇ ખાધી.

પછી મૃત્યુ ફૂલ્યું ને ફાલ્યું, બળવાન થયું. લાલ આંખોમાંથી ધૂમાડા કાઢતું, ખાઉં ખાઉં કરતું, શેરીઓમાં ફરવા લાગ્યું. પછી...પછી...

માતાએ જોયું, રમેશભાઇ એમના ખોળામાં માથું મૂકી ઊંઘી ગયા હતા.

❀

## હિંસાનું માઠું ફળ.

**સં.** ૨૦૦૮ ના જેઠ સુદિ સાતમની આ વાત છે, અમારા ગામથી થોડે દૂર જંગલ છે, ત્યાં આગળ અમારા ગામના વાઘરીઓ હંમેશા શિકાર કરે છે, તે જંગલની અંદર સસલા, હરણ, રોજ ઘણાં રહે છે, જેઠ સુદિ સાતમને દહાડે જસમત નામનો એક પચીસ વરસનો વાઘરી યુવાન શિકારે ગયેલ, અને એક ગર્ભવંતી હરણીને મારી નાખી, અને ગામના પાદરમાં તળાવ છે, ત્યાં તળાવની અંદર હરણીને કાપી, અને તેના પેટમાંથી બચ્ચુ કાઢી પોતાના કુતરાને ખવરાવ્યું, અને બાકી તેનું માંસ અને ચામડું ઘરે લાવ્યો, અને પોતે અને ઘરના ભાઇ-બ્હેનોએ ખાધું. હવે આ વાત જ્યારે મારા જાણવામાં આવી ત્યારે મેં તેને બોલાવી ખૂબ સમજાવ્યો, અને હવે પછી નહિ કરવા સોગંદ ખવરાવ્યા.

પણ કરેલાં પાપોનો બદલો કુદરત આપ્યા વગર રહેતી નથી, હવે તે દહાડે તેને સાંજથી જીવલેણ તાવ

આવ્યો. ડોકટરો–વૈદ્યો વિગેરેની સલાહ લીધી, પણ દવા લેવાનું ચાલુ કરે ત્યાં તો એ યુવાનનો જીવ ઉડી ગયો, અને પોતાના સગા–સંબંધીઓમાં અને ગામમાં હાહાકાર મચી ગયો. પણ લોકોએ જાણ્યું કે, ભાઇ ! કરેલા કર્મોનો બદલો તો ભોગવવો જ પડે. ત્યારથી વાધરી લોકોએ ભવિષ્યમાં હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી. આ ઉપરથી લોકોએ સમજવાનું કે, હિંસા કરતાં અટકો, અને અહિંસાના માર્ગ પર ચાલો !

—શ્રી હુકમચંદ એમ. શાહ–બગડ.

## જાણવા જેવું.

જગતમાં જૂનામાં જૂનું વિશ્વવિદ્યાલય 'પેવિયા' ઇટાલીમાં છે.

જગતમાં વધારેમાં વધારે જન્મ–મરણ હિંદમાં છે.

ન્યુયોર્ક શહેરના એક રસ્તાને ખૂણે ૫૬૦૦૦૦ ટેલીફોનના તારો જોવામાં આવે છે.

જગતમાં લાંબામાં લાંબું ભોયરૂં પિરિનીઝ નીચે પચીસ માઈલનું છે.

છેલ્લાં ૩૦૦૦ વર્ષમાં ધરતીકંપોએ એક કરોડ ત્રીસ લાખ કરતાં વધારે જીંદગીનો નાશ કર્યો છે.

દુનિયામાં ૨૪૦૦૦૦ જાતના પક્ષીઓ વસવાટ કરે છે.

દુનિયામાં દરેક વર્ષે ઓછામાં ઓછા ૧૦૦૦૦ ધરતીકંપો થયા કરે છે.

જગતમાં મોંઘી વસ્તુ રેડિયમ છે.

જર્મન સ્ટેટ રેલવે યુરોપમાં મોટામાં મોટી વેપારી પેઢી છે.

દુનિયામાં લાંબામાં લાંબું રેલ્વેનું પ્લેટફોર્મ સોનેપુર છે, તેની લંબાઇ ૨૪૧૫ છે.

—શ્રી ચુનીલાલ એમ. દોશિયા.

## વિચારો !

આ એક પાંચ અક્ષરનો 'કલ્યાણ'નો વિભાગ છે.

પહેલો અને બીજો અક્ષર મળીને બાળક થાય છે.

પહેલો અને ચોથો અક્ષર મળીને બગીચો થાય છે.

ત્રીજો, અને બીજો અક્ષર મળીને પાણી થાય છે.

ત્રીજો, ચોથો અને પાંચમો અક્ષર મળીને દુનિયા થાય છે.

ચોથો અને ત્રીજો અક્ષર મળીને હાથી થાય છે.

ચોથો, બીજો અને પાંચમો અક્ષર મળીને 'ભૂલ' થાય છે.

શોધી કાઢો ત્યારે હવે એ કયો વિભાગ હશે ?

જવાબ:–બાલજગત.

—સોમચંદ બી. શાહ

બાળકોએ માતા–પિતાની આજ્ઞા માનવી જોઇએ.

લક્ષ્મીનો દુરુપયોગ ન કરતાં સદુપયોગ કરવો જોઇએ.

જમાનાને જાણી શક્તિનો સદ્વ્યય કરવો.

ગરીબોને યથાશક્તિ મદદ કરવી જોઇએ.

તમાકુ પીવાનું વ્યસન ત્યજવું જોઇએ.

શ્રી સુરજમલ એસ. શાહ.

## આટલું મનન કરો

સંસારના અનંત ભવોમાં ભટકવાનું અટકાવી મોક્ષ અપાવનાર કોઈ હોય તો તે શ્રી અરિહંત પરમાત્મા છે.

ત્રિલોકનાથ શ્રી જિનેન્દ્રદેવના ચરણે રોજ નમો. એમના સ્મરણથી સદા હૃદય પ્રકાશિત રાખો. એમની પ્રાર્થના ખૂબ કરો.

શ્રી અરિહંત પરમેશ્વર પર અવિચલ વિશ્વાસુ અને પૂર્ણપ્રેમી બનો. એમની આજ્ઞાના નિરંતર ચાહક અને પક્ષપાતી બનો.

શ્રી જિનની પ્રતિમાનો અવિનય, આશાતના, અવજ્ઞા વગેરે ન કરાય.

પ્રભુને જોતાં જ હાથ જોડી લઘુતાથી નમન કરો.

પ્રભુને આપણો શ્વાસ કે થુંક લાગે, મંદિરમાંથી પાછા વળતા ય પ્રભુને આપણી પુંઠ પડે, ભોંય પડી ગયેલા ફૂલ અંગલુહણા વગેરે પ્રભુને અંગે અડાડાય ઇત્યાદિ ઇત્યાદિ આશાતના છે.

'અરિહંત' 'અરિહંત' સમરતાં, લાધે મુક્તિનું ધામ,<br>
શ્રી અરિહંતને પૂજતાં, વાધે સુખની ખાણ.

आणाए धम्मो—જિનેશ્વરની આજ્ઞામાં જ ધર્મ છે.

# ........દા ને શ્વ રી જ ગ ડુ શા હ........

—: શ્રી ફુલચંદ હરિચંદ દોશી :—

## પ્રવેશ ૬

[ મિલન અને મરણ ]

**અનુચર**-શેઠજી ! પીઠદેવનો દૂત આ પત્ર લાવ્યો છે.

**જગડુશાહ**-મુનિમજી આ પત્ર વાંચો તો !

દાનવીર જગડુશાહ—

તમારી ઉદારતા, સાહસિકતા અને નિર્ભિકતાની વાતો સાંભળી મને આનંદ થયો છે, તમને હું પહેલાં ઓળખી શકયો નહિ, તમારો ભદ્રેશ્વરનો અજેય કિલ્લો તોડવામાં મેં ખરેખર ભૂલ કરી છે. તેને માટે હું દિલગીરી જાહેર કરૂં છું, અને તમારા જેવા બડભાગી દાનવીરની મૈત્રી ઇચ્છુ છું, આશા છે કે, તે તમે સ્વીકારશો, મારી ઇચ્છા તમારો નૂતન અજેય કિલ્લો જોવાની છે, અને હું આવતી પૂર્ણિમાએ ભદ્રેશ્વર આવવા ઇચ્છુ છું.

આપનો સ્નેહાભિલાષી

**પીઠદેવ.**

**જગડુશાહ**-મુનિમજી ! આજે તો તેરશ છે, પરમ દિવસે તેઓ આવી પહોંચશે. જુઓ પીઠદેવને સિંધુરાજની સલાહથી ભારે પશ્ચાત્તાપ થયો છે, આપણે તો દુશ્મનને પણ મિત્ર બનાવવા છે, તેઓ આવે ત્યારે તેમની સરભરામાં જરા પણ ખામી ન રહે.

**મુનિમ**-જેવી આપની આજ્ઞા શેઠ સાહેબ !

( પડદો ખૂલે છે )

[ બીજા મુનિમનો પ્રવેશ ]

**બીજો મુનિમ**-શેઠજી ! પીઠદેવ આવી પહોંચ્યા છે, તેમને મહાવીર-મહાલયમાં ઉતારો આપ્યો છે, તેમની સરભરા માટે તમામ વ્યવસ્થા કરી છે, તેઓ આપને મળવા આવે છે.

**જગડુશાહ**-ચાલો હું જ તેમનું સ્વાગત કરવા આવું છું.

પધારો પધારો પીઠદેવજી, તમને જોઇને ઘણો આનંદ થયો છે. મારૂં આંગણું તમે દીપાવ્યું. (ભેટે છે.)

**પીઠદેવ**-જગડુશાહ ! ઘણા દિવસથી તમને મળવાની ભાવના હતી, આજે તે પૂરી થઇ. તમારા આતિથ્યે તો મને મુગ્ધ કરી દીધો, તમારો ભવ્ય મહાલય, તેના કલામય ચિત્રો, સુશોભિત ઝુમરો, ઝગમગતા દીપકો, રૂપાજડીત ઢોલીઓ, મ્હેક-મ્હેક કરતું શયનગૃહ અને તમારા મુનિમજીનો ભાવભર્યો આગ્રહ; હું તો મારો મહેલ પણ ભૂલી ગયો, તમારા મધુરા ભોજનનો સ્વાદ તો શે ભૂલાશે.

**જગડુશાહ**-આજે તો તમે મારા મહેમાન છો, "અતિથિદેવો ભવ" એ અમારો આદર્શ છે, મારે આંગણે તમારા જેવા મહારાજા પધારે તો મારી ફરજ છે કે, મારે તમને સ્નેહ-સરીતામાં સ્નાન કરાવવું રહ્યું.

**પીઠદેવ**-જગડુશાહ ! દુશ્મનને પણ મીઠી-મધુરી વાણીથી ઠંડો કરી શકો તેવી કળા તમને વરી છે, તમે બહાદુર છો, તેમ જ વીર છો, તેવા જ ચતુર છો, અને તેવા જ પ્રેમી છો. તમારી જેવા તો મિત્ર બનવા સર્જાયા છે, સિંધુરાજે મને ન ચેતવ્યો હોત તો હું ભૂલ કરી બેસત. પ્રેમથી પ્રેમ જીતાય છે, હું તમારી મિત્રતાની યાચના કરૂં છું.

**જગડુશાહ**-પીઠદેવજી, હું તો સૌ-કોઇનો મિત્ર છું, પ્રાણીમાત્ર તરફ મૈત્રીભાવ દર્શાવવો એ અમારા ધર્મનો મહાન્ સિદ્ધાન્ત છે.

**પીઠદેવ**-હવે આપણે કિલ્લો જોવા જઇશું ને ? મેં તે કિલ્લાની બહુ જ વિખ્યાતી સાંભળી છે.

**જગડુશાહ**-જરૂર મહારાજ. ( પડદો ખૂલે છે. )

**જગડુશાહ**-મહારાજ ભીમદેવનો કિલ્લો તેમાં પૂછવું જ શું ? તે અજેય અને કળામય તેમજ દુર્ગમ્ય છે, મેં તો તેનો જીર્ણોદ્ધાર માત્ર કરાવ્યો છે, જુઓ મહારાજ, આ ગગનચૂંબી કિલ્લો. રક્ષણ માટે આ ચારે બાજુ ખાઈઓ, આ શસ્ત્રાગાર, આ ભોંયરૂં, આ દુશ્મનોને જોવાની છૂપી બારી, આ તેની કારીગરી, આ મજબૂત દીવાલો, આ છૂપાવાની જગ્યા.

**પીઠદેવ**-જગડુશાહ ! આ કિલ્લો ભવ્ય અને કળામય છે, શું તેની કારીગરી છે ! ખરેખર અજેય છે, શત્રુના દાંત ખાટા કરી નાખે એવી ખુબીઓ છે. કોઇ પણ શત્રુને એ કિલ્લો જીતવો એ લોઢાના ચણા ચાવવા જેવું છે. ધન્ય જગડુશાહ, ધન્ય તમારી વીરતા, ધન્ય તમારી ઉદારતા, ધન્ય તમારી નિર્ભયતા. અરે, આ શું ?

**જગડુશાહ**-માફ કરજો મહારાજ, તે તો મારા વચનપાલનનું પ્રતિક કિલ્લાની ભીંતમાં એક ગધેડો અને તેના માથા પર સોનાના શીંગડા મૂકવામાં આવ્યા છે.

**પીઠદેવ**–ઓહ...ઓહ...મને ચક્કર આવે છે, મારી છાતીમાં ગભરામણ થાય છે. લોહીનું દબાણ વધતું જાય છે. ઓહ, આ શું ?

( પડે છે, મૃત્યુ પામે છે. ) [ પડદો પડે છે. ]

*

## પ્રવેશ ૭

( દુષ્કાળની આગાહી )

પાત્રો–જગડુશાહ, રાજ, મુનિમ.

**રાજ**–મોટાભાઈ, આજે આપને આચાર્યશ્રીએ શા માટે બોલાવ્યા હતા ?

**જગડુશાહ**–મેં તમને એ માટે જ બોલાવ્યા છે.

**મુનિમજી**–ખાનગી કામ હોય તો હું બહાર જાઉં.

**જગડુશાહ**–આપણે વળી ખાનગી કામ શું ? તમે તો મારા જમણા હાથ જેવા જ છો. તમારી વ્યવસ્થાશકિત અને પ્રમાણિકતા જોઇને હું ખરેખર ખુશી થયો છું.

**મુનિમજી**–રોટી અને રોજી તો આપની જ મળે છે ને. તમે કરોડો વાપરો તેની વ્યવસ્થાની જવાબદારી મારી છે.

**જગડુશાહ**–ભાઈ રાજ, પહેલું કામ તો એ છે કે મુનિમજીએ વર્ષોથી આપણું કામ પોતાનું સમજીને પ્રમાણિકતા ને કુનેહથી કર્યું છે. મારે તેમની સેવાની કદર કરવી છે.

**રાજ**–આપની ભાવના ઘણી જ સુંદર છે. આપણે ત્યાં એમણે રાત–દિવસ, તડકો–ટાઢ, અસુર–સવાર જોયાં વિના જે અવિરત કાર્ય કર્યું છે તે તો પ્રશંસનીય છે. તેમની પ્રમાણિકતા અને સેવાનો બદલો તેમને આપવાની આપણી ફરજ છે.

**જગડુશાહ**–મુનિમજી, આ ૧૨૫૦૦૦) રૂપીઆ તમને તમારી સેવાના બદલામાં આપું છું. તમારા બન્ને પુત્રોને આજથી આપણે ત્યાં કામે રોકી દઉં છું. આ મહાવીર મહાલય આજથી તમારા નામે કરી દઉં છું. અને તમારી પુત્રી લીલાના લગ્ન માટે રૂા. ૨૫૦૦૦) બીજા આપું છું.

**મુનિમજી**–શેઠસાહેબ, હું આપનો જીવનભરનો ઋણી બન્યો છું. મેં તો આપને પિતાતુલ્ય માન્યા છે. જે કાંઇ મેં કર્યું છે, તે મારી ફરજ સમજી કર્યું છે. આપની યશઃકીર્તિ દશોદિશ પ્રસરો. આપની આ સેવાની કદર તો શ્રીમંતોને દૃષ્ટાંતરૂપ રહેશે.

**જગડુશાહ**–પણ હવે જરા ધ્યાન આપો. હું આજે સવારમાં મંદિરજીમાં પૂજા કરી ઉપાશ્રયે આચાર્યશ્રી પાસે ગયો હતો. તેમણે મને ચેતવ્યો કે ત્રણ ત્રણ વર્ષનો દુષ્કાળ પડવાનો છે. લાખો લોકોના જીવનમરણનો પ્રશ્ન છે. પરમાત્માએ કરોડો આપ્યાં છે. ઉપયોગ રાખીને યોગ્ય કરજો. લાખોના તારણહાર બનશો.

**રાજ**–મોટાભાઇ, આકાશ તો ઘેરાએલું રહે છે. મને તો નથી લાગતું કે ત્રણ વરસનો દુકાળ પડે.

**જગડુશાહ**–રાજ, કુદરતને કોઇ સમજી શકતું નથી. આચાર્યશ્રી તો માત્ર ચેતવણી આપે. તેઓશ્રીએ તો નિઃસ્વાર્થ કલ્યાણ—ભાવનાથી આપણને ઇશારો કર્યો છે.

**મુનિમજી**–અનાજ ભરી રાખવામાં આપણને શો વાંધો છે ? અનાજ ભર્યું હશે ને દુકાળ નહિ પડે તો સારી વાત છે.

**જગડુશાહ**–હું એ જ કહું છું. જાણો છો, ન ધારેલું–ન કલ્પેલું બને છે અને તેમાં કુદરતનો હાથ હોય છે. કયારે શું થાય તે કહેવાય છે ? દુકાળ નહિં પડે એમ માની નિષ્ક્રિય બની ન રહેવાય. આપણે તો સચેત થઇને પાણી પહેલાં પાળ બાંધવી જોઈએ મુનિમજી !

**મુનિમજી**–જી સાહેબ.

**જગડુશાહ**–બને તેટલી ચપળતાથી અને સાવચેતીથી અનાજ ખરીદો. દરેક દેશમાં લાગતા વળગતામાં આપણા બાહોશ માણસો મોકલો અને ખરીદી કરાવો. દરેક જગ્યાએ કોઠારો હોય તો તે પણ ભાડેથી રાખી લ્યો. અનાજ સડે કે બગડે નહિ તેની પણ કાળજી રખાવશો. જેનો માલ લેવો તેને સંભાળવાની જવાબદારી સોંપવી.

**મુનિમજી**–તે માટે આપ જરાપણ ચિંતા ન કરો. હું બધી વ્યવસ્થા કરાવું છું.

**જગડુશાહ**–તમે તો જાણો છો, દુકાળ એક વરસનો નહિ પણ લાગલાગટ ત્રણ ત્રણ વર્ષનો પડવાનો છે. જો આ વાત બીજા વેપારીઓ જાણે તો તેઓ તો લોભવૃત્તિથી સંગ્રહ કરશે ને સંગ્રહખોરી એ તો અધમતા છે. દુષ્કાળ એટલે માનવતાનો નાશ. સ્વાર્થી વેપારીઓ અનાજ સંઘરશે તો લાખો માણસો ભૂખે મરી જશે.

**મુનિમજી**–તે વિષેની જરાપણ ચિંતા ન કરો. હું બધું સંભાળપૂર્વક કરીશ. ( પડદો પડે છે )

# નવા થયેલા સભ્યોના શુભ નામો તથા સહકાર

**પૂ. મુનિરાજશ્રી સુબુદ્ધિવિજયજી** મહારાજ સાહેબની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો.

રૂ. ૧૦૧) શેઠશ્રી હરખચંદ મકનજી — મુંબઇ

રૂ. ૫૧) શેઠશ્રી નાથાલાલ મુળચંદ — મુંબઇ

રૂ. ૫૧) શેઠશ્રી નેમચંદભાઇ વાઘજીભાઇ — મુંબઇ

રૂ. ૫૧) શ્રી જૈન શ્વે. સંઘ — પ્રભાસપાટણ

રૂ. ૨૫) શ્રી પાનાચંદ નેમચંદ — મુંબઇ

રૂ. ૨૫) શાહ વર્ધમાન રતનજી એડનવાલા — પ્રભાસપાટણ

રૂ. ૧૧) શાહ ભીમજીભાઇ હંસરાજ — ,,

રૂ. ૧૧) શ્રી કાંતિલાલ રતનજી — ,,

રૂ. ૧૧) શ્રી મોતીચંદ વસનજી — ,,

**પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી મહારાજશ્રીના** શિષ્યરત્ન પૂ. **મુનિરાજશ્રી મહિમાવિજયજી** મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો નીચે મુજબ.

રૂ. ૫૧) શેઠશ્રી રામચંદ લાધાભાઇ — વેરાવળ

રૂ. ૫૧) વેરાવળ જૈન શ્વે. સંઘ — ,,

રૂ. ૫૧) શેઠશ્રી રમણલાલ પ્રભુલાલ — ,,

રૂ. ૨૫) શેઠ જગજીવનદાસ ઉત્તમચંદ — મુંબઇ

રૂ. ૨૫) શેઠ ફુલચંદ ભીમજીભાઇ એડનવાળા

રૂ. ૨૫) શેઠ ચત્રભૂજ ભગવાનદાસ — વેરાવળ

રૂ. ૨૫) શેઠ ગોરધનદાસ દીપચંદ — ,,

રૂ. ૨૫) શેઠ ચુનીલાલ હીરાચંદ — ,,

રૂ. ૨૫) શેઠ હિંમતલાલ રતનજીની કું. — ,,

રૂ. ૨૫) શેઠ વર્ધમાન ટોકરશી — ,,

રૂ. ૨૫) શેઠ કેશવલાલ ગીરધરલાલ — ,,

રૂ. ૨૫) શેઠ હંસરાજ વીસનજી — ,,

રૂ. ૨૫) શેઠ વંદરાવનદાસ માણેકચંદ — ,,

રૂ. ૨૫) શેઠ અમ્રતલાલ ગોવીંદજી — ,,

રૂ. ૨૫) શેઠ જૈનદાસ રામચંદ વોરા — ,,

રૂ. ૨૫) શેઠ શંભુભાઈ નાથાલાલ એન્ડ કું. — મેંગલોર

રૂ. ૧૧) શ્રી કાંતિલાલ મદનજી — વેરાવળ

રૂ. ૧૧) શ્રી મણીલાલ પોપટલાલ — ,,

રૂ. ૧૧) શ્રી ગલાલચંદ ગોવીંદજી — ,,

**પૂ. મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી** મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો.

રૂ. ૨૫) શ્રી ધર્મનાથ જૈન પેઢી — વીસલપુર

રૂ. ૨૫) શ્રી ફુલચંદ કેશરીમલ — મુંબઇ-૨

રૂ. ૨૫) શ્રી ભબુતમલ ઓટરમલજી — મદ્રાસ

રૂ. ૨૫) શ્રી પુખરાજ છોગમલજી — ,,

રૂ. ૧૧) શ્રી તારાચંદ રાજમલની કું. — મુંબઇ-૩

રૂ. ૧૧) શ્રી કેશરીમલ ધનાજી — વીશલપુર

રૂ. ૧૧) શ્રાવિકા રાજીબેન પરતાબજી — વીશલપુર

**દારેસલામવાળા શ્રી દામોદરદાસ આશકરણ**ની શુભપ્રેરણાથી થયેલા સભ્યોના શુભનામો.

રૂ. ૨૫) શ્રી લાલજી વિશનજી — દારેસલામ

રૂ. ૨૫) શ્રી નંદલાલ ધરમશી — ,,

રૂ. ૨૫) શ્રી રામજીભાઈ કાળા — ,,

રૂ. ૨૫) શ્રી મોતીલાલ જી. દોશી — ,,

રૂ. ૨૫) મેસર્સ સંઘવી એન્ડ કું. — ,,

રૂ. ૨૫) શ્રી બાલચંદ ભગવાજી વોરા — ,,

રૂ. ૨૫) શ્રી હરીલાલ પાનાચંદ મહેતા — ,,

રૂ. ૧૧) શ્રી અમુલખ લાલજી દોશી — ,,

રૂ. ૧૧) શ્રી લવજીભાઇ કાળાભાઇ — ,,

રૂ. ૧૧) શ્રી મોહનલાલ પ્રાગજી કોઠારી — ,,

રૂ. ૧૧) શ્રી પ્રભાશંકર કલ્યાણજી કોઠારી — ,,

રૂ. ૧૧) શ્રી મણીલાલ દામજી કેશવજી — ,,

રૂ. ૧૧) શ્રી ગોવીંદજી એ. ગેલાણી — ,,

રૂ. ૧૧) શ્રી ઓતમચંદ નેમચંદ દોશી — ,,

રૂ. ૧૧) શ્રી છોટાલાલ શીવરામ વ્યાસ — ,,

રૂ. ૧૧) શ્રી નાનજી કાળાભાઇ શાહ — ,,

રૂ. ૧૧) શ્રી પોપટલાલ રવજી દોશી — ,,

રૂ. ૧૧) શ્રી ભોગીલાલ છગનલાલ — ટુકુયુ

રૂ. ૧૦૧) ગણપતિ મલુકચંદ જતરાટકર — નિપાણી

પૂ **મુનિરાજશ્રી લલિતવિજયજી** મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂ. ૨૫) શ્રી છોટાલાલ એમ. શાહ (લલીત બધર્સવાળા) મુંબઇ. પૂ. **પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી મહારાજ**શ્રીના શિષ્યરત્ન પૂ **મુનિરાજશ્રી મહિ-**

માવિજયજી મહારાજશ્રીની શુભ-પ્રેરણાથી

રૂા. ૨૫) જૈન સંઘ-વણી શ્રી રીખવચંદ હાથીચંદ અમલનેરની શુભપ્રેરણાથી

રૂા. ૨૫) જૈન સંઘ ભરૂચ પૂ. મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી

રૂા. ૨૫) નડીઆદ જૈન સંઘ પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી

રૂા. ૨૧) ખીવાન્દી જૈન સંઘ પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૫) વીશાશ્રીમાળી જૈન જ્ઞાતિ સંઘ જામનગર પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજશ્રીની શુભ-પ્રેરણાથી

રૂા. ૧૫) શેઠ કલ્યાણજી સૌભાગ્યચંદની પેઢી પીંડવાડા પૂ પંન્યાસજી તીલકવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૫) શ્રી જૈન શ્વે. સંઘ અહમદનગર પૂ. પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૫) શ્રી શાંતિભુવન જૈન સંઘ જામનગર પૂ. મુનિરાજશ્રી મનકવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી

રૂા. ૧૦) શ્રી સુધારા ખાતાની જૈન પેઢી મહેસાણા પૂ. આચાર્યદેવશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ-પ્રેરણાથી

રૂા. ૧૧) શ્રી જૈન પુસ્તકાલય તેનીવાડા

રૂા. ૧૧) શ્રી પંકજકુમાર સોમચંદ મુંબઇ-૨

રૂા. ૧૧) શ્રી પન્નાલાલ સાંકળચંદ પુનાસીટી

રૂા. ૧૧) શ્રી જયંતીલાલ બી. મહેતા બરબરા

રૂા. ૧૧) શ્રી જૈન જ્ઞાનમંદિર ધીણોજ-પૂ. મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૧) શ્રી જૈન શ્વે. સંઘ દિલ્હી પૂ. મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૧) શ્રી જૈન સંઘ ધોરાજી પૂ. મુનિરાજશ્રી કૈલાસવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૧) શ્રી ભગવાનદાસભાઇ જવાહરપીકચર્સવાળા સીકંદરાબાદ-શ્રી કે. સી. મોદી સીકંદરાબાદની શુભપ્રેરણાથી

રૂા. ૧૦) શ્રી જૈન શ્વે. સંઘ શીનોર પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૦) શ્રી જૈન સંઘ આમોદ પૂ. મુનિરાજશ્રી રોહિતવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૧૦) શ્રી જૈન શ્વે. સંઘ જુનાગઢ પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂા. ૫) શ્રી ગીરધરલાલ દેવચંદ મદ્રાસ

રૂા. ૫) શ્રી જૈન શ્વે. સંઘ હા. શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારી

રૂા. ૫) શ્રી સંભવનાથ જૈન દહેરાસરની પેઢી અમરેલી પૂ. મહારાજશ્રી લલિતમુની મહારાજશ્રીની શુભપ્રેરણાથી

પૂ. આચાર્યદેવાદિ મુનિ મહારાજ સાહેબો તથા શુભેચ્છક બંધુઓની મમતાભરી લાગણીથી જે સહકાર મળ્યો છે એ બદલ સૌના અમે આભારી છીએ.

સંપાદક

# માસિક ટૂંકા સમાચાર

ખંભાતમાં પૂ. આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજશ્રીની શુભનિશ્રામાં પુણ્યશાળી ભાઇ—બ્હેનો ઉપધાન તપની આરાધના કરી રહેલાં છે.

સાવરકુંડલામાં પૂ. આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજશ્રીની શુભનિશ્રામાં આત્માર્થી ભાઇ-બ્હેનો ઉપધાન તપની આરાધના કરી રહેલ છે,

બેંગલોર સીટીમાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં કાર્તિક મહીનામાં ઉપધાન તપ શરૂ થવાનાં છે.

પાલીતાણામાં પૂ. પંન્યાસશ્રી ચરણવિજયજી મહારાજ તથા પૂ. પંન્યાસ શ્રી ભક્તિવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અનેક ભાવુક આત્માઓ ઉપધાન તપની આરાધના કરી રહ્યા છે.

બીલીમોરામાં પૂ. પંન્યાસશ્રી દક્ષવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં આરાધક આત્માઓ ઉપધાન તપની આરાધના કરી રહેલ છે,

હિંગણઘાટમાં પૂ. પંન્યાસ શ્રી સંપતવિજયજી મહારાજશ્રીની શુભનિશ્રામાં આરાધક આત્માએ ઉપધાન તપની આરાધના કરી રહેલછે.

કંબોઇ તીર્થમાં આવતા યાત્રાળુઓ ઉપર ત્યાંની ગ્રામ પંચાયતે ચાર આના ટેક્ષ નાંખવાનો ઠરાવ કર્યો હતો તે સમજાવીને ઠરાવ પાછો ખેંચાવ્યો છે.

શ્રી જૈન શ્વે. કોન્ફરંસના પ્રમુખ શેઠશ્રી અમૃતલાલ કાળીદાસભાઇએ પ્રમુખ તરીકેનું રાજીનામું આપ્યું છે.

પાલણપુરથી કચ્છમાં જવા માટે ડીસા–કંડલા રેલ્વે શરૂ થઈ છે. તેમાં વચ્ચે આપણું પ્રસિદ્ધ તીર્થ શ્રી ભિલડીયાંજી સ્ટેશન આવે છે અને તે સ્ટેશનનું નામ 'ભીલડી' રાખ્યું છે. તો આ અંગે લાગતા–વળગતાઓએ સુધારો કરાવી 'ભીલડીયાજી' એ પ્રમાણે સ્ટેશનનું નામ રખાવવું જોઇએ.

કાર્તિક પુનમ નજીકમાં આવે છે. શ્રી શત્રુંજય ગિરિરાજની શીતળ છાયામાં હજારો યાત્રાળુ આવશે. હજુ ધર્મશાળાઓની કેટલીક ઓરડીઓમાં નિર્વાસીત લોકો રહે છે, તો તે લોકોને ખસેડવા માટે યોગ્ય વ્યવસ્થા થવી જોઇએ.

માંગરોળમાં તપસ્વી બેન જવલબેને ૧૦૭ ઉપવાસની મહાન તપશ્ચર્યા કરી હતી તેનું સુખરૂપે પારણું ભાદરવા શુદિ ૭ ના પવિત્ર દિને થયું હતું. ત્યાંના શ્રી જૈન સંઘે અભિનંદન આપી તપશ્ચર્યાની અનુમોદના કરી હતી.

ઝોટાણા જૈન પાઠશાળા માટે સુસંસ્કારી ધાર્મિક શિક્ષકની જરૂર છે તો અભ્યાસ, ઉંમર વગેરેની હકીકત સાથે આ સીરનામે લખો. શ્રી આત્મારામ અંબાલાલ ઠે. બજાર, ઝોટાણા વાયા મહેસાણા થઇને.

જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પૂનાની શાખાનું સૌરાષ્ટ્ર–જામનગર ખાતે શેઠશ્રી પુલચંદભાઇ પરસોતમદાસ તંબોલીના વરદ હસ્તે ઉદ્ઘાટન થયું છે. ઉદ્ઘાટન વખતે શ્રીયુત પુલચંદભાઇએ સંસ્થાને રૂા. ૫૦૧)ની મોટી રકમ આપી હતી.

ગીરનાર તીર્થના હક્ક અંગે જે એગ્રીમેન્ટ સૌરાષ્ટ્ર સરકારે કરી આપ્યું છે, એ અંગે કેટલાક હિન્દી ભાઇઓએ તકરાર ઉઠાવી છે, બાંધકામ અને સમારકામને મનાઇહુકમદ્વારા અટકાવ્યું છે.

લીંબડી પાસે આવેલા શીયાણી ગામના પ્રાચીન જૈન દહેરાસરના જિર્ણોદ્ધારનું કામ જોસભેર ચાલી રહ્યું છે, પૈસાની જરૂર હોવાથી કમિટીના સભ્યો મહેનત સારી લઇ રહ્યા છે.

Reg No. 4925


## મંગાવો ! લાઈબ્રેરી, પ્રભાવના ઉપયોગી સુંદર પ્રકાશનો:

| | | | |
|---|---|---|---|
| ક્રિયાત્વર | ૧-૦-૦ | ઇલાચીકુમાર | ૨-૮-૦ |
| જીવનની દિશા | ૧-૮-૦ | ભગવાન ઋષભદેવ | ૪-૮-૦ |
| વિક્રમચરિત્ર | ૪-૦-૦ | નરકેશ્વરી વા નરકેસરી | ૪-૮-૦ |
| સિંહાસન બત્રીસી | ૨-૦-૦ | સુંદરીઓનો શણગાર | ૪-૦-૦ |
| પુરીષાદાણી પાર્શ્વનાથ | ૪-૦-૦ | નમસ્કાર મહામંત્ર | ૨-૮-૦ |
| દમયંતી ચરિત્ર | ૭-૮-૦ | શાંતિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ચાચગઢ | ૧-૪-૦ | સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| વસુદેવહિન્ડી | ૧૫-૦-૦ | બાલ ગ્રંથાવલિ પ્ર. શ્રેણી | ૩-૦-૦ |
| જૈનધર્મની પ્રાણીકથાઓ | ૧-૪-૦ | બાલ ગ્રંથાવલિ બીજી શ્રેણી | ૩-૦-૦ |
| શત્રુંજય તીર્થદર્શન | ૧-૮-૦ | બાલ ગ્રંથાવલિ ત્રીજી શ્રેણી | ૩-૦-૦ |
| ભાઇબીજ | ૪-૦-૦ | અમર બલિદાન | ૧-૮-૦ |
| ભગવતિ સૂત્રનાં વ્યાખ્યાનો | ૩-૦-૦ | મહર્ષિ મેતારજ | ૪-૪-૦ |
| મહિયારણુ | ૩-૦-૦ | શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૬-૦ |
| લઘુત્રિશષ્ટિ શલાકા પુરુષ પર્વ ૧ થી ૧૦ | ૧૨-૮-૦ | પાર્શ્વનાથ ચરિત્ર [સચિત્ર] | ૧૩-૦-૦ |
| સ્થુલિભદ્ર | ૪-૮-૦ | તેજપાલનો વિજય | ૧-૦-૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ૫-૦-૦ | હિંમતે મર્દા | ૧-૮-૦ |
| ભાગ્ય-નિર્માણ | ૩-૪-૦ | જવામર્દ ભા. ૧-૨ | ૨-૮-૦ |
| દેવકુમાર | ૩-૦-૦ | સમરાદિત્ય કેવળી ચરિત્ર | ૫-૦-૦ |
| વીરધર્મની વાતો ભા-૧ લો | ૨-૮-૦ | પવિત્રતામાં પ્રભુતા | ૫-૦-૦ |
| સોળ સતી | ૩-૦-૦ | નીતિ કથાઓ ભા. ૧. ૨. | ૨-૦-૦ |
| મહાદેવીઓ | ૩-૮-૦ | મત્સ્યગલાગલ | ૪-૮-૦ |
| ભગવાન મલ્લીનાથ | ૨-૮-૦ | આબરૂની ભિતરમાં | ૩-૦-૦ |
| પ્રેમભક્ત જયદેવ | ૪-૦-૦ | સુભદ્રાદેવી | ૪-૦-૦ |
| અભયકુમાર | ૩-૦-૦ | શીલની આદર્શ કથાઓ | ૪-૮-૦ |
| જગડુશાહ | ૩-૦-૦ | ગૂર્જરેશ્વર કુમારપાળ ભા. ૧-૨ | ૯-૦-૦ |
| ચંદનબાળા | ૩-૦-૦ | દીલ્હીશ્વર | ૪-૮-૦ |
| ડગમગતું સિંહાસન | ૪-૦-૦ | પારકા ઘરની લક્ષ્મી | ૩-૮-૦ |
| દેવદૂષ્ય | ૨-૮-૦ | કંચન અને કામીની | ૩-૦-૦ |
| શ્રીપાળ કુમાર ચરિત્ર | ૩-૮-૦ | માદરે વતન | ૩-૦-૦ |
| ગૂજરાતનો મહાન સુવર્ણયુગ | ૫-૪-૦ | ગઇ ગુજરી | ૧-૮-૦ |
| કથા રત્નકોષ | ૧૦-૦-૦ | તીર્થરાજ આબુ | ૫-૪-૦ |
| તીર્થંકરચરિત્ર | ૬-૮-૦ | નેમનાથ અને કૃષ્ણ | ૨-૦-૦ |
| મલયાસુંદરી | ૪-૦-૦ | મેવાડનાં અણમોલ જવાહિર | ૮-૦-૦ |

રૂ. પચાસ ઉપરાંતનો માલ મંગાવનારને સવા છ ટકા કમીશન મળશે લીસ્ટ મંગાવો !

**સોમચંદ ડી. શાહ** ઠે૦ જીવન નિવાસ સામે— **પાલીતાણા** [સૌરાષ્ટ્ર]


મુદ્રક: ગીરધરલાલ જગજીવન શેઠ, કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ:—પાલીતાણા.